શ્રી

# સતી સુલોચના

## ગદ્યપદ્યાત્મક ત્રીઅંકી

## નાટક.

શ્રીમન્ત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રીત

મર્હુમ સાક્ષર ઝવેરી ડાહ્યાભાઇ ધોળશાજી સ્થાપિત

**શ્રી દેશી નાટક સમાજને માટે**

રચી-છપાવી-પ્રસિદ્ધ કરનાર,

ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.

અમદાવાદ.

આવૃત્તિ ૧ લી          પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦          સને ૧૯૧૪

કિમ્મત રૂ. ૨-૦-૦

શ્રી

# સતી સુલોચના

## ગદ્યપદ્યાત્મક ત્રીઅંકી નાટક.

શ્રીમન્ત ગાયકવાડ સરકાર સયાજીરાવ મહારાજાશ્રીત

મહુંમ સાક્ષર ઝવેરી ડાહ્યાભાઈ ધોળશાજી સ્થાપિત

**શ્રી દેશી નાટક સમાજને માટે**


રચી-છપાવી-પ્રસિદ્ધ કરનાર,

**ઝવેરી ચંદુલાલ દલસુખરામ ધોળશાજી.**

અમદાવાદ.



આવૃત્તિ ૧ લી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪

કિંમત રૂ. ૨—૦—૦

અમદાવાદ—પાનકોરના નાકે
મનહર પ્રિન્ટિંગ પ્રેસમાં
મોતીલાલ ગણપતરામે છાપ્યુ.

ॐ श्री परमात्मने नमः

# સતી સુલોચના

## નાટક.

( સ્તુતિ. )

**સુત્રધાર-નટીઓ—**

ત્યાગી રાજ્ય લક્ષ્મી લક્ષ્મી જનક વચાર્થ જન કવચાર્થ
વારિ વારિ નીધિ લઘી બાંધી પાજ
ચદ્ર ચુડ ચંડકોદડ કીધ અખડ ખડ ખડ
અસુર ચમૂ ઉદંડી દંડી કઠ દશ ઘમંડી ખડી
ધર્મ શર્મ શાંન્તિ રાજ સ્થાપી સર્વ સુર સમાજ
સુરભી સુરભૂ ભુમી માત શાન્ત કીધ અવધરાજ
અજ અજર અમર અપાર અજ કુમારના કુમાર
અજ સ્વરૂપ નિર્વિકાર અજબ નાટય સુત્રધાર
સીતા રામ આત્મપ્રાણુ રામચંદ્રપદ પ્રણામ.

---

**સુત્રધાર—**આર્ય બાળાઓ ! મારો વિચાર આ શ્રી નવિન નાટય રંગ ભુમિ ઉપર " સતી સુલોચના " નામનો નાટય પ્રયોગ ભજવી બતાવવાનો છે.

**૧ બાળા—**મહારાજ ! તે સાથે રાવણુ, ઇદ્રજીત જેવી અહંકારી વિભુતીનું પણુ યથાર્થ દર્શન થશે

**સુત્રધાર—**હા અહંકાર દુરાચાર અને વ્યભિચારથી કેવુ પરિણુામ આવે છે તેનુ પણુ જનસમાજને દર્શન મળશે.

**૧ બાળા—**ઘણોજ સારો વિચાર. સતી સુલોચનાનું જીવન ચરિત્ર જનસમાજ ઉપર સારી રીતે અસર કરશે કારણુ કે પતિ પરાયણુા સાધ્વીએ પોતાના મનને વશ રાખી બોધ આપ્યો છે કે—

ગાયન.

નટીઓ—

અરે મન વૃથા વિચારો કરે, હોય જે ધાર્યું વિશ્વાંભરે
આપ ચિંત્યુ અદ્ધરથી ટળે, અચિંત્યું આગળ આવી મળે
રામચંદ્ર મહારાજ અવધ રાજ્યાસનપર પગ ધરે
હરિ ઈચ્છાએ નરહરી સરખા તજી રાજ્ય વન ફરે—હોય
સીતા સરખી સુભાગ્ય લક્ષ્મી મૃગ માયામાં પડે
કનક કુરંગે ચર્મને વશ થઈ, રાવણ કાંધે ચડે—હોય
જેનાથી નરનાગ સુર યમરાજ સરીખા ડરે
એવો લંક અધીશ શીશ દશ તુચ્છ કીશથી મરે—હોય

# અંક ૧ લો.

## પ્રવેશ ૧ લો:

સ્થળ—હિમાલય પાસે આવેલું અપ્સરાઓનું કૈલાસ વન.
પાત્ર—વેદવતી. રંભા, મેનકા, ઉર્વશી વિગેરે.

વેદવતી— ( ૧ )

આ...........અલખ........અગમ........આપ........
ગુણ.........ગણ અગણિત ગણવા....રસના
રટત રટત હારે, મન શુ વિચારે બુધ્ધિ પણ હારે
આસુરી.............. ..
રવિ પ્રકાશ તમ અંધ વરણે નાજ
તરશ ચાતક બુજાવે
ઘન વરષાએ, સ્નેહ વૃષ્ટી કરી, ભાવેરી ...
આ...............અલખ............અગમ........આપ.

( અપ્સરાઓ નાચ સાથે ગાતી ગાતી પ્રવેશ કરે છે —)

## ગાયન.

( ૨ )

**રંભા—મેનકા—ઉર્વશી—અપ્સરાઓ—**

ખીલી યૌવન વસંત ફુલવાડી
પ્રફુલ્લ વેલી ખાલી હાં ખાલી
પ્રીતમ આલી જો આલી ..................ખીલી.
ચુમી રસીયો રસીક આ રસાળી
હરખી ગુંજે આ આમ્ર પુષ્પ ડાળી
જોતાં પ્રગટે અનંગ અંગ આલી
પ્રીતમ પાસ રતિ વિલાસ ન ધરી આશ ચાલી
વદન ચંદ્રથી ચંદ્ર કળાને લજાવતી શરમાળી
ચર્ણુ નુપૂર સ્વર સાદની પ્રીતમ ભાગ્યશાળી.
રે આલીજા ચાલી જઈ ભેટ ભાગ્યશાળી.

**રંભા**—સખી ! આ પૂન્ય પવિત્ર આર્યાવૃત્તનુ સર્વ પ્રકારે રક્ષણુ કરનાર તેમજ સૃષ્ટિના અનુપમ સૌદર્યને વધારનાર, આ હીમાલય પર્વત, તેના ઉપર સ્ફાટીકના શ્વેત કલસ સમાન શોભીતું સાક્ષાત પાર્વતી-પતિ શંકરનું નિવાસ સ્થાન કૈલાસ શીખર અને તે ઉપર આ પણ સ્વર્ગની સુરાંગનાઓને વિહાર કરવાનું આ ક્રીડાવન.

**મેનકા**—વાહ ! વાહ ! શુ અનુપમ ઉપવન ? ! ! અને તેમા પણુ વળી આ વસંત રૂતુ સર્વોત્તમા

**ઉર્વશી**—અહા ! કવું આ શીતળ હીમથી ભરેલુ હીમાલયનું શ્વેત શીખર ?

**રંભા**—અને તેવીજ આ મંદાકીની સ્વર્ગંગાની શ્વેત ધારા!

**મેનકા**—અને તેવોજ આ શુકલ પક્ષની પૂણીમાનો શ્વેત ચંદ્રપ્રકાશ !

**ઉર્વશી**—અને તેવુજ આ વિધ વિધ પુષ્પ પરાગથી શ્વેત થયેલું આ પણુ સુરાંગનાઓનું ક્રીડાવન.

**રંભા**—અહા !

“ પપનસ પલાસ પાટલ પ્રિયાળ
ચંપક કદમ કેતકી તમાલ
સુંદર કરેણુ મંદાર સાર
પ્રિયકર અશોક મનશોક હાર ”

**મેનકા**—રે નીહાળ આલી—

લતા લલિત આ પવનથી ચુંબીત દીસે પ્રકંપિત
પરાગ અંગે ધરી ઉમગે પ્રસન્ન કળીથી કરે મૃદુ સ્મિત.

**રંભા**—તરૂણુ બાળા લલિત લાલા સંગાથ શ્રૃગાર રસેથી રંગીત
કહે તું હેલી આતે શું વેલી કેશું અલબેલી મદનથી મડિત.

**ઉર્વશી**—આ ચંપ કળીશું વિયોગી અલીને વિદારવાને શું જોતી હોશે ? ?
પ્રવાસી પંથી પ્રજાળવાને મદન દીપકની શું જ્યોતી હોશે

**રંભા**—આ કેતકી પત્ર થઈને કરવત વિયોગી જનના હૃદય શુ ચીરે ?
ને અગ્ર કટકથી વીધે આ તન મદન મહારથ આ પત્ર તીરે

**મેનકા**—આ જો દાડીમ ફળ આ બેઉ સ્તન ફળનુ સ્થાન લેવા દીસે શુ કરતાં
ધરી કઠીણુ તપ સહે શોર આતપ જો ઉંધે મસ્તક દીસે લટકતાં

**ઉર્વશી**—સખી! ઉર્વશીનું રૂપ લાવણ્ય તો જો, પુર્ણ તારૂણ્ય ખીલ્યું છે
છતા હજી મુગ્ધા હોયની તેવી દેખાય છે.

**મેનકા**—સખી! ચંદ્રવંશ પૂન્ય પવિત્ર મહારાજ પુરૂરવાને તેં આ મુગ્ધા પણાથીજ લોભાવ્યા હશે ?!

**રંભા**—અને તેં ગાધીપુત્ર રાજર્ષી વિશ્વામિત્રને આ નવ યોવનરૂપ લાવણ્યથીજ તપથી ડોલાવ્યા હશે.

**ઉર્વશી**—અને સખી રભા તેં પણુ બાળયોગી શુકદેવને આ રીતેજ સમાધી યોગે ભંગ કર્યા હશે ? !

**મેનકા**—અહા ! સખી જો તો જો, જેની ચર્ણ રજથી આકાશ છવાઇ ગયું છે અને ચદ્ર ઝાખો દેખાય છે એવુ આ કોનુ સૈન્ય સ્વર્ગ માર્ગે જાય છે ?

**રંભા**—અરે હા ' હા ' એતો લકાનો રાક્ષસ રાજા રાવણુ, દસે દીશાઓ ઉપર પોતાનો દીગ્વિજય કરી હવે સ્વર્ગપતિ ઇંદ્રને જીતવા જાય છે.

**ઉર્વશી**—અહા' મહાદેવ શંકર અને બ્રહ્માના વરદાનથી ઉન્મત થયેલો રાજા આખા બ્રહ્માડને ત્રાસ ત્રાસ આપી રહ્યો છે. અરે યમ-વરૂણુ વાયુ-અગ્નિ અને કુબેર જેવા મહાન દેવો પણુ તેનાથી ત્રાહી ત્રાહી કરી રહ્યા છે.

**રંભા**—સખી! ઘણુ કરે તે થોડા માટે, એ અતી અહંકારીનો અહંકાર હવે ઝાઝો વખત ટકી શકે તેમ નથી.

**મેનકા**—કેમ વારૂ ? !

**રંભા**—દેવગુરૂ બ્રહસ્પતિ સહીત કમળાપતિ વિષ્ણુ ભગવાન પાસે તે પાપીને યોગ્ય શીક્ષા દેવાની પ્રાર્થના કરવા ગયા હતા.

**ઉર્વંશી**—પછી કમળાપતિએ શુ કહ્યું ?!

**રંભા**—કમળાપતિએ કહ્યુ કે સૂર્યવંશમાં પ્રસીધ્ધ એવા મહારાજ દશરથને ત્યાં હું પુત્ર તરીકે જન્મ લઇ તે પાપી રાક્ષસોનો સંહાર કરીશ.

**ઉર્વંશી**—ત્યારે તો મહારાજ દશરથે પૂર્વે કઠીણુ તપથી પ્રભુને પ્રસન્ન કરી ભગવાન વિષ્ણુ જેવો પુત્ર માગ્યો હતો તે તેમની આશા સફળ થશે.

**મેનકા**—હા, પણ ભગવાન વિષ્ણુ દશરથને ત્યાં જન્મ લે તે કામમાં યથાશક્તિ આપણે પણ ભાગ લેવો પડશે.

**ઉર્વંશી**—તે શું ?!

**મેનકા**—મહારાજ દશરથ પુત્રરહીત હોવાથી કુળગુરૂ વશીષ્ટ તેમને પુત્ર કામેષ્ટી યજ્ઞ કરાવનાર છે ને તે યજ્ઞમા મહર્ષી એકલશૃંગીને તેડાવી તે પૂર્ણ બ્રહ્મચારીને કન્યાદાન દેઇ ગૃહસ્થાશ્રમી બનાવનાર છે.

**ઉર્વંશી**—પણ તે પૂર્ણ તપસ્વી બ્રહ્મચારી ગ્રહસ્થાશ્રમી થશે કેમ ? સંસારની લાલચમાં લપટાશે કેમ ?

**મેનકા**—તે માટે મહારાજ ઇંદ્રરાજે આપણી યોજના કરી છે અને સખી રભાને આજ્ઞા થઇ છે કે તારે સર્વ અપ્સરાઓ સાથે રૂસ્યસ્ંગના આશ્રમમા જવુ અને તેમને તપથી ભગ કરવા.

**ઉર્વંશી**—કેમ સખી રંભા?

**રંભા**—હા, મને ઇંદ્ર મહારાજ તરફથી એ આજ્ઞા થઇ છે અને હવે આપણે ત્યા જવુંજ જોઇશે.

**મેનકા**—અહો સખી જો તો જો, આ કોઇ તપસ્વીની યોગીની એકાન્તમા યોગ સાધના માટે બેઠી હોય તેમ લાગે છે.

**ઉર્વંશી**—ત્યારે આવો આપણે આપણા ગીત સંગીતથી તેના ધ્યાનમાં ભગ કરીએ.

**રંભા**—પણ તે મહાદેવી કદાચ ક્રોધથી આપણને શ્રાપ દેશે તો?

**ઉર્વંશી**—ઇંદ્રદેવ આપણા શ્રાપનું નિવારણ કરતા આવ્યા છે અને કરશે.

**રંભા**—પણ નાહક તેના તપમાં વિઘ્ન કરવાથી શું લાભ?

**મેનકા**—મોજ કે એના મનનો શું નિશ્ચય છે તે જાણી લઇએ.

## ગાયન.

( ૩ )

**રંભા-મેનકા-ઉર્વશી-અપ્સરાઓ.**

રે શુ વિચારી બાળા, જપે તુ જાપ માળા
શેસુકોમળા શરીરે, સહે સતાપ જવાળા
ત્યાગી અમ્બર રૂપાળા, આવાધામ્બર સુહાય
તન કુસુમ કમળ શૈયા, પાષાણુ પર ધરાય
વિમળ ચંદ્ર વદન ઘેરાયું, શીર કેશ મેઘ માળા
ધરી કાશાયામ્બર બાળ રવિ સ્તન ધન છુપાવ અરૂણાળા
ઘસી કુશ કટી સુત્રે કદળી જઘા અધીકલાલ કીધ બાળા
શુ સતી વર વરવા શીવ શીવ કરવા રતિવરે શું રતિ વરવા
શીત આતપ ધરતી સહે જ્યમ ધરતી આ તપ ધરતીબાળા
રતિ દમની ક્યમ દમતી દીલ દમથી હે રતિશાળા.

**વેદવતી**—( જાગીને ) અહો ! દેવપુજ્ય સુરાઙ્નાઓ શા માટે તમોએ મારા ઇશ્વર આરાધનમા વિઘ્ન નાખ્યુ ?

**રંભા**—અહો તપસ્વી કુમારીકા ! તને વિઘ્ન કરવાનો અમારા મનનો આશ્રય ફકત એજ કે તુ કોણ ? કોની પુત્રી ? અને કીયા કારણથી આવુ મહાન તપ ધારણ કરી રહી છો ?

**વેદવતી**—શ્રીમાન દેવગુરૂ બ્રહસ્પતિ મારા પીતામહ થાય છે અને તેમના પુત્ર કુશધ્વજની હુ પુત્રી છુ, પાપી રાક્ષસોએ અકાળે મારા પિતાનો નાશ કર્યો અને તેથી મને આ અસાર સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો, ત્યારથી હુ તપ કરી પ્રભુને પ્રસન્ન કરવા ઇચ્છુ છુ

**રંભા**—પ્રભુ પ્રસન્ન કરી શુ મેળવવા ધાર્યુ છે વારૂ ?

**વેદવતી**—ભગવાન વિષ્ણુ જેવા સ્વામી

**રંભા**—જે કાર્ય મહાન મોટા રૂષી મુનીઓને દુર્લભ તે તને સુલભ શી રીતે થશે વારૂ ?

**વેદવતી**—મારા મનનો દ્દઢ સકલ્પ છે, મારૂ એકનીષ્ટાયુક્ત ઉગ્ર તપોબળ છે તો અવશ્ય પ્રભુને મેળવીશ અને આ સસારના મહાન દુ:ખમય બધનથી છુટીશ

**રંભા**—સંસાર શુ દુઃખકર છે ? અરે સસાર અને તેમાં વળી ગૃહસ્થાશ્રમ જેવુ સુખ તો બીજુ કાંઈ નથી.

**વેદવતી**—મને તો સસારમા ચારે તરફ દુખજ દેખાય છે. માટે જન્મભર કુંવારી રહી મોક્ષ મેળવીશ અથવા ભગવાન શ્રી કમળાપતિના ચરણની સેવા મેળવીશ

**રંભા**—અરે બેન આ તારી કેવી ગાડી વાત છે ?
મનુષ્યોએ ચાર આશ્રમમા સૌથી મુખ્ય ગૃહસ્થાશ્રમજ માન્યો છે, જો સાભળ—

### ગાયન.

### ( ૪ )

**રંભા-મેનકા-ઉર્વશી-અપ્સરા-વેદવતી—**

રભા—પૂર્ણ રતિ રસ પ્રવીણ વિચિક્ષણ તરૂણ લલિત વરસંગે
ભોગવ ભોગ સુભાગ્યવતી કયમ કષ્ટ સહે અતિ અગે
વેદવતી-રતિ રસ એ અવગતિનું કારણ ભોગ કરમના ભોગે
અક્ષય સુખથી કેમ અટકીએ ક્ષણિક વિષય સુખ યોગે
રભા—કનક કળશ સ્તન અમીરસ ભરપર સ્વેદતણા અભિષેકે
રંગ ભીના રસીયા વરને રસ સ્નાન કરાવ વિવેકે
વેદવતી-રસીયા નહીં ઓરસીયા જેવા પુરૂષ હૃદયના પ્હાણા
તેને રતિ રસ પ્રવીણ વિચિક્ષણ કહે સખી સમજી શાના
ઉર્વશી-અગો અગ અભિન્ન રગા વળી પ્રાણ અભિન્ન થયા છે
અધર સુધારસ પાન કરી દ્વય જીવન સ્થીર રહ્યાં છે
વેદવતી-અગો અગ મળ્યા કદી તો શું કીચડ કીચડ સાથે
આલિગનને અધર સુધા તે વિષના બીજ બધા છે
મેનકા-જેણે જન્મ ધરી જગ ઉપર, જોબન સુખ નવ માણ્યું
તેનો જન્મ અકારથ પશુસમ, તેનુ જીવન માનુ
વેદવતી-જગત ઉપરના જે જીવ તેને પિતા પુત્ર પરમાણુ
મન વરશે કદી એક પતિ તો કમળાપતિ વરવાનુ.

**રંભા**—અરે વાહરે વાહ ! તારી આશાના મહેલ તો આ હીમાલયના કૈલાસ પર્વતના શીખર કરતા ઉચ્ચા દેખાય છે ને શુ ?

**ઉર્વશી**—હા, જુવોને એને તો ભગવાન કમળાપતિ વિષ્ણુ સાથે વરવું છે.

**મેનકા**—ત્યારે એને તો વૈકુંઠની મહારાણી થવુ છે?

**અપ્સરા**—અરે હા હા, એને તો ભગવાન વિષ્ણુ દેવની અર્ધાગના થવું છે.

**રંભા**—ઠીક ઠીક, એમ ને એમ આશા રાખી બેસજે, કમળાપતિ પ્રભુ મળશે તને પેલે ભવે.

**વેદવતી**—તથાસ્તુ.

" તથાસ્તુ વાણી સીધ્ધ હો તમારી
આ જન્મ બાળા રહું હુ કુંવારી
પેલે ભવે વિષ્ણુ પતિજ પામું
ત્રિવિધ તાપો તનના વિરામું "

**મેનકા**—ચાલ ચાલ સખી એ વાતમા તો કંઇએ માલ નથી.

**ઉર્વશી**—સખી જો જો આશ્ચર્ય ! આશ્ચર્ય !

**રંભા**—હેં હેં ! અલી શું છે એવું કૌતક ?

**ઉર્વશી**—જો જો કોઇ મહાન દીર્ઘ કાય રાક્ષસ આપણા તરફ દોડી આવે છે. જાણે એજ પાપી રાજા રાવણ હોય નહિ એવો તેનો મને ભય લાગે છે.

**રંભા**—સખી ! ચીંતા નહિ, રાવણ હોય તો તેથી શુ ? આપણ દીવ્ય સિધ્ધીવાળી અપ્સરાઓને કોઇથી પણ ડરવાનું કારણ શું ?

**અપ્સરા**—અરેરે બાપ મને તો બહુજ બીક લાગે છે.

**રંભા**—ઠીક તો તમે સર્વ એક બાજુએ થાવ, હું તે પાપીને યોગ્ય ઉત્તર આપી તમને આવી મળું છું.

**રાવણ**—(પ્રવેશીને) હે વિરાગ્ના સુરાંગ્ના ! હું રાક્ષસેશ્વર લંકપતિ છત્રપતિ સકળ મહીમંડળ નૃપતિના મણીમંડીત મુકુટને, મારી આ પ્રચડ ભુજદન્ડ ચંડીથી ખંડીત કરનાર સકળ યક્ષ રાક્ષસ નર નાગ કીન્નર પર વિજય કરી દેવેંદ્ર ઇંદ્ર સાથે યુધ્ધ કરવા સ્વર્ગે જતાં મે આ અપ્સરાઓના વિલાસ વનમાં પ્રવેશ કર્યો અને તેથી હું લંકેશ્વર રાવણ અજીતવીર તે આજે કામદેવના અસહ્ય પ્રહારથી જીતાયો છું.

**રંભા**—વાહ ! રાક્ષસરાજ આજ તમારૂં પરાક્રમ કે ? ! આજ આપના બળ પુરૂષાર્થનુ દર્શન કે ? સકળ મહી મંડળ ઉપર દીગ્વિજય

કરનાર લંકેશ્વર હોઇ એક અપ્સરાથી, અરે એક અબળા સ્ત્રી વારાંગનાથી આશ્રય માગો છો ! કામદેવના એક પુષ્પ ભરના મારથી આટલા ભયભીત થઇ ભાગો છો! વાહ એ કેવું નીંદવા યોગ્ય કામ ?

શવણ—પ્રેયસી રંભા, આ વિલાસવનની સુંદરતાએ હીમગીરી ઉપર રચાયેલા બગીચાએ તારા જેવી રૂપ લાવણ્યવતી સ્ત્રીની શરીર શોભાએ એમ અનુકુળ સંજોગો આવી મળતાં હું અજીતવીર પણ કામથી જીતાયો છું સુંદરી ! ફકત એક તારાજ ચરણુના આશ્રય નીચે આવ્યો છું.

રંભા—રાક્ષસરાજ ! જોકે હું અપ્સરા છું, મારી ઇચ્છા પૂર્વક હું દીવ્ય પુરૂષો સાથે હું વિલાસ કરૂં છુ તો પણ હમણાં હું તમારી પુત્રવધુ તરીકે છું, પુત્રવધુ તરફ પિતા તુલ્ય વડીલે નીચ દ્રષ્ટી કરવી તે રાક્ષસ વંશનો કુલાચાર હોય તો ભલે.

શવણ—વારાંગના ! તું વેશ્યા હોઇ કઇ રીતે મારા પુત્રની સ્ત્રી થાય છે?

રંભા—તમારા સગા બંધુ ધનપતિ કુબેર તેના પુત્ર નળ કુબેરને મેં અત્યારે ઇચ્છાપૂર્વક પતિ માન્યા છે અને તેમના શુભ સમાગમની ઇચ્છાએ અત્યારે હું અભિસારીકા થઇ તેમની પાસે જાઉં છુ, અપ્સરા છતા પણ હું તમારી પુત્ર વધુ કહેવાઉં છું, પુત્રવધુ ઉપર અત્યાચાર કરવો યોગ્ય નથી.

શવણ—વેશ્યા જે વારાંગના તેને પતિ કેવા ? આ તારા શબ્દો તો મારા ભુજપાસમાંથી છુટવાના છે વ્યર્થ બ્હાના જેવા, તેથી આ લંકેશ્વર ડરશે નહી, નીકળ્યુ જે વચન મોંથી તે ફરશે નહી. રંભા બોલ ફરીથી કહુ છું કે મને તારો આશ્રય આપ.

રંભા—લંકેશ્વર મને લાગે છે કે તમારૂ સર્વ માથે ચઢી આવ્યું છે પાપ.

શવણ— જેણે કૈલાસને ઉઠાવ્યો ભુજ પાસ માહી
જેણે નર નાગને યક્ષ કીન્નર વશ છે કર્યા.
જેણે દશ શીશ દીધ ઉમીયાના ઇશને
જેણે વરદાન બ્રહ્મદેવથી ઘણાં વર્યા.

રંભા— આપ મુખે આપણી વડાઈ બોલનારની
વડાઈ સાથે વર્ષો છે પાણીમા પરવર્યાં
એવો તું બાહુબળી બાણુવળી મહાબળી.
અબળાનું શરણુ ચાહે, પરાક્રમ તુજ કયા ધર્યા ?

**રાવણ—**અપ્સરા ! અહી તુ એક બ્રહ્મની નીચ નફટ નવ કામની કામિની લવતી શું વીર લંકપતી પ્રતિ જહીં તહી કરતી ફરતી પતિ.

**રંભા—**અસ નીચ અને ઉંચ તે કરણીથી સમજાય, છે જાત અને કુજાતની પરીક્ષા માત્ર વચનથીજ થાય છે.

લંકપતિ ! હું સ્ત્રીજાતી નીચ ખરી પણ પૂર્ણ પવિત્ર દેવ પુરૂષોની સહેવાસી છું. જેથી હુ સ્ત્રી અધમ જાતી છતા વારાગના શ્રેષ્ટ સ્ત્રી ગણાઉં છું અને તું ઉત્તમ બ્રાહ્મણ જાત થઇ બ્રહ્મ કુળમા ઉત્પન્ન થઇ મહા ઘોર દુરાચાર અને અબળા જન ઉપર અત્યાચાર કરવાથી બ્રાહ્મણ છતાં પણ બ્રહ્મ રાક્ષસ ગણાય છે, નીચમાં નીચ મહા અધમ મનાય છે.

**રાવણ—**ચુપ દુષ્ટા દુર્મતિ, હમણાજ તારા કેશ ખેંચી મારી ભુજાના પાસમાં તને દાબું છુ, તારી વીશેષ બકતી જીભને જો આ મારા તીક્ષણ હથીઆરથી યોગ્ય શીક્ષા આપુ છું.

**રંભા—**દુરાત્મા ! હુ અંતરીક્ષમા દીવ્ય ગતિ કરનારને તું નીચ લપટ વિષયાન્ધ શુ કરનાર હતો ? ચાલ દુર થા, નહીતો શ્રાપથી બળી ભષ્મ થઇશ.

**રાવણ—**હા શ્રાપ ! સ્ત્રી રંડા કુલટાનો શ્રાપ ! અરે તે આ વજ્ર કાયને ? આ રાક્ષસેશ્વરના લોહ પીંજરને ?

**રંભા—**હા શ્રાપ અને તે એજ કે આ રીતે તે ઘણી નિર્દોષ સ્ત્રીઓ ઉપર અત્યાચાર કર્યો છે, તો હવેથી કોઇપણ સ્ત્રી કે જેની તારી ઉપર પ્રીતિ નહી છતા તું તેના ઉપર બળાત્કાર કરીશ તો નકીજ સમજજે કે તેજ વખતે આ તારી વજ્રકાય આ લોહ પીંજર મારા શ્રાપાગ્નીથી બળી રાખ થશે, દુરાત્મા આ તારો દુષ્ટાચાર દેવરાજ ઇંદ્રને જાહેર કરૂછુ. અવસ્ય તે તને યોગ્ય શીક્ષા આપશે. ( રભા ચાલી જાય છે )

**રાવણ—**અહો ગઇ ગઇ, દુષ્ટા એકાએક ચાલી ગઇ. ( વેદવતીને જોઇને ) નહી નહી ભિન્નવેષ ધારી બેઠેલી રડા આ રહી તે.

**વેદવતી—**અહો કોણ છે તુ ચંડાળ ! મારા પ્રત્યે તપસ્વીની બ્રહ્મકુમારી પ્રત્યે અપ્સરાનો ખ્યાલ ?

**રાવણ—**તપસ્વીની બ્રહ્મકુમારી કોની કુમારી તું ! પૂર્ણ યોવન ખીલી આવ્યા છતાં કેમ રહી છે હજુ કુંવારી તું. ?

**વેદવતી**—અહા ! દુષ્ટાત્મા તુ લંકાનો મહા મદોન્મત બ્રહ્મકુલોત્પન્ન રાક્ષસ રાજા રાવણ છે, મેં તારી દુષ્ટ બુધ્ધિ પ્રથમથીજ જાણી છે.

**રાવણ**—તો આવ, તપસ્વીની આ તારી તપથી જરજરીત કાયાને શાન્તી દે. આવ આવ, તું મારા વિશાળ અંકના સુખાસન ઉપર બેશી વિશ્રાન્તીલે.

**વેદવતી**—પાપાત્મા ! હું દેવગુરૂ બ્રહસ્પતીની પૌત્રી હોઇ પિતા કુશધ્વજની પુત્રી છું, મારા નિર્દોષ પિતાને મારનાર પાપી રાક્ષસ વંશનો નાશ કરવાનેજ હું આ પૃથ્વી ઉપર અવતરી છું.

**રાવણ**—અહો, ગંભીર મહાસાગરને પૂરવાની ઇચ્છા કરનાર એક ટીટોડી? હીમાલય જેવા મહાન ગીરિવરનો નાશ કરનાર એક મકોડી ?

**વેદવતી**—નહી, તારા જેવા મદાન્ધ દાનવ કુંજરના કાનમા પેશી તેને તરફડાવી મારી નાખનાર એક કીડી

**રાવણ**—કહે, કોની મદદથી તું રાક્ષસ વંશનો નાશ કરીશ ?

**વેદવતી**—મહારાજ કમળાપતિ વિષ્ણુની મદદથી હું સમસ્ત રાક્ષસ વંશનો વિનાશ કરીશ.

**રાવણ**—વિષ્ણુ ? કોણ વિષ્ણુ? તે સ્વર્ગનો દેવ ! લક્ષ્મીનો દાસ ! બોલ તારે તેનાથી શું સબંધ ?

**વેદવતી**—અરે વિષયાન્ધ, વિષ્ણુના સબંધને પણ તું જાણતો નથી? સર્વ જગતના પિતા છે, મારા તે પરમ્ પૂજ્ય સ્વામી છે.

**રાવણ**—એવા એક નીદ નાકામ પુરૂષને પરણવા તુ આ તપ કરે છે? નહીં નહી, અરે તે દાનવારી કરતા હુ લંકેશ્વર દીગંત વિજ્યી હજાર દરજ્જે શ્રેષ્ટ છું, માટે મારો પ્રેમ સ્વીકાર અને એવા એ તુચ્છ દેવથી તારો મોહ ઉતાર.

છંદ.

**વેદવતી**—ચુપ કર ન નીંદા દેવની એ મારા સ્વામિનાથ છે,
જીવન મરણ સૌભાગ્ય સુખ મારૂ પ્રભુના હાથ છે,
તુ તુચ્છ છે પ્રભુ પાસ તે ત્રણ લોકના શ્રીનાથ છે,
પામર ।પશુ જીવતુ સ્વયંભુ શ્રીહરિ સાક્ષાત્ છે,
**રાવણ**—રંડા સ્તુતિ શું અરિની કરે છેદીશ જીવ્હા વળી શીરને,
**વેદવતી**—આવાં ગરીબો કંઇ મારીને લંકાતણી લક્ષ્મી વધારી તે,
તે પૂણ્ય તારૂ સૌ નાશશે મુજકાજ તારૂં કુળ નાશશે,

**રાવણ**—સતી શરાપો કદીએ ના આપતી અને કુલટાના કદી લાગતા નથી. આ વીર લંકાપતી વજ્ર હાથથી કલ્પાન્તકાળે છુટનાર તું નથી.

**વેદવતી**—હે દુર્બુદ્ધી મારા ઉપર તારો અતિષય અત્યાચાર છતાં હું મારા ક્રોધને સમાવું છુ, તારા પાપી હાથે ધરેલા મારાશીર કેશને હુ કાપી આપુછું, ક્રોધ કરી શ્રાપ આપવાથી મારા તપનો ભગ થાય માટે હું તને શ્રાપ નહી દેતાં, માત્ર એટલુંજ કહુ છુ કે આજન્મે નહી પરંતુ પૂનર્જન્મે મારા માટેજ, મારા નિમિત્તેજ તમો સર્વ રાક્ષસ કુળનો નાશ થશે. લંકાની સર્વ સપત્તિ મારા હૃદયનિ શ્વાસની જવાળામા બળી રાખ થશે.

**રાવણ**—અરે દુષ્ટા ! તેમ કહેતા પહેલા તો પ્રથમ તુજ હતી નહતી થશે.

**વેદવતી**—શું કરૂ ? ! તારા જેવા પાપીનો તો હમણાજ નાશ કરી પૃથ્વીનો ભાર કમી કરવો જોઇએ, પરંતુ હું અબળા તારા બળ એશ્વર્ય આગળ અત્યારે લાચાર છુ. વળી તુ બ્રહ્મા અને મહાદેવના વરદાન પામી પ્રમત્ત થયો છે, તો ભલે ભોગવી લે. જ્યા સુધી તારા પૂણ્યનો સૂર્ય પૂર્ણ મધ્યાનેથી નમી અસ્તાચળ તરફ જાય નહિ ત્યા સુધી ભોગવી લે.

**રાવણ**—અને પછી તુ શુ કરશે ? !

**વેદવતી**—જો સાભળ અને પ્રત્યક્ષ કર, હું આ મારા તપના પ્રભાવે સ્થુળ શરીરમાથી અગ્નિ પ્રગટ કરી બળી મરૂછુ અને તેમાં પાપી રાક્ષસોનો ઘાત કરવા શકિત રૂપે કોઇ પવિત્ર પુણ્યાત્મા ક્ષત્રીના પૂણ્ય યજ્ઞમા હુ તેની પુત્રી સ્વરૂપે પ્રગટ થાઉ છુ, તમો સર્વ રાક્ષસ વશના વિનાશનું નિમીત્ત થાઉ છુ.

**રાવણ**—અહા આશ્ચર્ય આશ્ચર્ય !

**આકાશ વાણી.**

વેદવતી નીજ તપ બળે દહી અગ્નીમા કાય,
પુત્રી રૂપ નૃપ જનક ગૃહ પ્રગટ સીતાજી થાય.

( વેદવતી પોતાના શરીરમાથી અગ્નિ પ્રગટ કરી બળી જાય છે. )

( ટેબ્લો. )

# અંક ૧ લો.

## પ્રવેશ ૨ જો.

સ્થળ:—સ્વર્ગ.

પાત્રો:—બ્રહ્મા, ઇંદ્ર, કુબેર, શંકર, બૃહસ્પતિ પાછળથી રંભા, રાવણ અને ઇંદ્રજીત.

ઈંદ્ર—મહારાજ બ્રહ્મદેવ, કુપાત્રને દાન આપ્યાથી તેનું કેવું ફળ આવે છે તે આપે પ્રત્યક્ષ જોયુ, વિના વિચારે લંકપતિ રાવણને વરદાન આપી બળવાન કર્યો તેનું પરિણામ આ ઉલટુંજ થયું.

બ્રહ્મા—તેના તપનો ઉગ્ર પ્રભાવ જોઇ મનુષ્ય સિવાય તારો કોઇ પણ નાશ કરી શકશે નહિ તેવુ મેં વરદાન આપ્યુ અને તેથી તે ઉન્મત્ત થઇ આપણોજ વિનાશ કરવા તૈયાર થયો

ઈંદ્ર—મહારાજ, નીચ પુરૂષને ઉંચ અધીકાર મળે છે તો તે નીચ પુરૂષ અધીકાર મદથી ઉન્મત્ત થઇ નીચ કાર્યોજ કરે છે.

બ્રહ્મા—હા, સર્પને દુધ પાયાનું પરિણામ છેવટે ઝેરજ થાય છે એ ન્યાયે આ રાક્ષસ રાજા રાવણ મારા મળેલા વરદાનથી ધર્મ, સ્ત્રી, ગૌ, બ્રાહ્મણ અને પૃથ્વીને અતિષય દુખી કરે છે.

બ્રહ્મા—અરે મારી પૌત્રી કુશધ્વજની સુતા કે જે વૈકુંઠપતિ દેવેશ્વર વિષ્ણુ દેવને વરવાની પ્રતિજ્ઞા કરી કૈલાસના ક્રીડાવનમાં તપ કરતી હતી, તેના પ્રત્યે કામાન્ધ વિષયી રાવણે અત્યાચાર કર્યો અને તે નિર્દોષ બાળાએ સ્વયં અગ્નિમા પ્રવેશ કર્યો.

બ્રહ્મા—તેના અમર આત્માનો નાશ નહિ થતા તે ચીરંકાળ જીવંત છે. મહારાજ નીમી વંશ કુળ પાવન ક્ષત્રીય રાજ જનક વૈદેહીને ત્યાં તે પુત્રી રૂપે પ્રગટશે.

રંભા—અહા! રક્ષા કરો, રક્ષા કરો, દેવરાજ એ પાપીથી અમારી રક્ષા કરો.

ઈંદ્ર—કેમ કેમ અપ્સરા રંભા, આ સુરપતિ ધર્મના આસન ઉપર સ્થિત હોવા છતાં તને કોનો ભય છે ? !

શંકર—અહા પાપાત્મા રાવણનો કે જેના ભયથી સર્વ ભૂમંડલ ત્રાસે છે.

બ્રહ૦—એનો તને શું ભય છે ?

રંભા—અમે સર્વ અપ્સરાઓ કૈલાસના ક્રીડા વનમાં ફરતી હતી તેવામાં ત્યાં આવી તે દુષ્ટે અમારા ઉપર અને વેદવતી ઉપર............

ઇંદ્રિ—બસ રંભા જા, હવે તું આ યુદ્ધ સંગ્રામમાંથી નિર્ભય થઇ ચાલી જા, અને મારી આજ્ઞા પ્રમાણે મહારાજ ઋષ્યશૃગને લોભાવી તે યોગી બ્રહ્મચારી કોઇ પણ રીતે ગૃહસ્થાશ્રમી થાય અને મહારાજ દશરથના યજ્ઞમાં પધારે તે કામ તું જલદી કર. અમો સર્વ તે દાનવને શિક્ષા કરવા સારૂજ અહીં એકત્ર થયા છીએ.

રંભા—પ્રભુ જુવો જુવો, તે પાપી રાક્ષસ રાજા રાવણ મેઘ જેમ કૈલાસ પર્વતને અથડાઇ ચઢી આવતો હોય તેમ પોતાના પુત્ર મેઘનાદ અને અન્ય સકળ પરિવાર સહ આપણી સામે યુદ્ધ કરવા ચઢી આવે છે.

ઇંદ્રિ—ચિન્તા નહિ, આ તરફથી તેને ઘટતો ન્યાય મળશે અવશ્ય તેનો પરાજય થશે, બાકી પૂર્ણ પરાજય થવો તો તમારા અને બાળા વેદવતીના હાથમા છે, માટે જાવ, કહી છે તે આજ્ઞા શીરે ઉઠાવ.

રંભા—વારૂ પ્રભુ પ્રણામ. ( જાય છે )

ઇંદ્રિ—યમ, વરૂણ, વાયુ, અગ્નિ, કુબેર, વસુ, આદિત્યાદિ દેવો અને દિગ્પાળો આજે આપણે એક સંસારની મહાન શક્તિ સામે લઢવાને એકત્ર થયા છીએ, માટે પોતાના શસ્ત્રાસ્ત્ર તથા રથ અશ્વારીથી સજ્જ થઇ આપણ દેવોએ એક સાથે કટિબદ્ધ થઇ તે નીચ લંકપતિ રાવણને તેની સેના બલ સાથે મારીને હઠાવવો.

રાવણ—અહો! દેવો, મરૂતો, યમ, વરૂણ, વાયુ, અગ્નિ, કુબેર, યક્ષ, વસુ, આદિ અદિતિ પુત્રો નાસશો નહિ, ભાગશો નહિ, આ ત્રીભુવન વિજયી અસુરપતિ, છત્રપતિ, ભુપતિ, લંકપતિને જોઇ તમે નાસશો નહિ. નાસવાથી તમે જીવશો નહિ—સાક્ષાત્ મૂર્તિમંત કાળના ભુજપિંજરમાથી તમે બચશો તો આ મહાકાળ રાક્ષસેશ્વર પ્રબળ ભુજ યંત્રમાથી કોઇ પણ રીતે તમે બચી શકશો નહિ. જુઓ આ ખડ્ગ-પટ્ટીશ-ત્રિશુળ-તુમર-આદિ શસ્ત્રાસ્ત્રને જુઓ આ મારા રૂદ્ર બળી ગદાયુક્ત વજ્ર હાથને.

છન્દ.

ગદા છે જદા હાથની માહે મારા,<br>
તદા શું કરે દેવ લોકો બિચારા;<br>
કરૂં છીન્ન બ્રહ્માન્ડ આ શકિત હાથે,<br>
રમાડું રણે ચન્ડી ઉત્સાહ સાથે.

ગીરિરાજ કૈલાસ આ હાથ લીધો,
અને કાળ યમ દન્ડને દન્ડ દીધો.
મહામત્ત યોદ્ધા અને ધીરવીરો,
રણે તેમના મેં સુવાડયાં શરીરો.

ઇંદ્રિ— અહો તાતજી પુત્ર છું આપનો હું,
કરૂ હુ સવાઇ તમો બાપનો હું.
ઉતારૂ તમો ભાર સંતાપનો હુ,
કરૂ દેવથી યુદ્ધ કેવુ જુવો હું.
જુવો ગર્જના આ કરે રૂદ્ર ચન્ડી,
કરૂ ચૂર્ણ હુ દેવના હાડ ખંડી
રૂધીર માસના કરૂ તૃપ્ત શાને,
બળી હુ અગ્નિને દઉ કાળીકાને.

રાવણ—શાબાશા પુત્ર મને તારાથી પૂર્ણ સંતોષ છે રણસગ્રામમા મેઘના જેવી ગર્જના કરનાર મેઘનાદ તારૂં નામ સાર્થક છે.

ઇંદ્રિ—પિતાજી આપની સાથે યુદ્ધની ઇચ્છા કરનાર દેવોના મનોરથ સર્વ નિષ્ફળ થશે.

રાવણ—અરે નિષ્ફળ થશે શુ ? નિષ્ફળ થયાજ છે કેમકે—

પાતાળ નાગપતિનો અતિ ગર્વ તોડયો
ને ચંદ્ર દાબી ભુજથી અતિષે નીચોડયો
આ સૂર્ય ક્રોધનીજ સેવક સેજ કેવો
તે આજ હુંથી લડતાં બચશે શુ દેવો.

ઇંદ્રજીત— આવે ત્રિપુરારિ મુરારિ સાથે,
કે ઇદ્ર આવે અસુરારિ સાથે.
આ કાળ પાસે અડી જે આવ્યો,
આ કાળ પાસે નક્રી તે ફસાયો.

શંકર—રે લંકપતિ રાક્ષસ નીશાચરા પોતાને મોઢે પોતાની વડાઇ કરી પોતાની હલકાઇ અને મુર્ખાઇ જાહેર ન કર તુ, જે આટલી સત્તા બળ અને ગુમાન ધરાવે છે તે કોના બળ ઉપર! કોના સામર્થ ઉપર?

રાવણ—મારા બાહુબળ ઉપર એક એક હાથમાં દસ દસ હજાર હાથીનું બળ ધરાવનાર મારા પ્રતાપી ભુજાબળ ઉપર કે જે હાથે તારા અચલ કૈલાસગીરીને એક ફુલના દડાની માફક ફેરવ્યો હતો. પાર્વતી સાથે વીલાસ કરતાં તેના હૃદય સાથે તારા હાથને કંપાવ્યો હતો.

શંકર—રાવણ, યાદ કર કે તે બળવાન હાથ મેં તને આપ્યા છે, સમજ કે કાળે તારા એ હાથ અલ્પ સમયમા કાપ્યા છે.

રાવણ—કોણ કાળ ?!

શંકર—હા કાળ.

રાવણ—કાળ યમ રાજ કે જે મારાથી યુદ્ધ કરતા યમપુરીમાંથી ભાગ્યો છે, મારા ત્રાસથી ત્રાસી બીચારો કાળ આ પ્રજાપાળને શરણે આવ્યો છે, તે દીનહીન મલીન કાળ મને શુ કરનાર હતો? "મરૂ કાળ યમથી ના યમ દુતથી, મરૂ યક્ષ રાક્ષસના ભુતથી" તો તે બીચારો કાળ મારો ગુલામ મને શું કરી શકનાર હતો!

બ્રહ્મા—ગર્વાન્ધ રાવણ, મેંજ તને પ્રસન્ન થઇ તે વરદાન આપ્યું હતું પણ તુ તે વરદાન પામી તું આવો અનાચારી વિષય લંપટ દૂરાચારી વ્યભિચારી થઇશ તેવું મેં સ્વપ્ને પણ ન ધાર્યું હતું.

રાવણ—હુ અત્યાચારી દુરાચારી કઈ રીતે?

ઇંદ્ર—ગર્વાન્ધ રાવણ શરમ તજી પોતાના પીતામહ અરે કે જે સર્વ સંસારના પિતા મહ બ્રહ્મદેવ તેમની સામે આવુ નિંદ વાકય યુદ્ધ કરતા શરમાતો નથી? બોલ તે અપ્સરાઓ સાથે વિહાર કરતી રંભા ઉપર બળાત્કાર કરવાનું શુ કારણ હતુ?

રાવણ—અરે સ્ત્રી એક વારાગના વેસ્યાની મદદથી પોતાનુ ઈંદ્રપદ ટકાવી રાખનાર ઇંદ્ર તારૂં ઇંદ્રાસન મેળવવા તપ કરતા પ્રત્યેક રૂષી મુની અને યક્ષ રાક્ષસનું તે વેશ્યાએ તપ ભગ કર્યું છે, તેવી વેસ્યાને હુ શીક્ષા કરૂ તો તેમા અઘટીત શુ ?

ઇંદ્ર—લંકેશ, ચતુરાઇથી વાતને ઉડાવ નહિ, શું એ રંભા ઉપર તારો જુલમ ન હતો ?

રાવણ—અરે મુની પત્નીને છલનાર ગૌતમ સ્ત્રીગામી ઈંદ્ર! બોલ કે પ્રથમ અહલ્યા ઉપર તારો જુલમ ન હતો ? આ ચંદ્ર કે જે નીરંતર

પોતાના કપાળ ઉપર કાળાશનો ડાઘ લેનાર તેનો શું ગુરૂ પત્ની તારા ઉપર જુલમ નહતો ? હા તેજ અન્યાયની આજ હું તમને પૂર્ણ શીક્ષા દઇશ. તમો પ્રત્યેક દેવોનો યુદ્ધમા પરાજય કરી મારા સેવક તરીકે મારા ગુલામ તરીકે અરે મારા એક હલકામા હલકા નોકર તરીકે, મારા રાજગૃહના ઝાડુ પાણી માટે હું તમને લઇ જઇશ.

ઇંદ્ર—રે મહાન્ધ રાવણ, આ તારા વજ્ર શબ્દોનો જવાબ હવે શસ્ત્રથીજ મળશે, તું નિશ્ચય માન કે હવે અલ્પ કાળમાં તારૂ મોત થશે.

જયન્ત—પિતાજી આ પાપીનો વજ્રઘાત મારાથી સહન થઇ શકતો નથી, માટે આપનું તેમજ પિતામહ બ્રહ્મા અને સદાશીવનુ જ અપમાન કરનાર પાપીને હુજ મારા હાથથી ઘટીત શિક્ષા કરીશ. જ્યાં સુધી પુત્ર જયન્ત જીવન્ત છે તો સમજજો કે રાક્ષસોનો હવે અલ્પ કાળમા અન્ત છે.

રાવણ—છોકરા ! આ લંકેશ તારા જેવા એક તુચ્છ બાળકથી લઢી પોતાના બાહુબળને કલંક નહિ આપે. મીત્રતા અગર વૈર તો બરોબરીઆજ માણુસ સાથે થઈ શકે છે, માટે તારી સાથે યુદ્ધ કરવા આ મારા યશસ્વી પુત્ર મેઘનાદને સોંપુ છુ. પુત્ર મેઘનાદ !

ઇંદ્રજીત—આજ્ઞા પિતાજી.

રાવણ—આ ઇંદ્રપુત્ર જયન્તને તારા પ્રતાપી હાથનો તથા તારા દીવ્ય શસ્ત્રનો દીવ્ય પ્રતાપ બતાવ.

ઇંદ્રજીત—આજ્ઞા પિતાજી, ચાલ ઇંદ્રપુત્ર જયન્ત સામે આવ

( લઢાઈ. ) ( જયન્તનું અલોપ થવુ )

રાવણ—શાબાશ પુત્ર મેઘનાદ, મને નિશ્ચય છે કે દિગતમા તુ મારી કીર્તિઉજ્વળ કરીશ.

ઇંદ્ર—અરે ગર્વાન્ધ લંકેશ–એક વાલી જેવા વાનર કપિશથી હારી જનાર તું એક વખતના સાધારણ યુદ્ધથી જીત્યો છુ એમ માની ગર્વથી ફુલાઇશ નહિ, આવ આવ, આ તારૂં બળ પુરૂષાર્થ આ સ્વર્ગપતિ ઇદ્રને બતલાવ.

રાવણ—વાર ઇંદ્રિ તું પણ જો આ લકપતિના બાહુબળને, ( લઢાઈ )

રાવ—[ રાક્ષસો મરે છે, ઈંદ્ર રાવણને નાગપાસથી બાંધી લે છે.]
અહો પુત્ર મેઘનાદ ? સહાય સહાય.

ઇંદ્રજીત—અહો આશ્ચર્ય ! દુષ્ટ દેવોના હાથે પિતાજી કેદ ! 'હું એક તરફના ઘોર યુદ્ધમાં જોડાયો ત્યાં બીજી તરફથી દુષ્ટ દેવો એકત્ર થઇ પિતાને કેદ કર્યા ? ચિન્તા નહિ.

છંદ.

રે દુષ્ટો દાનવોના દુશ્મન તમને દાવ આવ્યા ન છોડું,
દાબી આ ભુજયત્રે સુભટ સકળના માંસ અસ્થિ નીચોડું;
જેણે લંકાપતિ મુજ શિરમણિને છેતરી કેદ કીધા,
રોકે છે કોણ આવો દુશ્મન તનનું કુમળુ લોહી પિતા.
અપિચ હે રાક્ષસા શ્રુયતામ્ ( ૨ )
લાવો તાણી શચિને શિર કચ સહીને ચર્ણ મારા નમાવો;
જોતી તેનાપતિને દિનહિન સ્થિતિએ ચર્ણ મારા દબાવો,
યા હું ધારૂ વિદારૂ નીચ શચિ પતિને જોત જોતા નિમિષે.
યુધ્ધે આ કાળનાથી વિધિ હરીહર શુ જીવતા કો ન રહેશે,
( ઇંદ્ર સાથે લઢાઇ, ઇંદ્રાણીને બુરે હાલે રાક્ષસો ખેચી લાવે છે.)

ઇંદ્ર—આ કાળાસ્ત્રે કર્યો છે વિજય જગત્મા વત્ર જેવા વિદારી,
આ કાળાસ્ત્રે કર્યો છે કર્યો છે વિજય જગત્મા દુષ્ટ આસુર મારી;
તે આ વજ્રાસ્ત્ર જેના કીર્ણથી નભમા શ્વેતતા પૂર્ણ ધારી,
તે આ વજ્રાસ્ત્ર તારા વજ્રહૃદયને ભેદશે હે સુરારી.

ઇંદ્રજીત— જો આ ઘને ઘઘડતા ઘનરાજ જેવો,
હું મેઘનાદ વીર મેઘની નાદ તેવો,
તારા પ્રકાશ રવીને પળમા હું દાબું
આ વાયુ અગ્નિ યમને હુ દંડ આપું.

ઇંદ્ર—તારા શસ્ત્રે છવાઇ દિનમણિ ગગને અંધતા પૂર્ણ વ્યાપી,
ને આ કાળના જેવા ઘનશર વર્ષે સૃષ્ટિ ઝાઝી ઉતાપી;
તેને આ વજ્ર શસ્ત્રે પીડિત રવી તણા બંધને સદ્ય કાપી,
જો આ મારી પ્રભાને પ્રગટ કરી હવે હું પ્રજાળીશ પાપી.

ઈંદ્રજીત— ગડેડાટ કરતી ગદા સ્કંધ રાજે,
કદા શત્રુના મસ્તકે જો વિરાજે
તદા દેવ દુષ્ટો બચે ના ઇલાજે,
અને ઇંદ્ર યમપુર તું પહોંચ આજે

ઈંદ્ર—હા, આજે ગર્વાન્ધ તારા મદયુક્ત વચનો અંતરે પૂર્ણ શાલે,
વાણીની વીરતાને કર બસ બહુ બોલતો શું શ્વાન ચાલે;
સન્નિપાતે ગૃહાયો પીડિત જન બહુ બોલતો એ મીસાલે,
જો ઇચ્છા યુદ્ધની તો કર ધર ધનુવા શસ્ત્રને હસ્તમાં લે.

ઈંદ્રજીત—તો ઇંદ્ર સાભળ ! આ મારો છેલ્લી પ્રતિજ્ઞા છે કે—

છંદ.

જે જે શસ્ત્રાસ્ત્ર ધારી નિજ ભુજબળથી દેવ સેના વિષે છે,
ને જે જે સ્વર્ગ માંહી સુરરમણિ તણા ગર્ભ મધ્યે વસે છે;
હા ચાહવે તે યુવા વા જર્જર તનુવા બાળ કુમાર તો શું,
છેદુ ભેદુ સ્વહસ્તે દુશ્મન દલના કાળનો કાળ આ હું.

ઈંદ્ર—વાર, સાવધાન ! ( લડાઇ )

(ઇંદ્રાદિ દેવોનો યુદ્ધમાં પરાજય, ઇંદ્રને પગ નીચે દાબી ઈંદ્રાણીના શીરકેસ પકડીને)

ઈંદ્રજીત—હે દેવો વાયુ વન્હી વિધી હરી હરો–યક્ષ કુબેર કયાં છો
હે દેવોના ગુરૂ હે યમ વરૂણ તમ નાસીને કયાં છુપ્યા છો
આવો આવો બચાવો યમપુર મળનો દુષ્ટ આ આસુરારી
જેતું હદ રકત પીવા અધિક તલસતો અંતરે આસુરારી.

( ટેબ્લો. )

## પ્રવેશ ૩ જો.

સ્થળ—ઇંદ્રજીતનો ભવ્ય મહેલ.

પાત્રો—સુલોચના–સખીઓ–અનુચર–ઇંદ્રાણી.

ગાયન.

સુલોચના–સખીઓ— ( ૫ )
પ્રાણુ તવસે ના દરશે રજની વરસે
હૃદય ભરશે શુભ સ્પરશે કયારે હર્ષે

સખી રસિક માન સરમાં પ્રીતિ કુમુદ ખીલશે
સખી મનની સકલ મનસાધીરે ધીરે સુધરશે
તરૂણ વેલી ખીલશે હેલી શીતલકર સ્પર્શે...
અરે જાઓ શરમાઓ કાંઈ બજાઓ, મન ભાવે
મુખ શું હલાવે
એ શશી અધર અમૃત પાન, દ્રષ્ટી વિલોકન પ્રીતિ પ્રદાન
આહાહા મુખ મલકે અંતરના ઉમળકે
વાહ શાણી યુવરાણી......................

**સખી ૩ જી**—અહો દેવી આનંદ વધાઇ !

**સુલોચના**—કહે કહે શુ છે બાઇ ?

**સખી ૩ જી**—લંકેશ્વરના યુવરાજ, તમારા અધિરાજ દેવેશ્વર ઇંદ્ર ઉપર વિજય મેળવી આવ્યા

**સખી ૧ લી**—સખી જોજે હર્ષઘેલી થતી, ઘણે દિવસે વિજય કરી આવતા પતિનો અતીથિ સત્કાર વિસરી જતી.

**સખી ૨ જી**—વડિલ જનો પાસે ઉભા હોય છતા સ્ત્રીથી સ્વામીનો અતીથિ સત્કાર શી રીતે થાય?

**સખી ૧ લી**—એતો આપણી ચતુર રતિપ્રવિણ સખી સુલોચના સર્વ સમજે છે

### ગાયન.

**સુલોચના-સખીઓ—** ( ૬ )

આ હસ્ત કંકણુ સ્વરથી પ્રશ્નો ક્ષેમના પૂછાવજે
ને નમ્ર મુખથી નેત્ર અંબુજ સ્વામી ચરણુ ચહડાવજે
સ્તન યુગ્મ મંગલ કલશ દ્વાર થકી હૃદય પધરાવજે
એ રીતના આતિથ્યથી અંતપુરે પતિ લાવજે
**બધા**-પીયુ ઘર આવતાંરે, કરજે પ્રેમ ભરી પદ સેવા
મન ઇચ્છીત વરવરથી લેવા
અરસપરસ રસ લેવા દેવા
બની વરઘેલી અલી અલબેલી...............પીયુ

**સુલોચના**—દ્રષ્ટી પતિ સન્મુખ તણી, પહેરાવી વંદન માલીકા,
મુખ સ્મિતનાં પુષ્પોથી લે સ્વામી વધાવી બાલીકા;
ઉન્નત પયોધર ઉપર આ પરસ્વેદ જળ અભિષેકથી,
ઉપચાર મગળ કરતું મગળ કર પતિવૃત ટેકથી.

**બધા**—પીયુ ઘર આવતાંરે કરજે પ્રેમ ભરી પદ સેવા, (૨)
ગણી મન માન્યા મીઠા મેવા, ધરજે કલ્પલતા ફળ મેવા;
ભાવ ભરેલી કર જઇ કેલી, પીયુ ઘર આવતારે.
સૃષ્ટિપતિ.

**સખી ૩ જી**—દેવી ઇંદ્રાણી સહ મહારાજનો અનુચર પ્રવેશ કરે છે.

**સુલોચના**—ભલે આવે, પરતુ સ્વામિ કયા હશે ? ! અને સતી ઇંદ્રાણીને અહિં શુ કામ મોકલ્યા હશે?

**સખી ૧ લી**—તે હવે સહજવારમા સર્વ સમજાશે.

**અનુચર**—( ઇંદ્રાણીને પકડી ) હે ગર્વાન્ધ સુરપતિ ઈંદ્રની અર્ધાંગ્ના હવે તુ તારી ઇંદ્રાણીમહારાણીપદનું અભિમાન ભુલી જા અને આજથી આ અમારી શ્રીમતી યુવરાજ્ઞી સતી સુલોચનાના ચર્ણની દાસી થા.

**સુલોચના**—કેમ શું છે ? પરિચારક મહારાજ કયાં છે અને આ બાઇ ઉપર આટલો જુલમ શામાટે ? !

**અનુચર**—દેવી મહારાજ સ્વર્ગ ઉપર વિજય મેળવી ઇંદ્રને કેદ કરી અત્રે લાવ્યા છે, ઈંદ્ર પાસે મહારાજ લકેશ્વરનું દાસત્વ કબુલ કરાવવા તેઓ રોકાયા છે અને આ સુરપતિની સ્ત્રી ઈંદ્રાણી આપણાં ચર્ણની સેવક તરીકે સ્વામિએ આપને ભેટ કરી છે.

**સુલોચના**—વારૂ જા, ઉચિત્ હશે તે થશે

**અનુચર**--જેવી આજ્ઞા.

**ઇંદ્રાણી**--પડી ચર્ણ તારા અહો સાધવી હું, કરૂં યાચના એક સૌભાગ્યની હું
પતિ પુત્ર વ્હાલા જનોથી વિખુટી, પડી શર્ણ તારા છું હું ભાગ્ય ફુટી
દયાળુ દયા અંતરે કંઇ લાવો, કૃપાનાથ મારા બચાવો બચાવો.

**સુલોચના**—શર્ણાંગત નિર્ભય રહો, આ આનદ સ્થળમાં સુલોચનાના રંગ મ્હેલમાં અબળાજનને દુઃખ કદાપિ હોયજ નહિ.

સતી શ્રી દેવી છો આપે–મા જાઈ બેન છો મારી,
તમારી સર્વ આપત્તિ બલા લેઉં હુ શીરે ધારી;
તમારા પ્રાણુ ઉપરને પ્રાણુ પર હું દઉં પ્રાણુ ઓવારી,
વિચારી દર્દ અંતરનું અહો નિશ્ચિન્ત રાખ સખી પ્યારી.

**ઇંદ્રાણી**—સુરેશ્વર ઇંદ્રની અર્ધાંગના આ જે હું ઇંદ્રાણી,
કકળતી રોતી સ્વર્ગથી અહિં લંકા વિષે આણી,
તમારા સ્વામિના હાથે અમારા સ્વામિ બંધનમા,
સ્મરતા દુખ તેવુ ઉઠે છે આગ અંતરમાં.
સમય પલટે પ્રભુ પલટયો બધી પલટાઇ છે સૃષ્ટિ,
વરસતા પુષ્પ શિર તેને થતી અંગારની વૃષ્ટિ,

**સુલોચના**—વિસરો દુખના દિન તો પ્રભુ કરશે કૃપા દૃષ્ટિ,
હમેશાં એકજ હાલ ન કોઇની નભી શકતી.

**ઇંદ્રાણી**—તમારા ધર્મ, નીતિ અને સદાચાર તરફ તથા શાન્તિદાયક વચનો તરફ મને પૂર્ણ શ્રદ્ધા છે, પરંતુ હા તમારા સ્વામિની ક્રુરતા જ્યારે મને યાદ આવે છે ત્યારે મારા આ ગાત્ર શિથિલ થાય છે તેમના ભયથી અંગ કંપાય છે.

**સુલોચના**—ડરો નહિ, બેન ડરો નહિ, કદી મોહ અથવા ક્રોધવિકારને વશ થઇ કદાચ મારા સ્વામી તમારા સ્વામી ઉપર અથવા તમારા ઉપર અત્યાચાર કરશે, તો મારા સ્વામીને સદાચાર તરફ નીતિના શબ્દોથી દોરવવાનું કામ હુ માથે લેઇશ તેની ચિન્તા નહિ.

**ઇંદ્રાણી**—સતી મારાં શિયળ અને પતિવ્રતની લાજ હવે માત્ર તમારેજ હાથ છે, તમે ધર્મશિલ પતિવ્રતા સ્વામીને ધર્મના શબ્દો કહેશો. તેમને ધર્મમાર્ગ ઉપર દોરી અવશ્ય અમને તેમના ત્રાસદાયક જુલમમાંથી છોડાવશો. સતી સુલોચના લંકામા મહા પતિવ્રતા સતી તરીકે પ્રસિદ્ધ છો માટે તમારા જેવી મહા સાધ્વીએ અવશ્ય દયાળુ થવું અને મારા જીવન સૌભાગ્યનુ રક્ષણ કરવુ.

**સુલોચના** - ઠીક લેઇ આવ તેને

**સુલોચના**—અવસ્ય મારા જીવના જોખમે, મારા શરીરના ભોગે પણ હું તમારા સૌભાગ્યને જાળવીશ; બે ઘડી સંસારની લાજ,

શરમ તજીને પણ હું સ્વામિના દરબારમાં અથવા તો ખુદ લકે શ્વરની સભામાં પણ આવીશ અને કોઇ પણ ઉપાયે હું તમારા ઉપર જુલમ થતો અટકાવીશ. તમારા જીવન સૌભાગ્યને એકવાર કાળના હાથમાથી હું અવશ્ય બચાવીશ.

**સખી ૩ જી**—દેવી મહારાજ યુવરાજ તરફથી એક અનુચર અત્રે આવવા ચાહે છે.

**અનુચર**—દેવી પ્રણામ, મહારાજની આજ્ઞા છે કે સુલોચનાના ચરણ ચુમતી તે દીનહીન ઇંદ્રાણીને એકદમ મારા સ્વાધીન કરો.

**ઇંદ્રાણી**—હા પ્રભુ હવે શું થશે ?

**સુલોચના**—ખબડદાર, એમ કદાપી નહિ બને, જા સ્વામીને કહે કે દેવી ઇંદ્રાણીને સુલોચનાનો આશ્રય છે જ્યાં તે તદન નિર્ભય છે.

**અનુચર**—હા પણ દેવી મને મારા પ્રભુનો વીશેષ ભય છે

**સુલોચના**—એટલે પરમ પતિવૃતા મહા સતી ઇંદ્રાણી ઉપર હાથ નાખવો એ શું તારા સ્વામીનો નિશ્ચય છે ?

**અનુચર**—તે જે હો તે હો, તે વાતથી હું તદન અજાણ છું, એક તુચ્છ નોકર નાકામ છુ, સ્વામિની આજ્ઞા પ્રમાણે વર્તવું એજ નોકરનો ધર્મ છે.

**સુલોચના**—સ્વામી અધર્મના રસ્તે જતો હોય તો તેને સમજાવી સ્વધર્મને માર્ગે દોરવો એ શું નોકરનો ધર્મ નથી ?

**અનુચર**—નોકર સ્વામીને ઉપદેશ આપી શકતો નથી. ગરીબ શ્રીમતને નીતિ સમજાવી શકતો નથી કારણ ગર્ભ શ્રીમ તો જન્મથીજ શ્રીમત હોવાથી સર્વ શાસ્ત્ર સંપન્ન હોય છે શ્રીમંત કદી મૂર્ખ હોય તો તે સર્વ શાસ્ત્રમા ડાહ્યો કુશળ અને પ્રમાણીક કહેવાય છે. માટે નોકર માલીકને સમજાવી શકતો નથી, ગરીબ શ્રીમંતને બુદ્ધિ વા સલાહ આપી શકતો નથી માટે હે દેવી ઇદ્રાણીને મારે સ્વાધીન કરો.

**સુલોચના**—હું તારા પ્રભુની અર્ધાંગના છું તે કદી બનનાર નથી તેજ અધીકારની રૂઇએ હું તને હુકમ કરૂ છુ.

**અનુચર**—દેવી તમારો હક સ્વામી ઉપર પહોચે છે મારા ઉપર નહિ કારણ કે હુ ચીઠીનો ચાકર છુ સ્વામીનો દાસ છુ.

**સુલોચના**—તો શું મારી આજ્ઞાનો તિરસ્કાર ?

**અનુચર**—દેવી રોષ ન કરો, આપ સ્વામિને સમજાવી શકો છો નીતિ ધર્મની રાહ ઉપર લાવી શકો છો માટે જલદી તે ઇંદ્રાણીને મારે સ્વાધિન કરો અને પ્રભુની આજ્ઞા શીરે ધરો.

**સુલોચના**—લાચાર ! દેવી ઇંદ્રાણી તમો પવિત્ર મહા સતીના પતિવ્રતની રક્ષા માટે તમારા શિયળ સૌભાગ્ય માટે હું પોતે સ્વામીના ચર્ણુ સમીપ રજુ થઇશ અને શરમ તજી ભર સભા વચ્ચે હું મારા સ્વામિને વિનંતિ કરી તમને મુક્ત કરીશ.

**ઇંદ્રાણી**—અરે નહિ નહિ ! તેઓ મને રીબાવશે, સતાવશે અને મારા તથા મારા સ્વામિ ઉપર જુલમ ગુજારશે માટે હે દેવી ! રક્ષા કરો રક્ષા કરો.

**સુલોચના**—મહા સતી શોક ના કરો, હું અવશ્ય તમારી સેવામાં રજુ થઇશ. તમો ઉપર અત્યાચાર કરતા સ્વામિને હુ અવશ્ય અટકાવીશ માટે હાલ અનુચર સાથે જાવ, અને મારા ઉપર વિશ્વાસ રાખી નિશ્ચિંતપણે વિદાય થાવ.

**ઇંદ્રાણી**—ઇશ્વર ભલું કરો તમારૂં દેવી સભાળજો, હું જેવી દુખી અબળાની લાજ એક પ્રભુને અને બીજી તમારે હાથ છે.

**સુલોચના**—પવિત્ર મહા સતીઓના મસ્તક ઉપર સદા પ્રભુનો હાથ છે. દેવી નિશ્ચિત થઇ જાવ. હા, શોક ! સ્વામિને આ શું મતિ સુઝી હશે ! નાહક નિર્દોષને રીબાવવામા તેમને શુ ફળ હશે !

ફીકર નહિ, હાલ હુ મહારાજ પાસે જઇશ અને તેમના કુમાર્ગે દોરવાઇ જતા મનોરથની હુ સારથી થઇશ.

# પ્રવેશ ૪ થો.

---

સ્થળ—ઋષ્યશૃંગનો આશ્રમ:—

પાત્રો—ઋષ્યશૃંગ અને અપ્સરાઓ

[ શૃંગી મુનિ સમાધિમા, અપ્સરાઓનો નાચ સાથે પ્રવેશ ].

## ગાયન.

રંભા-મેનકા-ઉર્વશી | (૭)
અપ્સરાઓ. |

નજર દઈ વશ કરીએ, સખી એ ભોળા બ્રહ્મકુમાર;
બાળા યોગી ભોળવીએ, અલબેલા અનગ અવતાર.
મંદ હસી હસી સંગ વસીને, કીજે અનગ ઉપચાર;
કનક લતાપર કુંદન ફળ સહ, અરપું હ્રદય આહાર.
સ્નેહ સબધે બેઉ ભુજ બધે, બાંધીએ કામ કુમાર;
આરતી મત્રે મુરલીના સ્વરથી, રીઝે શ્રી દેવ દયાળ.

**રંભા**—સખી ! ઇંદ્ર મહારાજના કૃપા પ્રસાદથી આ ઉપવન તે જાણે નંદન વન હોય નહિ તેવુ લાગે છે.

**મેનકા**—અને અહિ વસતઋતુ પણ પોતાના ભર યોવનમાં પ્રકાશી રહી છે.

**ઉર્વશી**—સખી ! જેવી વસત લક્ષ્મી અતિ સુદર છે, તેવી આપણી આ અંગ લક્ષ્મી પણ અતિષે મનહર છે.

**મેનકા**—કેમ નહિ ! આપણુ અનંગ લક્ષ્મીઓને જોઇને તો મોટા મોટા સંત મહંત પણ અનગ પાસમા વિંટાયા છે. આપણા કટાક્ષ બાણે વિંધાયા છે.

**રંભા**—ત્યારે અલી જરૂર આપણી ઇચ્છા ફળશે, મહર્ષિ ઋષ્યશૃંગ જેવા મહાન્ બ્રહ્મચારી આપણી સિદ્ધિને વશ થશે.

**મેનકા**—કેમ નહિં ? ! આપણે તો આ.

## ગાયન.

રંભા-મેનકા-ઉર્વશી અપ્સરા. (૮)

ચોગીરાજની લાગી હાં સમાધી,
અલખ બ્રહ્મ સત્ ચિત્ સહ સાધી,
અલખ મંત્ર આરાધી.......... ...............ચોગી૦
શુન્ય ગગન મંડળ ધરી દ્રષ્ટી,
છોડી જગત ઉપાધી.................. .........ચોગી
ચંદર મુખ આ નયને કીરણે રસને ભરશે,
સુંદર તન આ દરશે સ્પર્શે કુમુદા વિકસે,
એ લાગી મોહનથી લેહ........... . ...લાગી૦

### છંદ.

મુખ મંદ મંદ સુહાસ્યથી આલિંગને ભુજ પાસથી
સાહિત્ય સંગીત લાસ્યથી મૃદુ વાણીના વિલાસથી.
સર્વે—કરવી સમાધિ મોહ મંત્રે બ્રહ્મચારી બાળની
રંભા—વૃક્ષે વિંટાઇ વેલડી તે રીત બહુ અલબેલડી
રતિ રંગ રમવા ઘેલડી બંધાઈ સખી ભુજ વેલડી
સર્વે—એ બ્રહ્મચારી જીતવા રણુ જંગ માંડી લડી લડી
મેનકા—કસ કસતી કસ ક ચુકીને કરીને સહજ સખી તુ ઢીલી
ગજગમની ચાલ ઉતાવળી લે પરમ પુરૂષાર્થ રળી
સર્વે—રહીએ રતિ રસ રંગ રાતા બ્રહ્મચારીને મળી
મેનકા—આ કટિ સિંહ લંકી બની શોભા ભલી નિત બની
ઉપમા ઉચરતા જગની લજ્જિત હાલત રંભની
સર્વે—રંભા સમાધિ લે હરી એ બાળ ઋષ્ય શૃંગની
મેનકા—આ મણિ નૂપુરના નાદથી આ હંસ સરખી ચાલથી
અંતર ઉછળતા વ્હાલથી રતિ રંગ રમવા ખ્યાલથી
સર્વે—લઇએ સમાધિ ઝટ હરી એ બ્રહ્મચારી બાળની

ઉર્વશી—સખી રંભા ! આ સમય છે માટે પાસે જાવ અને વારાંગના ચરિત્રથી એ તપસ્વીનું તપ તજાવ

**રંભા**—અને સખી તમે સર્વ હમણા એક બાજુ થાવ, આ વૃક્ષલતા નીચે સંતાઇ જાવ ( પાસે જઇ ) અહા !, કેવુ આ બાળ બ્રહ્મચારીનું શરીર સૌદર્ય ! કેવુ આ રૂપ લાવણ્ય !

શીવશંકર સમી શિરજટા શોભતી ભાળ રેખા કરી આડી ત્રિપુન્ડની
ગૌર અંગે વિભુતી લગાવી અને બ્રહ્મચારી વીરાજીત દર્ભાસને
હૃદય જેનું સદા તીવ્ર વૈરાગ્યમાં તે બળે કેમ કરી કામની આગમા
તોયે આજ્ઞા સદ સ્વામિના પાછળ છે સમાધિ ભલા બ્રહ્મની ટાળવી
જાગીએ દિવ્ય યોગીન્દ્રજી શુ જગ્યા આપને લેવી છે ઇંદ્રની.

## ગાયન.

**રંભા**— ( ૯ )

લેશો રે જોબનનાં.............. ..........
આ........ ...... ... ... ... .. ............
ભાવેરે આ ...... ...... ... .... ...પુ.
રે... . એ ... એ
ફેર ન જોબન આવે જાવે વેતા પાણી.
રસિક ઉડાવો રંગ રાગ ...... રે
રે.... .... .... . ... .........

**ઋષીશૃંગ**—( સમાધિમાથી જાગૃત થતા ):—શીવોડહ શીવોડહ સદ્દગુરૂ ( ૨ ) સત્‌ચિદાનંદ પરમાત્મન્

**રંભા**—અહો મુનિ કુમાર ! કેમ મારૂં સ્મર્ણ કર્યુ ? અત્યારે કહોજી શુ કહેવું છે તમારે ?

**ઋષ્યશૃંગ**—અહો આપ કોણ તે ? !

**રંભા**—અમે ? અમે સદ્‌ગુરૂ જે હમણા તમે યાદ કર્યા ત અમે પોતે,

**ઋષ્યશૃંગ**--પધારીએ પધારીએ ગુરૂદેવ પ્રણામ (પગે લાગવા જવું).

**રંભા**—હાહાહા બ્રહ્મકુમાર હજી તમે કેવળ અજ્ઞાન છો, ગુરૂનો એમ સત્કાર થાય નહિ, આવી રીતે ગુરૂને પ્રણામ કરાય નહિ.

**ઋષ્ય૦**—ત્યારે ?

**રંભા**—પ્રથમ અમ જેવા ગુર જનને હૃદય આલિંગન દેવુ અને પ્રીતિદાન દેવુ એવો તમ જેવા ઋષિનો શિષ્ટાચાર છે.

**ઋષ્ય૦**—અસ્તુ ! ગુરૂદેવ હવેથી હુ તેમ કરીશ, ક્ષમા કરશો. લ્યો આ
ફળ મૂળ કન્દ આહાર ગ્રહણુ કરી આતિથ્ય સ્વીકારશો.

**રંભા**—ફળ મૂળ આ શુ કામના જમીએ અમે પકવાન આ
લ્યો આ જલેબી ને ક્ંગી રસ યુક્તને કેવી ગળી
આ ધારી ઘેબર ઘુઘરા આ સૂત્રફેણી દહીથરા
પેંડા અને બરફી વળી હલવા વિધ વિધ છે આ વળી

**ઋષ્ય૦**—અતિથીનું અન્ન આરોગતાં શરીરે વધે કેમ રોગ ના
અતિથીનું અન્ન આરોગવું નવ ધર્મ શાસ્ત્રે છે લખ્યું

**રંભા**—અરે બ્રહ્મચારી મહારાજ !
આતો ગુરૂ પ્રસાદ છે નવ શાસ્ત્ર કેરો બાધ છે.
આરોગતાં આનદમા રહેશો ઋષિજી રગમા

**ઋષ્ય૦**— અહા કેવા રસિકને મિષ્ટ છે, પકવાન આ સ્વાદિષ્ટ છે.

**રંભા**— આરોગવાથી ઇષ્ટ છે અતિ શુદ્ધ નવ ઉચ્છિષ્ટ છે.
કસ્તુરી કેસર મેળવી બહુ બ્રાસ અમ્બર મેળવી
મહી શર્કરા નાખી ગળી પય પાન આ કરશો વળી

**ઋષ્ય૦**—અહા પયપાનથી આ અંગમાં પ્રગટે નવો આનંદ આ

**રંભા**—સુવાસ ભળતા બોલ આ મુખ કીજીએ રગ રોળ આ.
આ લેપ ચંદન ચોળશો શીરવાળ સરખા ઓળશો
આ પુષ્પ માળા ધારશો શોભા અધિક વધારશો
કોપીન પટ આ પરહરી લ્યો વસ્ત્ર પીતામ્બર ધરી
મૃગ ચર્મને તરછોડશો કંથા જરીની ઓઢશો
આ દર્ભ આસન ત્યાગશો આસન જરીને રાજશો

**ઋષ્ય૦**—હા હા ગજબ તે આજ શો? કરતા ગુરૂ મહારાજ શો ?
કયાથી અચાનક આવીયા અમ શિષ્યને મન ભાવીયા
નિવાસ કયા છે આપનો તે જાણવા ઇચ્છુ અમો

**રંભા**—શીમ બેઉ સ્તન ગીરિશૃગની જયા આણુ રાજ અનંગની
વસીએ અમે વાસો જહીં જ્યા શોક દુખનું નામ નહિ

**ઋષ્ય૦**—અભ્યાસ શુ છે આપનો ?

**રંભા**—હાં અભ્યાસ ! રસ શાસ્ત્ર શીખ્યા છુ અમો
બહુ શિષ્યને શીખાવીએ ઉપકાર કરતા આવીએ

ઋષ્યઠ — શુ મંત્ર તેનો મુળ છે ? !
રંભા— કહેવાનુ બેસે મુલ છે !
ઋષ્ય૦— અમ શિષ્યને સમજાવશો,
રંભા— આજ્ઞા શીરે ઉઠાવશો ?

ઋષ્યઠ—જી હા, હા,

રંભા— સેવા જો કરશો અંગની થાશે કૃપા અનંગની
સેવા જો કરશો ભાવથી મળશે પ્રસાદી ભાવથી

ઋષ્યઠ—ગુરૂજી ! આ પુણ્યાશ્રમમા ઘણા ઘણા રૂષિ–મુનિ અને તપસ્વી· ઓને મે જોયા, પણુ આપતો કોઇ અલૌકિક દિવ્ય સ્વરૂપ છો, આ ભવ્ય મુખકાન્તી !–આ વિશાળ વૃક્ષ સ્થળ ! અવશ્ય આપ ગુરૂદેવ તો કોઇ અદ્ભુત છો અહાહાહા.

રંભા—હા એતો અમારા નિશ્ચિત ઇશ્વર ધ્યાનથી દ્રઢ યોગ પ્રાણાયામથી, સિદ્ધિ સમાધિ જ્ઞાનથી. વિશાળ છાતી આ બની

ઋષ્યઠ—ઠીક ઠીક, અહાહા !

મુખ તેજ આ ગુરૂ વર્ય શું
રંભા— તપ તેજ અમ બ્રહ્મચર્યનું
ઋષ્યઠ— શીરે જટાશી શોભતી
રંભા— ગંગા સદા શીર ચોળતી
ઋષ્યઠ— વલ્કલ વિચિત્ર ધર્યા તમે
રંભા— તેવા સહે છે આપને

ઋષ્ય૦— તનથી સુગધી પ્રગટતી મુજ ભસ્મમા એવી નથી
એવું કીયું તપ આચયુ સૌદય શરીરે આ ધર્યું
કોણુ દેવને આરાધીયા મંત્રો જપ્યા ગુરૂજી કયા

રંભા— તે સર્વ તમને શીખવુ રસ શાસ્ત્ર છે નવ નવુ
કીધ કામ પ્રભુની સાધના કામાક્ષી મત્ર આરાધના
તેની કૃપાથી આ સૌ સૌભાગ્ય પામ્યા નવ નવુ

ઋષ્યઠ— તે મંત્રના શું અક્ષરો શીખવો ગુરૂ કરણા કરો
રંભા— ગુરૂને પ્રથમ ભેટી ફરી બોલો પ્રથમમા ' ઑ શ્રી''

ઋષ્યઙ- “ ૐ શ્રી ”

બધા—ૐ નમો ભગવતે કામદેવાય ॥ કામાક્ષાય ॥
ઋષ્યઙ—ૐ નમો ભગવતે વાસુદેવાય ॥ વીરૂપાક્ષાય ॥
રંભા— અરે અરે એમ નહિં
ઋષ્યઙ—ત્યારે કેમ ?।
રંભા—ૐ નમો ભગવતે કામદેવાય ॥ કામાક્ષાય ॥
ઋષ્યઙ—ૐ નમો ભગવતે કામદેવાય ॥ કામાક્ષાય ॥
રંભા—હા હા હવે ઠીક ।

૫ળ તાત્કાળીક લ્યો રમો આ પુષ્પનો ફેંકુ દડો.

મેનકા—તેને ઉછળતો થામસો તો મંત્ર સિદ્ધિ પામશો

## ગાયન.

રંભા-મેનકા-ઉર્વશી
અપ્સરા-રશ્યસૃંગ } ( ૧૦ )

રંભા—જો આ દડો ફેંકું અમો
રશ્ય—ફેંકો તમો
રંભા—જો આ પડયો
રશ્ય—આ ગડબડયો
મેનકા—આ દડબડયો
સખી ૧—દોડયો દડો
ઉર્વશી—ઝીલો તમો
રંભા—ઝીલ્યો તમો

આ અહી છે, આ અહી છે. મુજ છાતી સરસી સાંઇ છે.

રંભા--જશો વદી નકશી પડી
મેનકા--લ્યો આ દડી
સખી--સુખની ઘડી
ઉર્વશી--છે પા ઘડી
રંભા--સીદ્ધિ વડી
મેનકા--સીધી દડી

**સખી**—હૃદયે જડી
**ઉર્વશી**--આપે ભલી
**રંભા**—લ્યો આ હડી લ્યો આ હડી
**રશ્ય**--હાં આ પડી હાં આ પડી, નિશ્ચે હવે તો છે જડી

---

## પ્રવેશ ૫ મો.

---

**સ્થળ—મહેલ.**

**પાત્રો—ઇંદ્રજીત-ઇંદ્ર-ઇંદ્રાણી તથા પાછળથી સુલોચના.**

**ઇંદ્રજીત**—કેમ ગર્વાન્ધ અસુરારી-હવે કંઇ મગજની ઓછી થાય છે ખુમારી? નિશ્ચય માનકે તું મારા સબળ ભુજબન્ધમા કેદ થયો છું.

**છંદ.**

છૂટે કદી વજ્રના દ્રઢ પીંજરાથી,
છૂટે કદાપિ સિંહના મુખ બન્ધમાથી,
છૂટે કદી યમ તથા યમદુતનાથી,
છૂટે ના ઇંદ્ર કદી આ ભુજબંધમાંથી.

**ઇંદ્ર**—
હુંકારથી હરિ સદા દુર તો રહે છે,
હુંકારી કેશરી કપાળ ચીરી મરે છે,
હુંકારી હું પદ ગજે નર જે ચઢયા છે.
બેહાલ હાલ થઇ તે ધરણી પડયા છે,

**ઇંદ્રજીત**--
બેહાલ હાલ તુજને કરૂં ઇંદ્ર આજે
ને તારી શચી પ્રિયા ભરી આ સભા જે,
નિર્લજ વસ્ત્ર હરિ હું કરૂં ઇંદ્ર રાણી,
નિહાળીને ભરીશ તું નીજ નેત્ર પાણી.

**ઇંદ્ર**—
શ્રાપાગ્નિએ સતી તણો તુજ વંશ બાળી
દેશે કુટુંબ કુળ રાક્ષસ સૌ પ્રજાળી,
તું કુંભકર્ણ દશ કંઠ સૌ મળીને
જાશે સ્મશાન્ મયી લંક બધી મળીને.

ઇંદ્રજીત— ના અગ્નિથી પ્રજળુ કે યમથી મરૂ ના
શસ્ત્રાસ્ત્ર કે વજ્રથી કદી હું ડરૂ ના
ના યક્ષદેવ ના કીન્નરથી હું હારૂં,
હું પાસ સ્ત્રી વચનનું બળ શું બિચારૂ

ઇંદ્ર— કાલે હરિહર વિધિ પણ ના વીછોડયા.
કાળે કંઇ ગર્વીના મન ગર્વ તોડયા;
જે થાય ના વિધિ હરિહર ઇંદ્રનાથી,
તે થાય સ્ત્રી વચનના અતીતીવ્ર ઘાથી.

ઇંદ્રિજીત—ગુમાની ઇંદ્ર! માન હજુ પણ માન–દુરાગ્રહથી બાજ આવ નાહક આપત્તિ ના ઉઠાવ. હજી પણ છત્રપતિ અસુરેશ્વર લંકેશ્વરને શર્ણ થા. તેમનુ આધિપાત્ય સ્વીકાર અને તારા થયેલા અપરાધની તેના પાસે ક્ષમા માગ

ઇંદ્રિ—ક્ષમા માગું! શરણુ થાઉં! દબાઉં! કીયા ધર્મબળથી, કીયા નીતિ બળથી, કીયા જ્ઞાન બળથી?

ઇંદ્રિજીત—અમારા ઐશ્વર્ય બળથી! સત્તાબળથી, સમશેર બળથી, અમારા પ્રચંડ બાહુબળથી.

ઇંદ્રિ—કદાપિ નહિ, દુરાચારી–વ્યભિચારી–અત્યાચારી–બ્રહ્મ રાક્ષસપર સંપત્તિ અને પરસ્ત્રી ઉપર અત્યાચાર કરનાર એક બ્રહ્મકુલોત્પન્ન અધમાધમ અસુરને આ સુરપતિ ઇંદ્ર કદિ પણ પોતાનું મસ્તક નમાવશે નહિ.

ઇંદ્રિજીત—તો તે ઉન્નત મસ્તક અવસ્ય ધડથી જુદું થશે. છત્રપતિ લંકેશ્વરના ચર્ણની ઠોકરો ખાતું ધુળમા રગદોળાતું રહેશે. ઇંદ્ર! આજે તું મારા પ્રબળભુજ પાંજરમા કેદ પુરાયો છે. દેવગુરૂ બૃહસ્પતિના અભિષેકથી સ્થિત થયેલો તારો આ મુગટ મારા આ પગ નીચે દબાયો છે.

ઇંદ્રિજીત—હા.

છન્દ.

સમય પર એજ હુ મસારનુ પાલન કર્તા
સમય પર એજ હુ જે સ્વર્ગની સંપત્ત ધર્તા
સમય પર એજ હુ ઇંદ્રાણી ભુજ આલિંગનમા
સમય પર એજ હુ તુજ કાળ રાક્ષસ બન્ધનમાં

ઈંદ્રજીત—હા, તું આજે આ સબળ સત્તાધિશ મહારાજ લંકાધિશના પુત્ર મેઘનાદના સબળ બંધનમાં છે માટે ખ્યાલ કર, જો તું તારૂ ઐશ્વર્ય સંપત્તિ ચાહતો હોય તો ચાલ મારો હુકમ ઉઠાવ, મહારાજ લંકેશ્વરના કદંબ ઉપર શીર ઝુકાવ.

ઇંદ્ર—મેઘનાદ, તે કદાપી નહિ બને.

ઇંદ્રજીત—ઈંદ્ર! સમજ હજુ પણ સમજ, નહી તો યાદ રાખ કે,
જુલમથી ત્રાસથી ભયથી અગર ઉપાય ઘટતાથી,
નમાવીશ તાતના ચરણે હું મારી પૂર્ણ સત્તાથી.

અનુચર—મહારાજ ! દેવી સુલોચનાના મંદીરેથી રોતી–કકળતી–ખેંચી આણી, કદમપર રજુ છે આ ગર્વાંધ અસુરારી ઇંદ્રની ઇંદ્રાણી.

ઇંદ્રજીત—લાવ તો તેને એકદમ અંદર લાવ, આ તેના પતીના દેખતા તેનાં વસ્ત્ર ખેંચી તે દીનહીન ઈંદ્રાણીને નગ્ન બનાવ—

છન્દ.

ઇંદ્રાણી— સજળ ઘનમેઘથી દારૂણ રૂધીર ધારા વર્ષે,
અગર આકાશ ઘોર અંધારથી અગારા વર્ષે.
કદી પાષાણના ડુંગર સમુદ્રપર તરસે,
તથાપી ઈષ્ટ તારી આ દુરાશાના સફળ કરશે.
હા પ્રાણેશ ! સાહય સાહય.

ઇંદ્ર— કકળાટ તારો સુણી હે શચી પ્રીયા,
કકળે છે અંતર પ્રીય દુખી દેખી હા.
ઇંદ્રાસને રાજતી રાજ અંકમા,
દુર્ભાગ્યથી વસ્ત્ર મળે ન અંગમાં.
શિથીલ આ શીર તણી લટ તો થઇ છે,
કાન્તી મલીન દીનહીન બની રહી હૈ
હા વલ્લભા શચીપ્રીયા અરે હાય નીહાળી,
ક્રોધાગ્ની હૃદયને દે અતીશે પ્રજાળી.

ઇંદ્રાણી— જેને કહી પ્રીય પ્રીયા રતી પ્રાણ પ્યારી,
બોલાવતા રસીક વલ્લભ હર્ષ ધારી.
તે હાલ હાલ અવળે બનીને બીચારી
દુશ્મનો દુખી કરે શીર કેસ ધારી

ઈંદ્રજીત—કેમ ઈંદ્ર ! હજી પણ ઘમંડ ઉતરે છે ? પ્રચંડ પ્રતાપ મહારાજ લંકેશ્વરને નમવાની મારી આજ્ઞા કબુલ કરે છે ? !

ઈંદ્ર—નહિ નહીં કદી નહી, રૂષી મુનીઓ અને પવીત્ર તપસ્વીઓને સંતાપનાર દુરાત્મા લંકેશને આ સુરેશ્વરનું પવીત્ર મસ્તક કદાપી નમશે નહિ.

ઇંદ્રજીત—હવે તું સ્વર્ગનો અધીપતિ હોઇ સ્વર્ગના ઇંદ્રાસન ઉપર બેસનાર છે એમ નહિ માનતા મારા ચર્ણનો એક ગુલામ છે એમ માની લે.

કયા છે તે સ્વર્ગનું સુરાસન કયા તે જાહોજલાલી તારી,
કર્યાં દેવ ગંધર્વ કીન્નરોને ક્યાં અપ્સરાઓ છે નાચનારી.
કયા ગયાં ઐશ્વર્યને રાજલક્ષ્મી ગઇ કયા સેના અને દાસદાસી,
ઉભી છે જો આ હજુર મારી ઇંદ્રાણી તે એક બનીને દાસી.
કયા તે બુદ્ધી શરીર બળ કયાં ટહીં ગુમાવી તેં રાજ શકતી.
જો છત્ર ચામર બદલ રહીઆ આસી બદન પર તારા ચમકતી,

વીર અક્ષકુમાર ! આ દુષ્ટા શચીના વસ્ત્ર તેના અંગ ઉપરથી ઉતાર, મારો બળ પ્રતાપ શું છે તે ગર્વાન્ધ ઈંદ્રને પ્રત્યક્ષ કરી બતાવ.

ઈંદ્રાણી— દુઃખી લાચાર અબળા પર કરી લે જુલમ જે ચાહે,
સજ્જનતા ધર્મનીતીનુ કરી લે ખુન જે ચાહે
અધમતા દુષ્ટતા આથી ધરી લે પૂર્ણ જે ચાહં,
ક્ષણીક જીવન રહ્યા સુધી કરી લે તુંથી જે થાયે.
જુવાની બળ ગુમાવી તે જરૂર એક દિન જવાની,
ખીલેલી ફુલવાડી તે ફના એક દિન થાવાની

ઈંદ્રજીત—વીર અક્ષકુમાર ચાલ કેટલી વાર ?

( અનુચર વસ્ત્ર ખેંચવા જાય છે એટલામાં સુલોચના આવી અટકાવ કરે છે. )

સુલોચના—હા ! હા ! નાથ સબુર !

નાથ કરગરી માગું હું ભીક્ષા આનચળ ફેલાવી,
નવ કીજે અપકૃત્ય પરસ્ત્રી ઉપર જુલમ વર્ષાવી.

નીતિ માર્ગને ત્યાગી અનીતિ માર્ગ ન ચઢીએ સ્વામી,
મહા બળી બળવાન તજી અબળાથી ના લડીએ સ્વામી.
કોણ બળી ફાવ્યા જગમાં કહો પરસ્ત્રીનો ધરી પાણી,
ધામધરાધન યશ સુખ સંપત્ત કોની સ્થીર રહી જાણી.
માટે નાથ કહી હીત શિક્ષા અબળાની ઉર ધારો,
કામ ક્રોધ મદ દુર તજી શચીપતીને દયો છુટકારો

ઈંદ્રજીત—કોણ શચીપતી મારા હાથથી છુટે ? સુલોચના.
છુટી શકે કદી શરીરથી પ્રાણુ મારા,
છુટે રવી ગગનથી કદી ચંદ્ર તારા.
રાહુ થકી છુટી શકે કદી રોહીણીશ્રી,
છુટે સબંધ શીવનો કદી પાર્વતીથી.

સુલોચના— જેણે રતી પરત્રીયાથી રતીક સાધી,
જેણે રતી પરત્રીયા થકી પ્રીત બાંધી.
તેની રતી પલટતી રતી છે મીથ્યા,
તેને રતી પતી અરી અતી દે છે શીક્ષા.

ઇંદ્રજીત— હું તો રતિ પતિ અરીવર છું કમાયો,
હુ તો રતી પતી તણા શરથી વીંધાયો.
જો આ શચીપતી બળી મુજથી જીતાયો,
શુ તાતના ચર્ણને નમતા લજાયો.

સુલોચના— ભીક્ષા સ્વનાથ દ્વય હાથ ધરી ચહુંછું,
આશ્રીતને અભય દો ફરીથી કહુછુ.
જીત્યાપરે જુલમ ના કરીએ કૃપાળુ,
આપે મુઆ ઉપર માર ન દયો કૃપાળુ
નીશ્વાસ અંતરતણા સતીના છુરા છે,
ને શ્રાપ અંતરતણા સતીના છુરા છે.

ઈંદ્રજીત—અય સુલોચના સુલોચના ! અય પદમણી પ્રીય પ્રાણાધાર પ્રેમાલ પ્રેમીલી પ્રેમદા ! તારા જેવી સુશીલ સુંદરીએ શરમ તજી આ રીતે એકાએક આવવું ઉચીત છે ? રાજકાર્યમા વીઘ્ન લાવવું એ શુ રાજ રીત છે?

સુલોચના—સ્વામી, આપ જેવા લંકાધીરાજના યુવરાજને શેષ સુતા

સુલોચનાના શીરતાજને શરમ તજી સુરરાજ રાણીની મહા સતી ઇંદ્રાણીની લાજ લેવી એ શું ઉચીત છે ? !

લંકાધીરાજના યુવરાજે આવું નીચ કામ કરવું એ શું રાજ રીત છે?

ઇંદ્રજીત—રાજરીતનો વીચાર અને રાજકાયભાર, તેમાં વચ્ચે આવવાને સ્રીને શું છે અધીકાર ?

સુલોચના—સ્રી એ ગૃહરાજ્યની પ્રધાન છે, પુરૂષની અર્ધાંગ છે. સ્વામીએ કરેલા પાપ પુણ્યના ફળની તે ભાગી છે, સુખ દુખમાં તે સ્વામીની સમ ભાગી છે.

ઇંદ્રજીત—અબળાની પ્રધાનતા અંતઃપુરે, નહિ કે જાહેર સભાગ્રહે.

સુલોચના—સભા તો ત્યાં છે કે જ્યાં સત્ય ધર્મ અને સત્ય ન્યાય છે, જ્યા અનીતી અત્યાચાર છે જ્યાં આ રીતે નીર્દોષ સતીઓ ઉપર બળાત્કાર છે તે સભાગ્રહ નહી પણ સ્મશાનગ્રહ છે.

ઇંદ્રજીત—સુલોચના ! સુલોચના ! આમ અતીષે અમર્યાદ થવું ઉચીત નથી.

સુલોચના—આપ સરખા મહા બળીએ આવા દુષ્ટાચારના રસ્તે જવું એ ઠીક નથી.

ઇંદ્રજીત—હુ તેનુ ચાહ્ય તે કરીશ અને મહારાજ લંકેશરના ચર્ણમા હું તેને અવસ્ય નમાવીશ

સુલોચના—આપ યુવરાજના ચર્ણમા હુ મારા પ્રાણ આપીશ, પરંતુ તેમને તો અવસ્ય હું તમારા જુલમથી છોડાવીશ.

ઇંદ્રજીત—રાણી હઠ કરશો તો દુખી થશો.

સુલોચના—સ્વામી, અધર્મનું સ્રીના નીશ્વાસનું ફળ અલ્પ કાળમાં અવસ્ય મેળવશો. મહારાજ દ્રષ્ટાંત લ્યો કે હું આપની ધર્મપત્ની છું. અને મારાજ ઉપર કોઇ દુષ્ટ આવો જુલમ કરે તો તેને શુ આપ સહન કરી શકશો ? તે કામ શુ ન્યાયયુકત કહી શકશો ?

ઇંદ્રજીત—કદી નહિ, મહારાજ લકેશ્વરની પુત્રવધુ ઉપર બળાત્કાર કરનાર તેજ ક્ષણે મારા દીવ્યાસ્રનો શિકાર થાય.

સુલોચના—તો મહારાજ ! જેવી આપની તેવીજ પરની,

તે ઉપર કરવી અયોગ્ય કરણી
રસાતાળે શૈન જાય ધરણી.
અથવા શેષ ધરે કેમ ધરણી,

ઇંદ્રજીત—તો શું ? આ મારા બળ શૌર્યને નકામ કરૂ, સકલ ત્રીભુવન ઉપર વીજય કરનાર હું તે હંકારી ઇંદ્રના ઉન્નત મસ્તકને પીતા ના કેશના ચર્ણમા નમાવ્યા સીવાય એમજ મુકત કરૂં ?

સુલોચના—સ્વામીન્ આપ મહાવીર છો, બળ શૌર્ય સંપન્ન રણધીર છો. તે સર્વે ખરૂં પણ હા

નીતિ વીના ધન રળ્યું તે પણ જવાનું,
નીતિ વીના સુખ મલ્યું પણ નાશવાનું.
નીતિ વીના સુરપણું નહિ શોભવાનું,
નીતિ વીના અચળ રાજ્ય નહિ થવાનુ.

ઇંદ્રજીત— હું ઈંદ્ર જીની યશ દ્રવ્ય ઘણું કમાયો,
હું ઇંદ્રજીતી સુરમા અતીષે ગવાયો.
હું ઈંદ્રજીતી કીધ રાજ્ય સુદ્રઢ પાયો,
હું ઈંદ્રજીતી મહેદ્ર બન્યો સવાયો

સુલોચના— અન્યાયથી કદી મહેન્દ્ર બન્યા શું તેથી
અન્યાયથી કદી કનક કોટ ચણ્યા શું તેથી
અન્યાયથી કીર્તી સ્ત્રી પરણ્યા શું તેથી
અન્યાયથી અધીક દામ ગણ્યા શું તેથી

સ્વામી, અન્યાયથી અધર્મ ની કદી સુખ સપત પ્રાપ્ત થતા નથી કદાચ પ્રાપ્તી થઇ તો તે ટકતા નથી કદાચ ટકે છે તો તે અલ્પકાળને માટેજ, કદાચ વીશેષ ટકે તો પણ તે અન્તે દુ.ખ દેવા માટેજ; માટે સ્વામી આજે નહિ તો માસે છ માસે વરસે પચાસે અધર્મનુ વાવેલું બીજ અવશ્ય ઉગી નીકળે છે અને તેના ઝેરી ફળો બીજ વાવનારને અન્તે જરૂર મળે છે

ઈંદ્રજીત—હા પણ તેથી મને શું ? હું તો અસુર છુ, મહાબળી દાનવોમા સર્વ શ્રેષ્ટ રણસુર છુ.

સુલોચના— ગર્વ ન કરીએ પ્રભુ છે ગર્વ ગંજન શ્રો હરી.

ઇંદ્રજીત— એવા હરી કંઇ થઇ ગયા વનરાજકુળ કેશરી

સુલોચના— હા કેશરી પણ સમય પર શીકાર થાયે શ્વાનનો
એક મુષક પણ શોષક બને ગજરાજ કેરા માણનો

માટે તજો મીથ્યા ગુમાન માનથી હરી વેગળા
આ નારની લાચારની અરજી ઉરે ધારો ભલા

સ્વામી આખરે કરગરીને વીનવીને કહુ છુ કે કોઇ પણ ઉપાયે સતી ઇંદ્રાણી ઉપર જુલ્મ થતો અટકે.

ઇંદ્રતજી—હા એક શરતે આ ગર્વાન્ત્ર ઇંદ્ર પોતાનું ઉન્નત મસ્તક મહારાજ લંકેશ્વરના ચર્ણમાં પટકે અને આજની આદી દેવો મને ઇંદ્રજીત એ નામની મહાન પદવી આપી સ્વર્ગ ઉપર મહારાજ લંકેશ્વરનું આધીપત્ય કબુલ કરે.

દેવો—હા તે વાત સર્વ રીતે અમને અનુકુળ છે. અમારા સુરપતી તથા મહા સતી શચીની મુકતી માટે અમોને આપની માગણી સર્વથા કબુલ છે.

ઇંદ્રજીત—ઠીક તો ચાલો મહારાજ લંકેશ્વરના દરબારમા

## પ્રવેશ ૬ ઠો.

સ્થળ:—લંકા.

પાત્રો:—વીભાંડક:—ઋષ્યશૃંગ—રંભા—મેનકા—ઉર્વશી—વીગેરે.

વીભાંડક—અહો પુત્ર ! અચાનક આ તારી સ્થિતિમા ફેરફાર કેમ થયો ? તારા પૂર્ણ બ્રહ્મચર્ય બળનો અને તપ બળનો નાશ કોણે કર્યો? ! જીતેંદ્રીયતાનું તેજ અરે શુદ્ધ બ્રહ્મ તેજ તારા કપાળ ઉપર કેમ પ્રકાશ આપતુ નથી? તું ધર્મ ધ્યાનથી અને યોગ જ્ઞાનથી બ્રહ્મ ભ્રષ્ટ કેમ થયો ? ઇશ્વરીય જ્ઞાન અને ધર્મ જ્ઞાન તારૂ નષ્ટ કેમ થયું ? ! કહે આવું કેમ બન્યું ? શાથી બન્યું ? શું થયું ? કોણે કર્યું ?

થયો ભ્રષ્ટ તુ અને ગઇ શાન શુદ્ધિ,
અરે આવી કોણે કરી ઉંધી બુદ્ધી,
ગયુ જ્ઞાનને ધ્યાન કયા આજ તારૂ
ભમે છે અરે ચીત્ત ક્યાં આ અકારૂ,
ધર્યાં હોમ શું હવ્ય તણા પાત્ર મેલા.
વીતાવી બધી યજ્ઞ દષ્ટની વેળા,

અરે પુત્ર શી મુર્ખતા આ કરી તેં.
ગુમાવી રળી સિદ્ધી હાથે કરી તેં ?

ઋષ્યશૃંગ:—પિતાજી હુ ભુલ્યો, પરંતુ હું કેમ ભુલ્યો તે કહી શકતો નથી. એકાએક મારી બુધ્ધી ભ્રમીત કેમ થઇ તે હુ જણાવી શકતો નથી.

કુભાંડક:—કહે મારા ગયા બાદ કોઇ આશ્રમમાં આવ્યુ હતું ? !

ઋષ્યશૃંગ:—હા પિતાજી અને ત્યારથી મારી બુધ્ધીમા ભ્રમ થયો છે.
એક અજબ ગુરૂજી આવીઆ મને અજબ મંત્ર શીખાવીઆ,
બહુ ભેટ નવ નવી લાવીઆ, ફુલ અજબ આરોગાવીઆ.
ફળ મીષ્ટ ખાધાં જ્યારથી, બુધ્ધી ભમી છે ત્યારથી.

વીભાંડક:—અરે મુર્ખ એ ગુરૂએ તો તારૂં જીવન પુરૂં કર્યું છે અરે જે બ્રહ્મચર્ય કે જેનાથી ઉત્તમ બીજી એક પણ સીધ્ધી નથી તેને તેણે નષ્ટ કર્યું છે અરે એવા માયાવી રાક્ષસના પાસમાં તું લોભાયો આ ઉત્તમ મનુષ્ય જન્મ લઇ મોક્ષ પ્રાપ્તનો શ્રેષ્ટ પરૂષાર્થ તેં હાથે કરી ગુમાવ્યો, શીવ ! શીવ ! શીવ !

ઋષ્યશૃંગ:—પણ પિતાજી એ સુઘડ સુંદર ગોરે—મનોહર સુંવાળા—રૂપાળા—ગુરૂજી તે રાક્ષસ હોય એમ બનેજ કેમ ? !

વીભાંડક:—અરે શાબ ! એ માયાવી રાક્ષસ તો નવ નવાં રૂપ બતાવે અને આપણ રૂષી બ્રાહ્મણોને તપ ધ્યાનથી ચળાવે. જાતજાતના વસ્ત્ર અલંકાર ધરાવે ખાનપાન કરાવે મોટી મોટી લાલચોમા લપટાવે અને આ મોક્ષના અધીકારી શુધ્ધ જીવોને માયાના ફંદમાં ફસાવે, માટે હવે જો મારો પુત્ર હોય તો એ દુષ્ટ રાક્ષસોને આપણા આશ્રમ નજદીક આવવા દેઇશ નહિ. તેમની દુષ્ટ બન્ને લોકને ભ્રષ્ટ કરનાર આપણા બ્રહ્મચર્ય અને તપ તેજનો નષ્ટ કરનાર માયાની લાલચમાં લપટાઇશ નહિ.

ઋષ્યશૃંગ:—સદ્દગુરૂ ! સદ્દગુરૂ ! હાશ જો હવે અહીંઆ આવે તો તેમની વાત છે ( સ્વ ) એવા તો પકડી રાખું કે જવાજ ન દઉં.

વીભાંડક:—જોજે હાં મારો ઉપદેશ ધ્યાનમાં રાખજે, નહિ તો પસ્તાઇશ અને જે દેવોને પણ દુર્લભ એવા બ્રહ્મ તેજથી નષ્ટ થઇશ

ઋષ્યશૃંગ:—નહિ નહિ પિતાજી હવે તો એમ બનશેજ નહી. હવે તો હું એ ગુરૂની બરાબર ખબર લઇશ. ( સ્વ ) સેવક દુ ખ હર્તા જય ગુરૂ સુખ કર્તા.

વીભાંડક:—જો ત્યારે હવે હું માહારાજ દશરથને મહારૂષી વશિષ્ટ પુત્ર કામેષ્ટી યજ્ઞ કરાવનાર છે ત્યાં દક્ષણા માટે જાઉ છુ. તો તું અહી ખ્યાલ રાખજે આસનને બરાબર સંભાળજે.

ઋષ્યશૃંગ:—વારૂ પિતાજી ( સ્વ ) હવે હુ બરાબર ખ્યાલ રાખીશ ( વીભાડક જાય છે )

જય ગુરૂ સુખ કર્તા સેવક દુ ખ હર્તા કયા ગયા કયારે મળે એ ગુરૂ હવે કયારે મળે મનને કાઈ ચેન પડતું નથી.

પિતાજી રાક્ષસ કહે છે તદન જુઠું બ્રહ્મચર્યનો નાશ પણ એ તો મંત્ર સીખ્વી માટેજ છે. મોક્ષનું સુખ પણ એ ગુરૂની સતસંગ આગળ તુચ્છ છે. બ્રહ્મનો આનંદ પણ એ ગુરૂના પરમાનંદ આગળ કઇંજ નથી બ્રહ્મનેજ તે પણ એ ગુરૂના તપતેજ આગળ નીસ્તેજ સદગુરૂ મદગુરૂ એ આવ્યા એ આવ્યા લાવો સ્મરણ કરૂ એટલે ઝટ આવશે. સેવક દુ ખ હર્તા જય ગુરૂ સુખ કર્તા હા આવ્યા આ ગુરૂનો મધુર સ્વર સભળાયો નક્કી એજ આવ્યા લાવ્ય ગુરૂનો આપેલો મંત્ર જપુ.

ૐ નમો ભગવતે વાસુદેવાય વીરૂપાક્ષાય,

અરે અરે ભુલ્યો ૐનમો ભગવતે કામદેવાય કામક્ષાય.

ઋષ્યશૃંગ:—હા હાં સદ્ગુરૂ પધારીએ પધારીએ તમારા સીવાય મને એક ઘડી તે એક યુગ જેવી લાગતી હતી.

રંભા—એમ ? તો ચાલો

ઋષ્યશૃંગ:—કયા ?

રંભા—હમેશા સાથે રહેવા—મોક્ષાનંદ પરમાનંદ બ્રહ્માનંદ અરે યોગાનંદ લેવા

ઋષ્યશૃંગ:—સાથે રાખી શુ કરશો?

રંભા:—રતી રસમા રમીશુ, કામશાસ્ત્ર શીખવીશુ, યોગાભ્યાસ આરંભાવીશુ, રસમાં ભીજાવીશુ અને અનંગ નવનવા આનંદ અનુભવાવીશુ.

ऋष्य:—પણ આશ્રમ સુનો મુકીને તો મારાથી નહી અવાય, પિતાજી ક્રોધ કરે અને લઢે.

રંભા:—જાવ ત્યારે રહો એકલા અમે તો જઇશુ.

ऋष्य:—નહી નહી નહી, હવે તો અહીંથી જશોજ નહિ. મારાથી એક પળવાર પણ જુદા થશો નહિ. જો એક પળવાર તમારો વિયોગ થાય છે તો મારા જીવને કાઇ કાઇ થઇ જાય છે.

રંભા:—ત્યારે આ ગુરૂ સાથે પૂર્ણ યોગ સાધના કરવી હોય, ગુરૂમંત્ર મેળવવો હોય, કામશાસ્ત્ર અને રતી રસનો આનંદ લેવો હોય તો આ બધી જંજાળ છોડી અમારી સાથે ચાલ્યા આવો.

ऋष्य:—હા ગુરૂ આપની સાથે રહી અવશ્ય મોક્ષ આનંદ મેળવવોજ છે, પૂર્ણ આનંદ લેવોજ છે, એવો કીયો નિર્ભાગી હોય જે ઘેર ગંગાજી પધારે અને ન્હાય નહી, ઉત્તમ સતસંગની કમાઇ કમાય નહિ ?

રંભા:—હા જો તમારી ગુરૂ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધા અને ભક્તિ છે તો અવશ્ય તમારે ગુરૂની સેવા કરવીજ પડશે.

ऋष्य:—હા સેવા ગુરૂની સેવા તો અવશ્ય કરીશ, સેવા કરીએ તો મેવા મળેજી, લાવો ગુરૂજી તમારી સેવા કરૂ.

સાધુકી સંગત પાઇ વાકી સુલભ કમાઇ,
સાધુકી સંગત ગુરૂજીકી સેવા તનક તનક બનાઇ. વાકો૦ •

ધન્ય ગુરૂ વાહ ગુરૂ.
ધન હરે ધોખો નવ હરે એવા ગુરૂ કલ્યાણ શું કરે
શીષ્યના પૈસા હરનાર ગુરૂ તો ઘણા હોય પણ સંતાપ દુર કરે એવા ગુરૂ તો આપજ છો, ધન્ય ગુરૂ ! ધન્ય ગુરૂ ! અહાહા ! ગુરૂના ચર્ણ કમળ કેવા સુંવાળા છે ! વારૂ ગુરૂજી આ ઝણ ઝણ થાય છે એ શું હશે વારૂ ? !

રંભા:—સાધુ મહારાજ એનુ નામ ઝાંઝર નુપુર, એનો સ્વર સાંભળવાથી મનુષ્યની ચીત્ત વૃત્તિનો નિરોધ થાય છે સમજ્યા ? !

ऋष्य:—જી ગુરૂજી સમજ્યો, વારૂ આ ચળક ચળક ચળકે છે અને ઘણુંજ સુંવાળુ લાગે છે તેનુ નામ શું છે ?

રંભા:—હાં બ્રહ્મચારીજી એનું નામ અંબર જેને સ્પર્શ કરવાથી મનુષ્ય માત્ર થઇ જાય છે અમર.

શ્રૃષ્ય:—ખરૂ ખરૂ એ પણ ખરૂં, અંબરને સ્પર્શ કરવાથી અમર થવાતુંજ હશે, વાહ ગુરૂ વાહ. અને ગુરૂ દેવ આપે આ અતિષય ચક ચકતી રૂદ્રાક્ષ ધારણ કરી છે કે શું ?

રંભા:—નહી સાધુજી ! એ શીવજીના મસ્તકથી નીકળતી ગંગાની શ્વેત ધારા છે, અમારો તે મુકતા હાર છે, એને સ્પર્શ કરવાથી માણસ જીવન્ મુક્ત થાય છે. વળી જુઓ આ સરસ્વતી મંદીર તેમાં રહી સાક્ષાત સરસ્વતી વીણાનાદથી સંગીત કરે છે, કેમ તમારે સાંભળવું છે ?

શ્રૃષ્ય:—જી હા ગુરૂદેવ જેવી આપની કૃપા.

રંભા:—સાક્ષાત સરસ્વતીનુંજ સંગીત.

શ્રૃષ્ય:—તે સાંભળવા તો થયો છુ એક ચીત્ત.

રંભા:—સાંભળો ત્યારે.

શ્રૃષ્ય:—જય જય મહામાયા મહાલક્ષ્મી મહા સરસ્વતી વાહ વાહ. આ શું ભવ્ય લલાટ ! આ શુ ! ગુરૂના બ્રહ્મચર્યનું તેજ.

રંભા:—બ્રહ્મકુમાર અમારા બ્રહ્મચર્યના તેજ આગળ તો તમારૂં બ્રહ્મતેજ પણ જણાય છે નિસ્તેજ

શ્રૃષ્ય:—વાહ. વાહ. આ વાળ કાળા અતિષય સુંવાળા.

રંભા:—નહિ મુનીજી એ તો છે યમુનાની જલધારા, આ કંઠથી નીકળતી સરસ્વતી, આ ઝળકતા મણી કુન્ડળથી નીકળતી ગગાની શ્વેત-ધારા અને કેશ તે યમુનાની સ્યામ ધારા આ વદન તે તીર્થ પ્રયાગ અને આ ગંગા યમુના અને સરસ્વતી એ ત્રણે નદીનો સંગમ તે ત્રીવેણી તીર્થ સ્નાન કરે તેને તો અવસ્ય મોક્ષ મળે મળે અને મળેજ.

શ્રૃષ્ય:—ત્યારે ગુરૂ મને પણ મોક્ષનો લાભ રળાવો અને ત્રીવેણી તીર્થ સ્નાન કરાવો.

રંભા:—ઠીક તો તમે પણ મંત્રશિક્ષા પાસ કરી અને અમારી સાથે યોગાભ્યાસ કરો.

ઋષ્ય:—મંત્ર તો તે દીવસે તમે શીખવ્યા હતા.

રંભા:—પણ તે તમે કયારે શિખ્યા હતા? મહારાજ એમ તપ કર્યાં વગર મંત્ર સિધ્ધી થાય નહિ, મોક્ષપદ મેળવાય નહિ.

ઋષ્ય:—ત્યારે હવે ફરીથી શીખાવો.

રંભા:—તો એકાંત અમારા તપોવનમાં આવો, અમારી સાથે અષ્ટાંગ યોગ લગાવો, અલક્ષ જગાવો અને પછી મંત્ર સિધ્ધી પામો.

ઋષ્ય:—તમારૂ તપોવન તે કેવુ હશે?

રંભા:—સાભળો ત્યારે.

રંભા:—
જહીં ફુલવાડી રૂપાળી અતી હો,
જુઇ જાઇ ને માલતી મહાલતી હો.
સુગધી ઘણી હોય ચપે કંદએ,
શીખો યોગ ત્યાં આ ગુરૂ અંગ સંગે.

મેનકા:—
જ્યા સારીકાશુક કોકીલ કાળી,
વદે છે જ્યાં હસે સગે મહાલી.
જ્યા રાજ રૂક જમાવ્યું વસંતે,
શીખો યોગ ત્યાં ગુરૂરાજ સગે.

રંભા:—
જ્યાં ભ્રગ ગુજારથી ગીત ગાતા,
મયુરી મયુરો વળી નાચતા જ્યા.
જ્યા વાસ કીધો વીલાસી અનગે,
શીખો યોગ ત્યા આ ગુરૂ દેવ સંગે.

મેનકા:—
નદી તીર શીલા લાસી ને સુંવાળી,
વળી ઉપરે પુષ્પ સૈયા બીછાવી.
બીરાજી ભલા બ્રહ્મચારી ઉમંગે,
શીખો યોગ ત્યા આ ગુરૂ રામ સંગે.

રંભા:—
જુઓ રમ્ય આ સ્થળ છેના પરાયુ,
વહેમદ સુગંધને શીત વાયુ.
ઝુલે છે લત્તા કુજથી આ પ્રસગે,
શીખો યોગ ત્યા આ ગુરૂ વામ સંગે.

મેનકા:-- શીખો રાજ આ યોગ ને રાજ વિદ્યા,
ટલે ભ્રમ સઉ બ્રહ્મનો જે અવિદ્યા.
રંગાઓ રસીલા રતી રંગ અંગે,
શીખો યોગ ત્યાં આ ગુરૂ કામ સંગે.

ઋષ્યશૃંગ:— રૂડી રાજ વિદ્યા શીખાવો ગુરૂજી,
રહ્યું ગુપ્ત જે જ્ઞાન દાખવો ગુરૂજી
શીખ્યા વીણુ સિદ્ધી ન છે મોક્ષ સ્વામી,
ગુરૂ મોક્ષગામી નમામિ–નમામિ.

રંભા·—ત્યારે હવે સાભળો બ્રહ્મચારીજી આ અમારૂં ગંભીર ગીતાશાસ્ત્ર!
આ અમારી ગુપ્ત રાજ વિદ્યા અને રાજયોગ
સાભળો અને શીખો અમારા તપોવનમા અમારી સાથે ચાલો.

ઋષ્યશૃંગ:—હાજી ચાલો ગુરૂજી.

## પ્રવેશ ૭ મો.

સ્થળ-રાવણનો દરબાર.

પાત્રા:—રાવણ—વિભીષણ—ઇંદ્રજીત—ઇંદ્ર—બ્રહ્મા વિગેરે

છડીદાર—જય જય શ્રીમન્ન્ મહારાજાધીરાજ લંકેશ્વરને ઘણી ખમા!

ઇંદ્રજીત—શીરછત્ર પિતાશ્રી, આ ગર્વાન્ધ દેવેંદ્ર સહીત અન્ય દેવો ઉપર
વિજય કરી તેઓને આપના ચર્ણાર્વિંદમા નમાવવા આજે આણ્યા
છે, આ પુત્ર આપની તુચ્છ સેવાથી રૂણમુક્ત થયો છે.

રાવણ—શાબાસ! પુત્ર મેઘનાદ, હું લંકપતીને ત્યા તો તારા જેવાજ પુત્ર
રત્ન હોવા જોઇએ. અવસ્ય પુત્ર ને મારા વૈરનો બદલો લીધો, તે
દુષ્ટ અસુરોના કાળ દેવતાઓને યોગ્ય દંડ દીધો

ઇંદ્રજીત—પિતાશ્રી જુઓ! જે બૃહસ્પતિના અભીષેકથી પોતાના મસ્તકપર
સ્થિત થયેલો મુગટ આપના ચર્ણમા રાખે છે
દેવેંદ્ર ચાલ કદમ ઉઠાવ મહારાજ લંકેશ્વરના ચર્ણમા શીર ઝુકાવ.

રાવણ—કેમ મદાંધ સુરપતિ! તને ખબર ન હતી કે આ લંકપતિ સામો
લડવા તૈયાર થયો! હાથે કરી મ્હોતનો શિકાર થયો?

**ઇંદ્રજીત**—સહસ્ર નેત્ર છતા ગર્વાધ ને કયાથી સુઝે ? ! આ લંકેશ્વર સાથે યુદ્ધ કરી કાળના મોમા પડવાનું સાહસ ન કરે.

**રાવણ**—સુરપતિ હુ તને હુકમ કરૂં છું કે—તારે નીરંતર આ લંકપતિના અને સમસ્ત લંકાના ઐશ્વર્યની રક્ષા કરવી

**ઇંદ્રજીત**—પિતાશ્રી ! આ કાળદંડધારી નરકેશ્વર યમરાજ કે જેના પ્રતાપથી સંસારનાં સર્વ પ્રાણીઓ ગરણની પીડા પામે છે, પોતાના પાપમય નર્ક કુડમા ડુબ્યા કરે છે યમરાજ સાવધાન તુ સર્વ સંસારને પ્રાણ દંડ દેનાર હોઈ મારા ભુજ દંડના પ્રચંડ દંડથી શરમીદો થઈ પિતાજી પાસે જીવતદાન માગ.

**રાવણ**—કેમ યમ વીકાળ કાળ ! આ કાળના પણ મહા કૃતાંત્ત કાળ લંકેશના ભુજદંડની તને એક વખત ભેટ થઈ હતી છતાં પણ તું લઢવાને ઉધુકત થયો ? કેમ હવે જોયું આ અસુરેશના ભુજ દંડનુ બળ કે જે લોખડ જેવા શત્રુઓના અખંડ હૃદયને પણ ખડનાર તે એક વખત કાળ યમરાજના પણ પ્રાણ હરનાર છે.

**યમ**—હા જોયુ ! બરાબર જોયુ ! કે જે મદાધ અધીકારીઓ ગર્વાંધ રાજ સત્તાધીકારીઓ, એક વખત કાળના ઉપર પણ પોતાની સત્તા ચલાવતા હતા તે કાળ જતા કાળનો ગ્રાસ થાય છે કાળના મોનો શીકાર થાય છે. આજે નાવ ગાડી ઉપર છે કાલે ગાડી નાવ ઉપર આવશે કાળ ઉપર અધીકાર ભોગવનાર તમે તમારા બળ, સત્તા અને ઐશ્વર્ય સાથે સમસ્ત રાક્ષસ કુટુમ્બ બલ્કે સર્વ સસાર એક વખત આ કાળચક્રની વજ્ર દાઢમા પીલાઇ જશે

**રાવણ**—ઓ આટલો અભીમાન ! વીર અક્ષકુમાર !

**અનુચર**—આજ્ઞા મહારાજ !

**રાવણ**—આ કાળને તમારા સખ્ત પહેરા નીચે કેદમા રાખો સમસ્ત રાક્ષસોના વૈદ તરીકે તેને સ્થાપો આ લકગઢમાથી એક પણ રાક્ષસ મરે કે બીમાર પડે તો તે બદલ આ કાળને રીબાવી મારી નાખો.

**ઇંદ્રજીત**—પિતાજી એ ઠીક છે, જુઓ આ ઉત્તર દીશાધીપતિ ક્ષયરોગી ગુરૂ પત્ની ભોગ ચદ્રદેવ.

રાવણ—ચંદ્ર હમેશાં તારે મારા અશોકવનમાં મારા વીલાસ ઉદ્યાનેમાં પોતાનો શાન્ત શીતળ અને ઉજ્જવળ પ્રકાશ આપવો.

ઇંદ્રજીત—નહી એટલુજ નહીં પરંતુ જે રૂષી મુની અને તપસ્વીઓએ દીનતા કષ્ટ અને તપ સહન કરી ભીખારી માફક યાચના કરી વરદાન મેળવ્યાં છે તે વરદાન હું મારા બાહુબળથી મારી સત્તા બળથી તમો ઉપર મેળવવાને ભાગ્યશાળી થયો છું વળી હું હુકમ કરૂં છુ કે મને અમર થવાને તમોએ અમર વરદાન આપવું જ જોઇએ.

ઇંદ્ર—મહારાજ અમારી શકતી પ્રમાણે અમો સર્વ દેવોએ આપને રાજ કર બદલ દંડ ભેટની બક્ષીસ કરી. હવે અમર વરદાન આપવાની શકિત એ માત્ર પિતામહ બ્રહ્મદેવ અને શંકરની છે.

રાવણ—અરે તે ભૂતનાથ ! આ રાક્ષસોના દરબારમા પણ હાજર નથી વીર અક્ષકુમાર !

અનુચર—આજ્ઞા મહારાજ.

રાવણ—જાવ તે વૃદ્ધ બ્રહ્મા અને તે ભૂતનાથ શંકરને આ લંકેશ્વરની સેવામા ઉપસ્થીત કરો

વિભીષણ—અહાહાહા ! બંધુ આટઆટલી સમૃદ્ધી મળવા છતા આટઆટલા વરદાનો મળવા છતાં અતિષય લોભ ન કરો, તે આપણા પિતામહ બ્રહ્માને અને ઇષ્ટ દેવ મહારૂદ્ર શંકરને અત્રે બોલાવવાનું સાહસ ન કરો

રાવણ—વિભીષણ તું છેક અજ્ઞાન છે રાજનીતિ રાજવિદ્યાના શીક્ષણથી તુ કેવળ નાદાન છે

વિભીષણ—હા પણ તારે યાદ રાખવુ કે કુબેરે તને લંકા જેવા મહા સમૃદ્ધી સંપન્ન રાજ્યનું તને દાન આપ્યુ છે. તું કનીષ્ટ બંધુ હોવાથી તારા ઉપર જે કૃપા કરી તેનુ ફળ તેમણે બરાબર ચાખ્યું છે.

રાવણ—વિભીષણ ! દાન નહિ પરતુ એમ કહે કે મારો તાપ સહન નહી થઈ શકવાથી તે લંકાને તજી કૈલાસમા ભાગ્યો અને શંકરના આશ્રયે ગયો. એવા બીકણનો પક્ષ લેઈ તું પણ અહંકારથી બોલવા લાગ્યો.!

વિભીષણ—અહંકારથી નહિ, પરંતુ સત્યજ કહુ છું કે તેનું પરિણામ, મહા ભયંકર આવશે. પોતાના ઈષ્ટગુરૂ પિતામહ મહાદેવ શંકર મહારૂદ્રને પીડવાથી તેમના ત્રીજા નેત્રમાથી નીકળતો ક્રોધાગ્નિ તારૂં સર્વસ્વ બાળી રાખ કરશે.

રાવણ—અરે કુળદ્રોહી, રાજદ્રોહી, કુટુમ્બદ્રોહી વિભીષણુ તું જીવતો છતાં મુઓ છે કે જે પોતાના કુટુમ્બનો પરાજય ચાહે છે.

વિભિષણ—અરે અહંકારી રાવણુ મહા પરોપકારી સદાચારી દેવોથી તું વૈર બાધે છે, લોભ અહકાર અજ્ઞાનથી તું સ્નેહ સાધે છે, તો નક્કી માન કે તું પોતેજ જીવતાં મુઓ છે, તારા દુરાચાર તથા નિર્દોષ અબળાઓ ઉપર અત્યાચાર અને જુલમથી દેવો મહર્ષિઓ બ્રાહ્મણ ક્ષત્રીઓ, યક્ષકીન્નરો તેમજ સસારના પ્રત્યેક બાળક યુવાન અને વૃદ્ધ સ્ત્રી, પુરૂષો, તારા ઉપર કકળી રહ્યા છે, તે ગરીબોના હૃદયની હાય તેમના કકળતા હૃદયમાથી નીકળતો અગ્નિ જેવો ઉષ્ણ નિ-શ્વાસ અવસ્ય અલ્પ કાળમા તને તારા કુળ કુટુમ્બ અને સમસ્ત લંકાને બાળી રાખ કરશે.

ઇંદ્રજીત—વિભીષણુ બસ, વડીલ તરીકે હું હજુ સુધી આપની મર્યાદા જાળવી રહ્યો છું, પરતુ હવે હદ થાય છે. પિતાશ્રી લંકેશની અ-વજ્ઞા હું સાભળી શકીશ નહિ બસ હવે જો લંકેશની વિરૂદ્ધ એક શબ્દ પણુ વદશો તો તેનો પ્રતિઉત્તર હું આ તલવારથીજ આપીશ.

વિભિષણુ—એક કનિષ્ટબધુનો વડીલ પ્રત્યે શુ ધર્મ છે તે મેં યથાર્થ બજાવ્યો છે, છતા પણુ જ્યારે

હિત વાત જેને સમજાય ઉંધી,
વિનાશ કાળે વિપરીત બુદ્ધિ

ઇંદ્રજીત—બસ બસ !

બ્રહ્મા-શંકર—(પ્રવેશી) લંકેશ આશિષ.

રાવણ—કેમ બ્રહ્મદેવ, મહાદેવ સર્વ દેવો મારૂ આધિપત્ય સ્વીકારી મને આવી નમ્યા અને તમે કીયા ગુમાનમાં કઇ સત્તાના ધ્યાનમાં, અત્રે હાજર ન થયા ? કેમ તમારે આ લંકેશ્વરનું આધીપત્ય કબુલ છે યા નહિ ?

**શંકર**—અમે ઘણાજ પ્રસન્ન છીએ, કારણુ અસુરેશ્વર મારા શિષ્ય છે ભક્ત છે. હુ તેમનાથી અતિશય પ્રસન્ન છું.

**બ્રહ્મા**—અને રાવણુ રાજ મારા પ્રપૌત્ર છે તેમની સમૃદ્ધીથી હું કેમ પ્રસન્ન ના હોઉં ?

**શંકર**—રાક્ષસેશ્વર ! જોકે પિતામહ બ્રહ્માએ તથા મેં પોતે તમારા તપ ધ્યાન અને ભક્તિથી પ્રસન્ન થઇ અનેક વરદાન આપ્યા છે છતાં પણુ આ પ્રસંગે તમારા એક ચક્રવર્તિ સામ્રાજ્યના માનની ખાતર એક શીષ્યના સન્માનની ખાતર હું આ ચંદ્રહાસ નામનું દીવ્ય ખડ્ગ તમોને ભેટ કરૂં છું

**બ્રહ્મા**—અને હું લંકેશ્વરને મારા વાત્સલ્ય ભાવથી આપેલા વરદાન પહેલાના જેટલા વરસ વીત્યા હોય તેટલા બીજા વર્ષોનુ દીર્ઘાયુષ ભોગવો એમ વરદાન આપું છુ.

**ઇંદ્રજીત**—એમ નહી એમ નહી અતીષય વીવેકથી નમ્રતાપૂર્વક પાસે જઈ મહારાજના ચર્ણુમા અભીવદન કરો, લંકેશ્વરનુ આધીપત્ય કબુલ કરો અને પછી સત્કાર પૂર્વક આ ભેટ તેમને અર્પણુ કરો.

**શંકર**—કુમાર તને ખબર છે કે તારા પિતાને આ સર્વ ઐશ્વર્ય અને રાજ સપત્તિ મ્હારા તેમ બ્રહ્માના વરદાનથીજ પ્રાપ્ત થયા છે?

**રાવણુ**—ભૂતનાથ ! તે ખ્યાલ મનમા રાખીશ નહિ, મે મારા બળ પ્રતાપથી આ સર્વ રાજરિદ્ધી મેળવી છે, વળી એ નાદાન વીભીષણે ભય આપીને આ લકાની સપત્તિ મેળવી છે તેથી વીશેષ તે અને આ વૃદ્ધ બ્રહ્માએ મારા ઉપર શુ ઉપકાર કર્યો છે કે જેથી આટલુ તુ ગુમાન રાખે છે ? !

**શંકર**—સર્પને પાયેલુ દુધ અન્તે ઝેરજ થાય છે, તેમજ દુર્જનને કરેલા ઉપકારનુ ફળ પણુ અન્તે ઝેરજ થાય છે

**ઇંદ્રિજીત**—શકર એવી તુચ્છ ભેટ યા વરદાનની અમને દરકાર નથી. મને માત્ર અમરપદ મેળવવાનીજ મરજી છે અને માત્ર મારા હુકમથીજ મારી સત્તાથીજ તમારે મને આપવુ જ જોઇશે.

**શંકર**—અમરપદ તે આવા દુષ્ટ અનાચાર દુરાચાર અને અત્યાચારથી મળતું નથી, તે માટે શરીર-મન અને વાણીને કષ્ટ આપવુ પડે છે, સદા સદાચારી સત્યનીષ્ટ સ્વધર્મમાં તત્પર રહેવુ પડે છે.

ઈંદ્રજીત—બસ હું હુકમ કરું છુ કે તમારે મને અમરપદ આપવુંજ જોઇએ. શકર યાદ કરો અગર જો મને અમરપદ ન મળ્યું તો પિતાશ્રીએ તો માત્ર કૈલાસને બાથમા લઇ હચમચાવ્યો હતો પરતુ હુ તો સમસ્ત કૈલાસને સાથે તમારા કૈલાસ મંદીરને જડમુળથી ઉખેડી ઉંધા વાળીશ, તમારા સ્ત્રી પુત્ર અને નંદીગણુ સહીત પાતાળમા દાબીશ યા સમુદ્રમા ડુબાવીશ.

વિભીષણુ—અરે દુષ્ટાત્મા આ વાવેલા ઝેરના બીજ અવસ્ય તમને અલ્પ કાળમા ફળશે, તમારા આ દુષ્ટ કૃત્યની જરૂર તમને શીક્ષા થશે. શીવ–શીવ–શીવ ! પોતાના ઇષ્ટ ગુરૂ પ્રત્યે પોતાના પિતામહ પ્રત્યે અનિત્ય વહેવાર ? ધીક્કાર ધીક્કાર !

રાવણુ—ઇંદ્રજીત ! એ શકરના વ્હાલા થતા વિભીષણુનુ મો બાળો, એકદમ તેની ગરદન પકડી મારી સભાથી દુર ટાળો.

કુબેર—અરે રાવણુ જ્યારે તું પૂર્ણ સંપત્તિ મળવા છતાં શાન્ત ન થયો. અરે લોભને વશ થઇ તેં અનેક હકદારોના હક છીનવી લીધા, ક્રોધને વશ થઇ તે ઘણુાજ નિર્દોષ તપસ્વી રૂષી, મુનિ, દેવો અને રાજાઓનો નાશ કર્યો, મોહને વશ થઇ તેં ઘણી ઘણી સ્વરૂપા અપ્સરાઓ દિવ્ય દેવાંગ્નાઓ અને સતી સ્ત્રીઓના શીયળ રત્નનો નાશ કર્યો. અહંકારને વશ થઇ તેં મોટા મોટા મહિપતિઓ અને સુરપતિના માન ભગ ર્ક્યા. આ સર્વે આ મહાદેવ શકરના વરદાનનુંજ પરિણામ છે અને અધિકારીને સત્તા આપ્યાનુજ આ લાંણુ છે તો હવે હે ગર્વાંધ રાક્ષસ રાવણુ સાભળ, જે પુરૂષ ઉન્મત્ત થઇ ધન અને ઐશ્વર્ય સંપન્ન થઇ સદાચાર અને સ્વધર્મને તજે છે તે પુરૂષ અલ્પકાળમા પોતાની સમસ્ત ધન સંપત્તિ અને કુળ ઇજ્જતથી નાશ પામી આખરે બુરે મોતે મરે છે.

રાવણુ—અરે વિભીષણુ ! અમારા ભુજપાસનુ બળ તુ શું ધારે છે ? અરે તેમા સપડાતા મહા મોટા દેવો તો શુ ? પરતુ વજ્ર જેવા પાષાણુમય કૈલાસ જેવા અડગ પર્વતો મારા ભુજમા દબાઇ ચૂર્ણ થાય છે. અરે મહાન મોટા મહેન્દ્ર પર્વતો પણુ મારા હાથમાં એક પુષ્પના દડાની રમત થાય છે

**વિભીષણ**—રાવણ ધ્યાન આપ ! એક ઉન્મત્ત સિંહ એક સાધારણ શ્વાનથી નાશ પામે છે, એક મસ્તાન હાથી તુચ્છ મચ્છરથી નાશ પામે છે. તેમ તને આવા અનેક વરદાનો મળ્યા છતા તારા પાપકર્મનો પ્રચંડ અગ્નિ સમસ્ત પૂણ્યપુંજને સમસ્ત વરદાનને બાળી રાખ કરશે તુ એક નાચીજ તુચ્છ સામાન્ય વનચર પ્રાણીનો શીકાર થશે, તારૂ અસંખ્ય રાક્ષસ સૈન્ય આ વીસ્તીર્ણ કુટુમ્બ એક વનચર પ્રાણીના હાથે માર્યું જશે

**વિષ્ણુ**—તથાસ્તુ ! ( અંતરીક્ષથી દર્શન )

( ટેબ્લો. )

---

# અંક ૨ જો.

---

## પ્રવેશ ૧ લો.

**સ્થળઃ—પંચવટી.**

**પાત્રઃ—રામ, લક્ષ્મણ, સીતા, સુર્પનખા પાછળથી રાવણ.**

**ગાયન.**

**સીતાજી**— (૧૧)

વિપરીત હા હા ભાગ્ય લેખ,
લેશરે ન મિથ્યા વિપરીત....... .......હા હા.
કૈકેઈ માતાના શ્રાપે,
પલમાં ત્યાગ કીધો રાજ્યશ્રીનો;
હા વન રવડતાં સાધુ વેશ. વિપરીત હાં હાં

**સીતા**—સ્વામી દૈવ્યયોગે રાજ્યાભિષેકને બદલે વનવાસ મળ્યો તેથી આપને શોક તો થતો હશે !

**રામ**—નહી દેવી, મને વનવાસમા પણ સંતોષ છે, માણસને સંતોષમાંજ ઉત્તમ સુખ સમાયેલુ છે, દુ:ખ અને સુખ એતો મનનું કારણ છે. મને સંપત્તિમાં હર્ષ નથી તો વિપત્તિમાં શોક શા માટે હોય !

**સીતા**—હા હા, ભાગ્યશાળી પુરૂષને તો દેશ તજી પરદેશ જાય, રાજ તજી વનમા જાય તો તેને વનમાં પણ પોતાના ભાગ્ય પ્રમાણે સર્વ વૈભવ આવી મળે છે.

**રામ**—હા સતી સર્વ મનુષ્યો પૂર્વ જન્મના સુકૃતનુ ફળ રળે છે

**સીતા**—પ્રભુ ! આપને તો અહી પણ રાજ્યાભિષેક થાય છે. ત્યાં અવધ-ભૂમિ રાજ્ય સિંહાસને બીરાજવાના હતા તો અહી વનભૂમિના સિહાસને બીરાજો છો.

**રામ**—સતી ! એજ અપૂર્વ પ્રેમની નિશાની છે. પરસ્પર પતિપત્નિએ સદા-કાળ આવી રીતે એકરૂપ રહેવું તેનેજ ધર્મની આજ્ઞા માની છે

**સીતા**—ધન્ય પ્રભુ ! આવા અપૂર્વ અરણ્ય રાજ્યના રાજ્યાભિષેકનુ સુખ આપને પોતાનેજ લેવુ હતુ તે માટેજ શુ અયોધ્યામા મને વનમાં સાથે આવવાનુ ના કહ્યું હતુ પણ પ્રભુ સ્ત્રી એ સ્વામીની અર્ધાગ્ના ધર્મપત્નિ ધર્મભાગી છે સ્ત્રી વિના સસારમા કોઇ પણ ધર્મ કાર્ય નથી થતુ , એ શુ આપથી અજાણ હતુ ? !

**રામ**— દેવી તે સર્વે ખરૂ સ્ત્રી એ પુરૂષની ધર્મપત્ની અર્ધાંગ્ના ભાગ્ય દેવી છે, તેની મદદથીજ આ સંસાર રથનું ચક્ર ચાલે છે, પરંતુ કઠીણ વનવાસ- રાક્ષસાદી હીસક પ્રાણીઓનો ત્રાસ- તે તમો સુકુમાળ બાળાથી કેમ સહન થાય? હેમતનો વાયુ- ગ્રીષ્મનો તાપ- વર્ષાકાળનો વરસાદ તે કેમ વેઠાય-?

**સીતા**— આ પ્રેમી ચકોરીને પ્રભુના મુખ ચદ્રના દર્શન જો નીરંતર થાય તો પછી તે સઘળુએ દુખ વીસરી જવાય- પ્રભુ આ પુષ્પ માળા ગુંથના મારા હાથ શ્રમીત થયાછે તને જરા ધરોતો

**રામ**— લાવો અત્યત આદરથી તમારા કમળ હસ્ત સકીત આ પુષ્પહાર હૃદયે ધરો.

**સીતા**— પ્રભુ આપના સહેવાસથી આ મહાવન પણ અમને સ્વર્ગના નદન વન કરતા પણ અધીક સુદર લાગેછે. ઈદ્ર ઈદ્રાણીના સૌભાગ્ય કરતા પણ મારૂ સૌભાગ્ય મને વીશેષ સુખકર લાગે છે. આ પચવટીની પર્ણકુટી મને અયોધ્યાના રાજમંદીર કરતા પણ અધીક આનદદાયક લાગેછે. પ્રભુ શીરે મેઘની છાયા મારા ઉપર પ્રભુની છત્ર છાયા પ્રભુ અવધ રાજ્ય ભોગવ્યા કરતાં વનરાજ

ભોગવતાં નીરંતર પ્રભુચર્ણમા ચીત્ત રહેતા મારૂ જીવન પૂર્ણ થાય એમ હું ઇચ્છું છુ, આપ પ્રભુ રામચંદ્રના મુખ ચંદ્રથી ઝરતા પરસ્વેદના બીંદુરૂપ ચદ્રના અમૃત બીંદુ નીરંતર આ પ્રેમી ચકોરીના નેત્રને ઠારે એજ ઇચ્છું છું.

**રામ**— ઇશ્વર તમારી સદ્ ઇચ્છા પૂર્ણ કરો.

**લક્ષ્મણ**— બધુ દેવી પ્રણામ કરૂં છુ, દેવી આ ફળ મુળ ગ્રહણ કરો, સેવકને બીજી આજ્ઞા કરો,

**સીતા**—દેવરજી ! શ્રમીત થયા હશો થાકયા હશો, જરા વિશ્રાંતી લ્યો.

**સુર્પનખા**—(સ્વ) (પ્રવેશીને) હું સુર્પનખા રાવણુની ભગીની તે બંધુ રાવણુની આજ્ઞાથી મારા ભાઇ ખરદુષણુ અને ત્રીશીરા સહીત આ રામનો વિનાશ કરવા અહીં આવી રહી હતી પરંતુ રામ સાથે લડતા ખરદુષણુ અને ત્રીશીરાનો નાશ થયો, તેનુ વૈર લેવા આ કપટ વેશધારી હુ અહીં આવી પરતુ હા. આ હેમંતના પ્રભાવે આ બન્ને તપસ્વીના દીવ્ય દેખાવે છેકજ પરાધીન બનાવી. અંહા શું સુદર તપસ્વી કુમાર ક્ષત્રીય બાળ છે ! કેવુ ભવ્ય લલાટ અને નેત્ર વીશાળ છે ! અવશ્ય હું તેમને પતી તરીકે પ્રાપ્ત કરૂં તો કેવું ભાગ્ય ? હું પણુ અત્યારે નવ યોવના સુદરી થઇ અત્રે આવી છું તો કદી મારા મનોરથમા પણુ ફાવી શકું ? ચાલ પાસે જાઊં અને મારા રૂપ લાવણ્યથી તેને લલચાઊ.

### ગાયન.

**સુર્પનખા**— ( ૧૨ )

બની લલના કેવી હુ રૂપાળી,
તરૂણુ લાડીલી લચક કમરની,
ઝપટ ભ્રમરની છે નીરાળી,
નૃપતિ કુંવર આ છળ કરી છળવા.
આ સુરી આ ધરી માયા,
કાયા આ રભા આનન ચદ્રા,
શીવ સંગા અર્ધાંગા વા ગંગા;
મહારાજ આ વર વામના પ્રણામ છે.

**રામ**—હે વામ શું તુજ નામ કયાં તુજ ઠામ છે ?
**સુર્પનખા**—સુર્પનખ મારૂં નામ લંકા ધામ છે.
**રામ**—લંકા દશાનનની કહી.
**સુર્પનખા**—હા બેન છું તેની સહી.
**રામ**—આવી અહી શું કામ તું ?
**સુર્પનખા**—છે કામ મારે કામનું.

હેમંત રૂતુ કાળ આવીરહી જનોના કાળ હા,
લાગે સુંવાળી સાલ આ અંગે ધરે રૂષીબાલ આ
તાપો સ્તનોમા ઉષ્ણતા છુપાઇ રહેતી જ્યા સદા,
તાપી વીરામો તાપને આ રાનના સંતાપને
અબળાતણા પણ તાપને ટાળો વીનવીએ આપને

**રામ**—પરસ્ત્રી મણીધર સાપને અડતા કમાઇએ પાપને.
**સુર્પનખા**—પરસ્ત્રી હૃદયથી નાગણી લ્યો આપની દાસી ગણી
**રામ**—દુર દુર અરે એ નાગણી શુ ડસવા ઇચ્છા ગણી
**સુર્પનખા**—અબળા છુ બાળેવેશ હું હું પરણી નથી અવધેશ હું
પ્રીય તમ ગણી પારસમણી વરવા હૃદય ઇચ્છા બણી
ઘર આવી લક્ષ્મી ત્યાગશો ફળ તેનુ કડવુ ચાખશો
લક્ષ્મી ગણી ઘર રાખશો સૌ ભાગ્યશાળી તો થશો

**રામ**— લક્ષ્મી અમારા સાથ છે સૌભાગ્ય તેના હાથ છે
સતી શીરમણી સાક્ષાત છે જેથી ઉદય અમ ભાગ્ય છે
એક નાર પ્રાણ આધાર પૂર્ણ પ્યાર એકથી
એક બાણુ એક વાણુ રહેવુ સત્ય ટેકથી
માટે અબળા કોઇ પણ ઉપાયે અહી તારી ઇચ્છા તૃપ્ત થાય
તેમ નથી

**સીતા**—હા સ્વામી, દેવર લક્ષ્મણ જે ગુણરૂપે આપના સમાન હોઇ આપના નાના ભાઇ છે. મહારથી ધીર-વીર. મનુષ્યો કરતા તે બળ સુર સવાઇ છે, તેમજ સતી ઉર્મીલાથી વિયોગી છે વળી આપના તે પરમ ભક્ત છે તો અવશ્ય આ સ્ત્રીની મન-ઇચ્છા તેઓ પૂર્ણ કરશે અને તેને ઉચિત ન્યાય આપશે.

**રામ**—હા અબળા. જો તારો દુરાગ્રહજ છે તો મારા સમાન શીલ રૂપ સંપન્ન મારા ભાઇ છે, વળી જે મારા પરમભક્ત હોઇ અબ-

બાથી વીરકત છે માટે તુ તેમની પાસે જા, જરૂર તે તને ઉચીત માર્ગ દર્શાવશે તારા માયાવી સૌંદર્યને તે વીશેષ સોભાવશે.

**સીતા**—હા ઠીક છે દેવરજી ! ઘણા દીવસથી સતી ઉર્મીલાથી વિયોગી છે, વળી પુરેપુરા યોગી છે તો તે સતીનો આ મહાસતી સાથે યોગ બરાબર મળશે. દેવરજી આવો આ અનુપમ ભેટ સ્વીકારો.

**સુર્પનખા**—( લક્ષ્મણની પાસે જઇ ) નીરખી સુદરતા મનમોહન અર્પણ કરવા ચાહું તન મન.

**લક્ષ્મણ**—બોલે અબળા શુ વીચારી

**સુર્પનખા**—આપ પતિ પ્રીત્તમ હુ નારી

**લક્ષ્મણ**—અરે હું વનવાસી એક ભીખારી, વડીલ બન્ધુનો આજ્ઞાકારી.

**સુર્પનખા**—આપ તરૂવરની હું કયારી પ્રીયત્તમ સરની પદ્‌મિની પ્યારી

**લક્ષ્મણ**—ફળ મુળ લાવી દીવસ ગુજારૂ તેથી શ્રેય થશે શુ તારૂ ?
દાસ તણી દાસી થઇ રહેવુ. કુળવતી ના ઘટે દુઃખ સહેવુ
ગાંડી હુ તો મહારાજ રામચદ્રના ચર્ણનો દાસ છુ, દાસને પરણી દાસી થઈ રહેવુ એ શુ તારા જેવી કુલીન આર્ય કન્યાને ઉચીત છે ?

**સુર્પનખા**— દાસ છો તો દાસત્વ તજી મારા સુખવાસમા રહો
આ વનવાસ તજી રાજ વીલાસ ચહો

**લક્ષ્મણ**—બધુના ચર્ણના દાસત્વ સીવાય અન્ય સંસારના સુખ વીલાસ મને વીનાશનુ કારણ છે બધુ સ્વામી રામ એજ મારા તરણ તારણ છે, માટે હે સૂર્પખા કલ્યાણી તારા જેવી શુદ્ધ આર્યા એ તો પરમ આર્ય પુરૂષ મહારાજ રામચદ્રનેજ ભજવા ઉચીત છે તારા જેવી રાજકન્યાએ તો એજ રાજકુમારને શરણે જવું ઘટીત છે જાને જનક તનયા જાનકીનો ત્યાગ કરીને પણ તારૂં ગ્રહણ કરશે

**સુર્પનખા**—હા હા શુ તે મારૂ ગ્રહણ કરશે ?

**લક્ષ્મણ**—હા એ નક્કી તારૂ ગ્રહણ કરશે ( હસીને ) હા હા મૂર્ખ દુષ્ટા ગીધ પક્ષીણી માસના ટુકડાની લાલચે લક્ષ્મીના વાસ ગ્રહ કમળને લેવા જાય છે, સીતા લક્ષ્મીના સ્વામી પ્રભુ રામચંદ્રને આ નીચ રાક્ષસ પતી તરીકે મેળવવા લલચાય છે. ધીક્કાર છે તે દુર્બુદ્ધિને,

**સુર્પનખા**—( રામ પાસે આવીને ) મહારાજ મને અબળાને ભ્રમમાં નાંખી હવે વધારે ન તલસાવો. આપનો શું નીશ્ચય છે તે મને કહી બતાવો. આ દુર્ભાગ્ય મંદમતિ સીતા કરતા હું લાખ ગણી સું-દર છુ હા મારા આનંદમા વીઘ્ન કરનારી તે દુષ્ટાનું હું હમણાંજ ભક્ષણ કરૂં છુ.

**રામ**--અલમ્ સ્ત્રી જા હુ આજ્ઞા કરૂ છુ કે બધુ લક્ષ્મણ તને ઘટીત ન્યાય આપશે. વીર ભ્રાતા આ તે ગર્વાંધ રાવણની બહેનના અભીમાન શ્વાસ વાયુને જલદીથી બ્હાર નીકળવા માટે માર્ગ ખુલ્લો કરી આપો

**સુર્પનખા**—હા જલદી મને ઘટતો ન્યાય આપો.

ગાયન.

**સુર્પનખા, લક્ષ્મણ**-- ( ૧૩ )

આવો મારા લટકાળા લક્ષ્મણ લાલ

**લક્ષ્મણ**—પદમ ગણે ગીધણ શું માંસ પીંડ લાલ.

**સુર**—ચિત્ત મારૂં ચોર્યું છબી ન્યારી—વાહ વાહ;

**લક્ષ્મણ**—નાક તારૂં કાપું કટારીથી

**સુર**—અરર અરર અરર અરર હાય

**લક્ષ્મણ**—કુલટા એ શીક્ષા ઘટીત તને છે.

**સુર**—નજીક મરણુ રાખ તું સ્મર્ણમા

**લક્ષ્મણ**—ચાહે તે કર ૦૧ અમે ન ડરતા

**સુર**—આવું કપટ

**લક્ષ્મણ**—જારે નફ્ટ

**સુર**—અરર અરર ચિત્ત થરર થાય.

**રામ**—લક્ષ્મણ હવે સાવધાન રહો આ દુષ્ટને છેડી તો હવે ભયનું વાદળ ગરજશે તોફાનનો વરસાદ વરસશે

**લક્ષ્મણ**—ચીતા નહિ સજ્જ હથીઆર છુ. આઠે પહોર પ્રભુની ચર્ણ સેવામા તૈયાર છુ

**રાવણ**—( પ્રવેશી ) (સ્વ) હા બેનની આ દશા ! અરે એ પાપી ક્યાં વસ્યા. મારીચ મારીચ બેનનુ વૈર લેવા સજ્જ થા, આજ પ્રસંગે માયાવી મૃગ બની જા, રામનો શીકાર થા

સીતા—સ્વામીન્ ! જુઓ જુઓ, આશ્ચર્ય આશ્ચર્ય !

રામ- હા આશ્ચર્ય એવુ શુ છે ?

સીતા—જુઓ જુઓ આ સુવર્ણ મૃગ વનની સુંદરતાને વીશેષ સુંદર બનાવે છે' અહા શુ એની શોભા ! શું એની ચાલ ! સોનેરી વાળ! પ્રભુ વનવાસના આ દીવસોની યાદગીરી માટે એ હરીણ મારી લાવો, તેની સોનેરી ત્વચાની મને કંચુકી શીવડાવો.

રામ—પ્રીયા ! એક સાધારણ વસ્ત્રના લોભે કોઇ નીર્દોષ જીવનો ઘાત કરવો, ગરીબ ઉપર હાથ કરવો એ મહા અધર્મ છે.

સીતા - શીકાર મૃગયા એતો ક્ષત્રીઓનો મુખ્ય ધર્મ છે

રામ—હા શીકાર એ ધર્મ છે, પણ તે વાઘ સિંહ વરૂ વીગેરે ક્રુર હીંસક પ્રાણીના શીકાર માટે, નહિ કે શીકારને બાને આવા સસલાં હરણો જેવા ગરીબ પ્રાણીઓના નાશ માટે.

સીતા—એમ કહી વાતને ન ઉડાવો, વ્યર્થ બાના ના બતાવો, શુ સીતા કરતાં એક હરીણ આપને વીશેષ છે?

રામ—પ્રીયે સહેજ વાતમા આવો કલેશ કે ? લ્યો જાઉં છું મૃગનો શીકાર કરી હમણા આવું છુ પરંતુ પાપનુ પરીણામ સારૂં નથી. વીર લક્ષ્મણ સાવધાન રહી સીતાની સંભાળ લેજે, હુ હાલ આવું છું.

લક્ષ્મણ—આજ્ઞા પ્રભુ ! લ્યો આ શરધનુ દેવી

## ગાયન.

**સીતાજી તથા રામચંદ્ર- (૧૪)**

સીતા—કનક કુરંગ કેવો ચાલે ધીમો ધીમો સ્વામી રામ પ્રાણ,
રામ—નોય એ કુરંગ કોઇ હોશેશુ હરામી હે સુજાણ પ્રાણ;
સીતા—દર્ભ કેવો એ ચરે છે, નયનો શાં ફેરવે છે,
થન ગન થેઈ થેઈ કરી નાચે રામ.
એ મૃગ મારી મૃગયા ધીકારી વાલા
તેની ચોળી શીવડાવો, લેવડાવો સ્વામી લાવો;
ફરી યોગ મળે નહી આવો રામ. કનક૦
રામ—રે રે મૃગાક્ષી પ્રભુ સર્વ સાક્ષી રામા
દીન પ્રાણી વ્યર્થ મારી, નહીં પાપની બાંધવી ભારી,
હઠ છોડ સુશીલા નારી પ્રાણ રામ.— કનક૦

ન હેમનો હરણુ કદીએ સાભળ્યો
તથાપિ દેવી મન લોભ આ ધર્યો
ભલા ભલાની ગઈ જ્ઞાન શુદ્ધિ
વિનાશકાળે વિપરીત બુદ્ધિ

માતા આ હરીણુ નથી પણુ અવસ્ય કોઇ રાક્ષસી માયા છે, જેણે તમને સૂવર્ણુ ત્વચાથી લોભાવ્યા છે.

**સીતા**—દેવરજી, ઇશ્વરની લીલા અપાર છે, તેની લીલાનો પાર પામવા મનુષ્ય પ્રાણી લાચાર છે.

**નેપથ્યમાં**—હા સીતે ! હા લક્ષ્મણુ ! હાહતોસ્મિ ! હા ! રામ !

**સીતા**—હા લક્ષ્મણુજી જાઓ જાઓ સહાય થાઓ, પ્રભુને બચાવો, નક્કી પ્રભુ મહા સંકટમા છે.

**નેપથ્યમાં**—હા સીતે ! હા લક્ષ્મણુ ! હાહતોસ્મિ ! હારામ!

**સીતા**—જૂઓ જૂઓ આ અવાજ પ્રીય પતિનો છે, નીશ્ચય તમારા ભાઇ ઉપર કાંઇ આફત છે, જાઓ જાઓ જલદી સહાય થાઓ.

**નેપથ્યમાં**—હા સીતે ! હા લક્ષ્મણુ ! હા હતોસ્મિ ! હારામ.

**સીતા**—હા સાંભળી સ્વર ભાઇનો વિચાર મન શું થાયના.

**લક્ષ્મણુ**—વિચારતા જંગલમાં દેવી આપને છોડાય ના

**સીતા**—જાઓ ખબર લ્યો ભાઇની મારી કરો ચિંતા નહિ

**લક્ષ્મણુ**—શ્રી રામ જગ આરામની હૃદયે ધરો ચિંતા નહિ.

**સીતા**—હા રામ કહો મુખે છતાં હરામ દાનત અંતરે

**લક્ષ્મણુ**—આ શબ્દ સુણતા માત કેમ શીર વજ્રના ટુટી પડે.

**સીતા**—છે વજ્ર દીલ તેનું કે જે નહિ ભાઇની વારે ચડે
ધીક ક્ષાત્રતા ધીક શાસ્ત્રતા ધીક શસ્ત્ર જે ધાર્યા તમે

**લક્ષ્મણુ**—માતા ! સીપમાં રૂપાનો ભ્રમ ! દોરડીમા સર્પનો ભ્રમ ! જે જગતના દુઃખ હર્તા રામ તે એક તુચ્છ પ્રાણીથી દુખમાં હોય એવો બુધ્ધિ ભ્રમ ! નહિ નહિ દેવી આ તમારૂ વિપરીત જ્ઞાન છે, નિશ્ચય માનો કે તમને અહી એકલાં તજી જવામા મહા અનિષ્ટ પરીણુામ છે, હા ત્રિભુવનમાં જે એક અદ્વીતીય ધર્નુધર ધીરવીર બંધુ રામ તે એક તુચ્છ કીટકથી સંકટમા હોય તેમ બનેજ નહિ.

**સીતા**—રે અનાર્ય ક્રૂર કુલાંગાર લક્ષ્મણ ! શું તું એમ ધારે છે કે ભાઇના મૃત્યુથી અયોધ્યાની રાજલક્ષ્મીનો તું એકલો માલીક થાય? પ્રભુ-રામના મૃત્યુથી સીતા તને સ્વામિ તરીકે ન્હાય ? રામનું અનિષ્ટ થતા આ સતી સીતા પર્વત ઉપરથી પટકાઇ પડશે વા ગોદાવરીમા ડુબી મરશે વા અગ્નીમાં સળગી મરશે. આવી દુષ્ટ અભિલાષા-થીજ શુ તુ રક્ષા નીમીત્તે અમારી સાથે આવ્યો ? આવા છળ માટેજ શુ ભરતે તને અમારી સાથે મોકલાવ્યો ? પરંતુ તારી તે દુષ્ટ ઇચ્છા સફળ નહિ થશે, હા ઉપરથી વ્હાલો પણ અંતરથી અંગારો.

**લક્ષ્મણ**—બસ બસ માતા ઇચ્છા હોય તો મારો શીરચ્છેદ કરો, પણ મારા આ દુષ્ટ કાનમાં આ શબ્દ રૂપ ધગધગતા અંગાર ભરવા બસ કરો, માતા ! માતા !

ઉલટી મતિ થાતા સહુ સમજાય ભાવિ ઉલટુ
આ અપશુકન સુચવે છે કે પ્રારબ્ધ આ છે ઉલટું

જનક તનયા દેવી ! નીરંતર તમે મને પુત્રવત્ ગણી માતા સુમીત્રા તુલ્ય વાત્સલ્ય પ્રેમ રાખતાં આવ્યા છો, છતાં અમારા અધીક દુર્ભાગ્યે આ નાદાન પુત્ર ઉપર આવું કલંક મુકો છો ? વનના અનેક દુખો સહન કરવા છતાં મારા પ્રતિ આવા દુષ્ટ ઉચ્ચાર કરો છો તો સાફ સમજાય છે કે આ કરતા પણ અમારૂં ભાગ્ય અતીષય વિપરીત છે. કોઇ વીશેષ કષ્ટ આવી પડવું ખચીત છે, હે દેવો ! હે ઇશ્વર ! તમે સાક્ષી છો કે સીતાને એકલા તજવાની બંધુ રા-મની આજ્ઞા નહિ છતા હું ના ઉપાયે વિજન વનમા એકલાં તજી જાઉં છું. વડીલની આજ્ઞા ભંગથી મહાપાપી થાઉ છું, માતા છતાં પણ તમારી રક્ષા માટે આ યજ્ઞ ભસ્મની રક્ષા કરતો જાઉં છું, માતા પ્રણામ જાઉ છું. પ્રભુ તમારી રક્ષા કરો, તે અનંત દયા-વતનો હાથ તમારા ઉપર નીરંતર રહો.

**સીતા**—હા શોક ! સ્ત્રી હઠ કરી સોનાની મૃગછાલા ઉપર લાલચ ધરી, મારા એક નજીવા સ્વાર્થને માટે નિર્દોષ હરીણના પ્રાણ લેવા મે પ્રભુને મોકલ્યા, લક્ષ્મણને મેં અનેક કડવાં વચન કહ્યાં, છેકજ સ્ત્રી બુધ્ધિ કરી ! પ્રભુ શું થશે હવે આ મહા પાપનું ફળ મને કેવું મળશે ?

**રાવણ**—( સાધુ વેશમા ગાયન ગાતો )
ઓમ્ ભવતી ભીક્ષાન્ દેહી, ઓમ્ ભવતી ભીક્ષાન્ દેહી

**સીતા**—મહારાજ પ્રણામ, ભીક્ષા માટે આ ઝુંપડીમાં ફળ મુળ સીવાય અમારી પાસે કંઇજ નથી.

**રાવણ**—સંન્યાસીને સ્વાદીષ્ટ અન્નનું કામ નથી. યથાશક્તિ અતીથિનો સત્કાર કરો, જે હોય તે લાવો હાજર કરો ( સીતા ફળ લેવા જાય છે ) શું હું એવા તુચ્છ ફળ લેઇશ. નહી નહી હું તો સુંદરી સીતા જેવુ અમુલ્ય રત્ન ફળને મેળવી મારૂં જીવન સાફલ્ય કરીશ. બસ કોઇ નથી હા આ રેખા છે. રેખ ની બ્હાર પગ ધરતાજ સીતા હમેશને માટે મારીજ છે, બસ હવે નિ.શક છું.

**સીતા**—મહાત્મા ! લ્યો આ ફળ લ્યો, અમને આશીષ દ્યો.

**રાવણ** —શીવ શીવ શીવ ! આ ભૂમી નિર્દય છે અહીં ઉભા રહી તમે એક નિર્દોષ પ્રાણીની હત્યા કરવા તમારા સ્વામીને આજ્ઞા કરી છે.

**સીતા**—હે દેવ તો શુ આ નિર્દય ભૂમિના પ્રતાપે મને આ મતિ સુઝી?

**રાવણ**—અવશ્ય તે માટે આ નિદય ભૂમિ ઉપર ઉભા રહી આપેલા ભીક્ષા લેવાથી મારી બુધ્ધિ ભ્રષ્ટ થાય અને તમને પૂણ્યને બદલે મહા કષ્ટ થાય, વારૂ જય સચ્ચીદાનદ !

**સીતા**—નહી નહી મહારાજ કંઇ ઉપાય હોય તો કહો ભીક્ષા લ્યો અમને નીરાશ ના કરો

**રાવણ**—ઠીક તો આ મારો ચર્ણ પાદુકા ઉપર તમારો ચર્ણ ધરો, ભીક્ષા ઝોળીમાં ધરો.

**સીતા**—અસ્તુ મહારાજ, લ્યો તેમ કરૂં ( સીતા પાવડી ઉપર પગ ધરે છે )

**રાવણ**—અહા-લેખ-( એકદમ ઉચકી ખભે નાખે છે )

**સીતા**—હા રામ ! હા રામ ! પ્રભુ સહાય સહાય.

# પ્રવેશ ૨ જો.

## સ્થળ:—ઋષ્યમુખ પર્વત.

## પાત્રો:—રામચંદ્ર–લક્ષ્મણ–અને–વાનરો.

રામ— હે પક્ષી ! હે પશુ ! રે તરૂવરવનના ! હે ગીરિ, હે સરિતા,
કયા છે કયાં છે, બતાવો, જનક નૃપતિની દુહિતા દેવી સીતા,
હા, હું પણ યોગી વિયોગી જનની જનકથી જાનકીથી જતી હા.
ક્યાં હું વારૂ ઉચારૂ કઠીણુ કરમની ગાઉ કયા કષ્ટ ગીતા,
હા બંધુ લક્ષ્મણ, મહા અનર્થ થયો, પુન્ય પવિત્ર પંચવટી આશ્રમમાથી જાનકી હરાઇ ગઇ અવસ્ય તે આ પૃથ્વી પરથી નામશેષ થઇ.

લક્ષ્મણ—બંધુ, રઘુવંશના વીર પુરૂષોને ન છાજે એવો શોક કરવો મહારાજ રામચદ્રને ઉચિત નથી. બંધુ વ્યાકુળ ન થાઓ, કષ્ટ પ્રસંગે ધીરજ ના ગુમાવો.

રામ—ભાઇ તું દેશકાળને સમજ્યો નહિ, પચવટીમા જાનકી એકલી તજી મારી સ્હાયે આવ્યો. હા, હાથે કરી સીતા હરણુનો દુશ્મનને માર્ગ બતાવ્યો.

લક્ષ્મણ—બંધુ મે ના કહ્યા છતાં દેવીનાં અસહ્ય વચન હું સહન કરી શકયો નહિ. રામરક્ષાની રેખા કરી હું આપની મદદે આવ્યો ત્યાં વિધાતાએ ખેલ ઉલટોજ ભજાવ્યો ત્યાં મારો શુ ઉપાય? બંધુ લાચાર.

રામ—હા, સીતા વિયોગના શોકથી બળીને શરીરનુ સંપૂર્ણ માંસ નષ્ટ થયુ છે, ઉષ્ણુ આસુની સાથે નીકળતા લોહીથી રૂધીર પણુ નાશ પામ્યું છે, વારવાર નિશાસાના શ્વાસથી શરીરમા રહેલા પંચ પ્રાણુવાયુ પણુ નાશ પામ્યા છે. હા, જાનકીના હરણુથી શરીરનુ તેજ શરીરની કાન્તિ, શરીરની લક્ષ્મી પણુ નાશ પામી છે. એ રીતે પંચ ભૂતથી બનેલા શરીરના પાચે તત્ત્વ નાશ પામેલા છતા હુ વજ્રમય પાષાણુ હ્રદયનો રામ હજુ કેમ જીવું છુ ?!

લક્ષ્મણ—બધુ ! સસારના ત્રિવિધ તાપને હરનાર સાક્ષાત્–ધર્માવતાર રામચદ્ર હોઇ આપ પોતેજ જ્યારે એક સંતાપમા નિમગ્ન રહેશો તો અન્ય સાધારણુ મનુષ્યની શી ગતિ ?!

રામ—ભાઇ ! સ્વજન વિરહનુ દુઃખ તેવુંજ અસહ્ય છે, હા, પ્રીય સીતા વિયોગને। કાળ તે મારા મન પ્રલયકાળ છે. ભાઇ આવ આવ, આ સૂર્યનો તાપ સખત લાગે છે, આ વૃક્ષની છાયા નીચે આરામ લઇએ.

લક્ષ્મણ—બંધુ આ રાત્રી સમયે સૂર્ય ઉદય કયાથી ? અરે આતો ચંદ્ર ઉદય થયો છે.

રામ—આ ચંદ્ર છે, એમ તેં કેમ જાણ્યું ?

લક્ષ્મણ—શિતળ છે, શાન્ત છે, અને અંદર મૃગલાંછન છે તેથી.

રામ—હા, શું તે પ્રીયા મૃગનયના જાનકીની શોધ મળી ? શુ તે ચંદ્રલોકમા છે ? ઠીક છે ઠીક છે તે ઇર્ષાળુ ચદ્ર તેના મુખચંદ્રની ઇર્ષા કરીને તેનું હરણુ કરી ગયો છે અવશ્ય હુ તેને દડ દેઇશ.

લક્ષ્મણ—બંધુ કર્તવ્યતાનુ ભાન ભૂલી આ રીતે મિથ્યા પ્રલાપ કરી શા માટે હૃદયને બાળો છો ? મહારાજ ! આપ અયોધ્યાપતિ મહારાજ રામચંદ્ર હોઇ આપની યોગ્યતાનો તો વિચાર કરો !

રામ—લક્ષ્મણ ! લક્ષ્મણ ! તું કોણુ ?

લક્ષ્મણ—હુ આપનો દાસ લક્ષ્મણ.

રામ—અને હું !

લક્ષ્મણ—ભગવંત આપ આર્ય રામચદ્ર,

રામ—આર્ય ? આર્ય કોણુ ?

લક્ષ્મણ—રઘુવંશ કુળ પાવન અયોધ્યાપતિ.

રામ—તો હું આ ઉજડ જંગલમાં એકલો કયા ફરૂં છું ? !

લક્ષ્મણ—દેવી સીતાની શોધમા.

રામ—કોણુ દેવી ?

લક્ષ્મણ—જનક મહારાજની તનયા સતી સીતા.

રામ—હા સીતા ! હા સીતા ! તું કયાં છે ? અગર જો તું. પિતૃ લોકમાં પિતાશ્રી દશરથની સેવા અર્થે ગઇ હો તો તેમને પ્રણામ કરી મારા તરફથી કહેજે કે તમારો મંદભાગ્ય પુત્ર રામ આપની કહેલી ચોદ વરસ વનવાસની પ્રતિજ્ઞા પૂર્ણ કરી બંધુ ભરતને રાજ્યાભિષેક કરી ( અયોધ્યાના રાજ્યની વ્યવસ્થા સોંપી) આપની સેવામાં

હાજર થશે ત્યા આપણુ સર્વ કુટુબ એકત્ર રહીશુ; હા પ્રિય જાનકી તારા અસહ્ય વિયોગે હાલજ હુ મારા પ્રાણુ ત્યાગ કરી તને આવી મળત, પરંતુ શુ કરૂં ? પિતાજીની પ્રતિજ્ઞા સિદ્ધ કરવા માટે મારે ચૌદ વરસ વનવાસમા ગાળવાં જોઇએ. એટલે હું મંદભાગ્ય છું.

**લક્ષ્મણ**—હે બંધુ ! હે પુરૂષ શ્રેષ્ટ ! આપ શોક ના કરો, આપના વિયોગ શોકથી મારૂ હૃદય ભેદાય છે. આપ શાન્ત થાવ. ઇશ્વર સર્વ મંગળ કરશે. આપ જેવા શોક મોહથી વીરક્ત અકલેશ નિર્લેપ મહાત્માને બુદ્ધિભ્રમ થવો ઉચિત નથી.

**હનુમાન**—રામ રામ રામ સીતા રામ રામ રામ.

**સુગ્રીવ**—બંધુ પવનાત્મજ, આપણે મારા જેષ્ટ બંધુ વાલીના ભાઇથી ત્રાસ પામી સત્ય લક્ષ્મી અને સ્ત્રીથી વિમુખ થઇ આ રૂષ્યમુખ પર્વત ઉપર આવી રહ્યા છીએ, તો પણુ નિર્ભય નથી. અવશ્ય આ કોઇ આપણી ચર્ચા જોવા મોકલેલા વાલીના રાજદૂત હશે, તપાસ કરો તે કોણુ છે ? નિશ્ચય કરી મને બોલાવો હુ અહિજ છું.

**હનુમાન**—જેવી આજ્ઞા, ( સ્વ ) સુદર શરીર તપસ્વી વેશ તે સાથે આ ધનુષ્યબાણુ રાખવાનો શુ હશે ઉદ્દેશ ! ( પ્ર ) હે સુદર આકાર તપસ્વી કુમાર ! આ નિર્જન વનમા તમે કેમ આવ્યા છો ? તમો બન્ને કુમાર સૂર્ય ચદ્રના તેજને ધારણુ કરનાર હોઇ એક સાથે ફરો છો, જટાવલ્કલ સાથે કલ્પવૃક્ષ જેવા શોભતા જગલમા કેમ વિચરો છો ? આશ્ચર્ય દર્ભના છોડમાં સુગંધ, તપસ્વી અને કોમળ સુદર અંગ કહોજી કેમ દેખાવ છો ? કલાન્ત શુ છે ? આપનુ વૃત્તાંત ? કયું છે ગામઠામ ? શું છે નામાભિધાન ?

**લક્ષ્મણ**—મહારાજ ! દશરથના પુત્ર રામ પિતાની આજ્ઞા પાળવા વનમા આવ્યા, તેમના ધર્મપત્નિ સીતાના હરણુથી દુર્દૈવે આ દિવસો બતાવ્યા.

**હનુમાન**—અહો રામ, અયોધ્યા પતિ સાક્ષાત્ ધર્માવતાર પૂર્ણ કામ પ્રભુ પ્રણુામ, આ દાસાનુદાસ વાનર હનુમાન આંજનેયના સાષ્ટાગ પ્રણુામ

**રામ**—હે વાનરેશ્વર ! અમારા દગ્ધ હૃદયને કાંઇક સાન્તવન દેશો, દેવી સીતાની શોધના શુભ સમાચાર અમને કહેશો.

**હનુમાન**—હા હા, સીતા જનક દુહિતારામના ધર્મપત્નિ જે રાક્ષસ લંકેશની ખાંધ ઉપર ચઢી રામ રામ કરતી રોતી કકળતી દક્ષિણ દિશા તરફ જતી હતી તેજ.

**રામ**—તેજ તેજ, મારા શરીરનું તેજ, મહારા આત્માનું સર્વસ્વ જાનકી ! જાનકી ! વીર હનુમાન, વિશેષ કહ તેનું ધ્યાન ?

**હનુમાન**—મહારાજ, આ આભુષણ, આ કંકણ, આ શીર્ષફુલ, અંતરિક્ષ જતા કલ્પાંન્ત કરતા સીતા દેવીએ અમારી તરફ ફેંક્યાં હતા.

**રામ**—હા વીર લક્ષ્મણ જો જો, આ તેજ પ્રિય જાનકીના અલંકાર છે હું ગત પ્રાણના તે પ્રાણાધાર છે લક્ષ્મણ જો, આ તેના જ અલંકાર.

**લક્ષ્મણ**—બંધુ, દેવી સાથેના આટલા વર્ષના સહેવાસમાં મેં કદિપણ મહાસતી સીતા દેવી તરફ ઉંચી દૃષ્ટિએ જોયુ નથી. એટલે હું તેમના આવીશેષ અલંકારો ઓળખી શકતો નથી. પરંતુ સદાકાળ મારી નજર વડીલ બંધુના ધર્મપત્નિ સતી સીતા દેવીના ચર્ણકમળ તરફ રહેતી હતી, તેથી માત્ર હું તેમના ચર્ણ નૂપુરને ઓળખી શકું છું. હા, આ તેજ નૂપુર કે જે દેવીના ' ચર્ણસ્પર્શ કરતાં મારા મસ્તક ઉપર શોભતા ચંદ્ર જેવુ શોભતું હતું.

**રામ**—હા, દેવીના અસ્તવ્યસ્ત અલંકારોને જોતાં પણ હજી મારા પ્રાણ કેમ આ કઠોર હૃદયને ભેદી બ્હાર જતા નથી. પ્રીય સીતાના સહેવાસી થતા નથી

**લક્ષ્મણ**—મહારાજ ચિંતા તજો, અલંકાર મળ્યા છે તો, દેવી પણ મળશે, આપણા મનોરથની લત્તા અવશ્ય ફળશે.

**રામ**—હનુમાન ! આ અન્ય કોણ વાનરપતિ ?

**હનુમાન**—આ વાનરપતિ તે પદભ્રષ્ટ કિષ્કિન્ધા પતિ છે તેમના મોટા ભાઇ વાલી હારખાઇ સમસ્થ રાજ ઐશ્વર્ય અને સ્ત્રી સુદ્ધાત ગુમાવી બેઠા છે.

**સુગ્રીવ**—ભગવાન્ ? આપ સરખા સ્વામી વિદ્યમાન છતાં મારી આ દશા, અરે રાજ ગયું તો ગયું, પરંતુ તે શત્રુભાઇએ સ્ત્રી પણ સ્વાધિન કરી, હા કર્મ દશા !

**રામ**—મીત્ર સુગ્રીવ હુ સૂર્ય અને અગ્નિને સાક્ષી રાખી પ્રતિજ્ઞા કરૂં છું કે તારો પક્ષ લેઇ અવસ્ય હું વાલીને મારીશ અને તારી સ્ત્રી તથા કિષ્કન્ધાનું રાજ પાછું અપાવીશ.

**સુગ્રીવ**—અને હું પણ પ્રતિજ્ઞા કરૂ છુ કે, આપની મીત્રતા હું જન્મભર નિભાવીશ. વાલીના દુઃખથી મુક્ત થતા પ્રાણાન્તે પણ હું દેવી સીતાની શોધ લાવીશ. વીર હનુમાન હાલ ને હાલ તમે દક્ષિણ દિશા તરફ જાઓ ને ગમે તે ઉપાયે સતી સીતાની શોધ લેઇ આવો.

**હનુમાન**--હા, અને તેટલાજ સમયમાં આપ ભગવાન રામચંદ્રની કૃપા સહાયથી વાલીનો પરાજય કરી કિષ્કન્ધાના અધિરાજ થાઓ. રાજમુગટ આપને મસ્તકે ધરો અને મહારાજ રામચંદ્રને તે દુષ્ટ રાક્ષસના હાથમાં ગયેલા સીતા દેવીને પુનઃ મેળવી આપવા સર્વ વાનર સેના કટીબદ્ધ થાઓ.

**રામ**—અસ્તુ, એમજ થશે. વીર હનુમાન સ્નેહીની નિશાની બદલ દેવીને આ સૂવર્ણ મુદ્રિકા અર્પણ કરજો મારા તરફથી તેમને કુશળ કહેજો, જાઓ આશિષ

**હનુમાન**—આજ્ઞા પ્રભુ ! પ્રભુ ! પ્રણામ. ( જાય છે. )

**રામ**—વત્સ કલ્યાણ, મીત્ર સુગ્રીવ ! હવે સમય ના વીતાવો, હુંકારથી દિશા ગજાવો, વાલીને યુદ્ધ માટે બોલાવો, હુ આ વૃક્ષની બાજુમા છુંપાઉં છું. ધનુષ્યબાણથી વાલીનો વધ કરવા સજ્જ થાઉં છુ.

( સુગ્રીવ હુંકારથી વાલીને બોલાવે છે. )

**વાલી**—કેમ રે વનપશુ ! અમારી ગદાના વજ્રઘાતથી અનેકવાર હાર ખાવા છતા ફરીને તું મારી સાથે યુદ્ધ કરવા તૈયાર થયો ? મહો તનો સજાવાર થયો ? મારી પ્રબળ ભુજા પરાક્રમથી સૂર્યમંડળને પણ ચલાયમાન કરનાર હુ ઇંદ્રકુમાર વાલીથી ખાલી યુદ્ધ કરી મરવાને કોણ સજ્જ થાય છે ! મારી સિંહ ગર્જનાનો સ્વર કાને પડયા છતા કયો શત્રુ રણસંગ્રામમાં લડવા તૈયાર થાય છે ?

**સુગ્રીવ**—એજ તારો બંધુ સુગ્રીવ કે જેનો તે વારંવાર પરાજય કર્યો છતાં પણ પોતાના ઉત્સાહ અને બળ પુરૂષાર્થ વડે આજે તારી સાથે લડનાર છે. મારી સ્ત્રી બળાત્કારથી પોતાના અંત:પુરમાં રાખ્યાનું તથા રાજને જોર જુલમથી પચાવી પાડયાનુ વ્હેર આજે લેનાર છે.

**વાલી**—તું સુગ્રીવ વન પશુ કે જે યુદ્ધ ભુમીમાંથી શીયાળની માફક વારંવાર મારા ભયથી ત્રાસી નાશી ગયો હતો, આ રૂષ્ય મુખ પર્વતનો આશ્રય લેઇ રહ્યો હતો, તેજ કે તું આ ઇંદ્રિકુમાર વાલી સાથે લઢનાર?

**સુગ્રીવ**—હા તેજ હુ, આજે નવા જોર શોરથી માત્ર એકજ ગદા તને માર છું, તારૂ તે બળ ગુમાન પળ ભરમા ઉતારૂં છુ.

**વાલી**—અરે જે મહાવીર વાલીએ રાવણુ જેવા ગર્વાંધ રાક્ષસને એક બગલમાં દાબી સમુદ્ર પ્રદક્ષિણા કરી હતી, જેણે મહા બળવાન માયાવી દુ દુભી જેવા રાક્ષસોનો નાશ કરી તેના રૂધીરથી કીસ્કંધાની પૃથ્વીને શાન્ત કરી હતી, તેના આગળ તું તુચ્છ વનચર બ્યંઢળના શા ભાર છે? અવસ્ય સુગ્રીવ તું આજે મારી ગદાનો શિકાર છે.

**સુગ્રીવ**—( આવતો સાવધાન લડે છે, ગદા યુદ્ધ સુગ્રીવનું હારવું. વાલીનું સુગ્રીવ ઉપર ચઢી બેસવુ. રામનું વૃક્ષની આડમાંથી બાણુ મારવું, વાલીનું પડવુ.)

**વાલી**—હા રામ ! રામ ! પાહીમામ્ પાહીમામ, રામ મને દગાથી મારનાર અયોધ્યાપતિ રામ, હા રાવણુનો ઘાત કરવાની મારી પ્રતિજ્ઞા વ્યર્થ ગઇ, જીંદગી નીષ્ફળ ગઇ.

**રામ**—વાલી સ્વર્ગવાસ હો તારો, દુષ્ટ રાક્ષસ રાવણુને મારવાની તારી જે પ્રતિજ્ઞા તે હું પોતેજ પૂર્ણ કરીશ

**વાલી**—હા અવધપતિ, સુગ્રીવ મીત્ર અને હુ વેરી, મારો દગાથી ઘાત કરવામા આપની શુ કીર્તિ ફેલી? દેવી સીતાની શોધ હુ એક પળ ભરમા લાવત, રાક્ષસ રાવણુ સહીત સમસ્ત લંકાને હું સમુદ્રમાં ડુબાવત

**રામ**—ભાઇની સ્ત્રી પ્રત્યે અત્યાચાર, કનીષ્ટ બધુ પ્રત્યે આ દુષ્ટ વહેવાર

એજ તારા મહાન અપરાધનો તું સજાવાર. બોલ અંતકાળે તારી શી ઇચ્છા છે?

**વાલી**—હા પુત્ર અંગદ, પ્રીય તારા, છેવટે ચાહું છું એક દર્શનને તમારા.

**તારા**—હા પતિ, હા પ્રાણ, હે રઘુપતિ રામચંદ્ર આપ સાક્ષાત ચંદ્ર સમાન સકળ સંસારનો સતાપ હરનાર હોઇ કરૂણાના સમુદ્ર હોઇ હું પાપાત્માના કયા પાપથી આપે મારા નાથને માર્યો? હા મેં શું અપરાધ કર્યો હતો તમારો?

**રામ**—તારા કાળની ગતિને આધીનથી પુત્ર અંગદ સાથે તું તારા દેવર સુગ્રીવને સ્વાધીન થા, પ્રાણી માત્ર એક દીવસ કાળના ગ્રાસમાં જશે એ ખચીત છે. તમારા સ્વામીના વિનાશમાં મારૂં તો એક માત્ર નિમીત્ત છે.

**તારા**— હે રઘુકુળ કુમુદચંદ્ર સ્વામી રામચંદ્ર હું વાટીકા રાક્ષસી સમાન પતિ મર્ણ થતા જીવતાં વીરૂપા રાક્ષસીના પ્રીયતમના મરણને આ રીતે જોઇ રહેનાર હું કરાલ ચડીનો સત્વર ધાત કરો. આપ સૂર્ય વંશની ઉજ્જવલ કીર્તિને વિશેષ ઉજજવલ કરો.

**રામ**—તારા! તારા, આ માર્મિક શબ્દો મને જવલંત્ અગ્નિ સમાન લાગે છે, હા તારા કલ્પાતથી મારૂં ધૈર્ય દુર ભાગે છે.

**તારા**—હે સત્યવાદી રામ, મૃગયા એ ક્ષત્રીનો ધર્મ છે, તો હું શાખા મૃગ વાનરજાતી અબળા તમારા શિકારને યોગ્ય છું. મારા શિકારથી આપ અવશ્ય પૂણ્યફળના ભાગી થશો, માટે મુજ સરખી વિધવા દુર્ભાગ્ય વાનર પતિનો શીઘ્ર આપના જવલંત બાણથી નાશ કરો. હે રવીવંશભુષણ એટલી હું દીનપર દયા કરો, હા પ્રાણ, હા પતિ આપની શી આ દુર્ગતી?!

**વાલી**—રામ, કૃપાળુ રામ, આપના પવિત્ર હાથે મારૂં મૃત્યુ થવાથી અવશ્ય મારૂ તો કલ્યાણ છે પરંતુ આ નિરાધાર પ્રીય તારા તથા આ મારૂ સર્વસ્વ પુત્ર અંગદ તેની રક્ષા હું તમને સોપુ છું.
બંધુ સુગ્રીવ મારા અતકાળે સર્વ વેર તુ ભુલી આ કીષ્કંધાના પવિત્ર રાજમુગટ સાથે આ પિતાશ્રી ઇંદ્રની આપેલી મારી આ વીજયી માળાથી તારો કંઠ શોભાવ.

રામ—વીર વાલી, સદ્દગતિ હો તારી, વીર સુગ્રીવ આજથી તમે કીષ્કંધાના
મહારાજ, પુત્ર અંગદ યુવરાજ, તથાસ્તુ.

( મુગટ પહેરાવે છે )

[ પ્રવેશ બીજાની શરૂઆતમાં ગવાતું ગાયન. ]

ગાયન.

રામચંદ્ર— ( ૧૫ )

વિરહા ક્યાં એ રમણી,
શાંન્તી સુધા આશ્રમે;
નિશદિન વિસ'તી નહિં અહીં તહીં પ્રિયા હા.
અઇ ગઇ કહીં હા
છુપી રહી ક્યાં
ગીરિવન વા નદી તીરમાં રોશે પ્રિય મારી—વિરહા
પ્રણય માન સમય આન,
સુમુખી મમ જીવન પ્રાણ;
પ્રિય વિરહીત વિકલ પ્રાણ,
સશય અધિક જીવનમાં.

---

ગાયન.

રામચંદ્ર— ( ૧૬ )

આતે રાજ શિરોમણી મુકુટને સ્થાપી શિરે તાહયરા,
આ માળા જયવત બંધુ હૃદયે આલિંગતી જે સદા;
આપું રાજ્ય સહિત આશીષ તને કીષ્કન્ધ ભુમિ તણું,
સ્થાપુ છું યુવરાજના શુભ પદે આ બાળ તારા તણું.

# પ્રવેશ ૩ જો.

---

## સ્થળ—રસ્તો.

### પાત્રો:—નારદ, શૃંગીજી, દધીબલવાન, રાક્ષસ.

### ગાયન.

નારદ— (૧૭)

નીરખો નેણોમાં મારો નાથ રમે,
નાથ રમે મારો પ્રભુ તો રમે...........નીરખો.
ભવો ભવની સાધુ ભાવટ ભાગો,
ઘટમાં રમૈયો મારો પુરણ રમે...........નીરખો.
જગે જગમાં સાધુ સઘળેજ જાગ્યા,
અમઘટમાં પણુ આપોઆપ સમે.... ..નીરખો.

નારદ—નારાયણુ, નારાયણુ, નારાયણુ, અહ નારાયણુનું નામ લઉં છુ પણુ આજ કાંઇ ચેન પડતું નથી. શુ દર્દ થયુ હશે વારૂ ! હા ઘણા દિવસથી કોઇના ઘરનું કૌતક જોવાયું નથી. તેથીજ આ પેટમાં અજીર્ણ દેખાય છે, ત્યારે હવે કોતક કરવુ કોના ઘરમાં ! હા, હા, વિશ્નુ ભગવાન અને લક્ષમીજી વચ્ચે હોળી સળગાવું, ના ના, વિશ્નુ તો પાછા બદલો લઇને મ્હારી મીટી બરબાદ કરે એવા છે, ત્યારે એ પણુ ચોકઠુ બેઠું નહિ. ત્યારે હવે મારે તે કોનું ઘર શોધવું ? હા જો હા હવે યાદ આવ્યુ, પેલા નવા શૃગારી શૃગી રૂષી ઠીક છે. એ નવા મસારીના ઘરમા ગરબડ ઘાલુ શાન્તા અને શૃગી વચ્ચે ધમમધમ્મા કરાવુ, ચાલ ત્યાં જલદી જલદી જલદી પહોચી જાઉં (જોઇને) હે પેલુ સામે કોણુ આવે છે ? એતો એજ શૃગીજી સપાટા બધ સપાટામાં સપડાવવા ચાલ્યા, આવે છે ને શુ ?

શૃગીજી—હવે તો હદ થઇ સન્ધ્યા કરવામા પણુ હવે તો શાન્તાજ નજરે ચડે છે, આતે શુ ?

નારદ—[સ્વ.] હમણા નવુ નવું છે ને તેમા પછી તો ઘણાય પોક મુકીને રોશો તમારા બાપ વિભાન્ડકને સભારશો.

શૃંગીજી—બસ આજથી અરે અત્યારથી મધ્યા પુજા કરવીજ નહિ.
નારદ—[સ્વ૦] એના જેવુ ઉત્તમ એકકે નહિ, પોથા બાધીને રસોડામાં લટકાવજો

શૃંગીજી—શ્રગારતો સર્વોત્તમ પણ જ્યા સુધી લડકો લડકી નથી ત્યાં સુધી બધુએ નકામું છે

નારદ—[સ્વ૦] અરે વાહરે મુનિ આતો લડકાની ચિન્તામાં નિરાશ થઇ ગયા દેખાય છે, ઠીક છે ઠીક છે (નેપથ્યમા) નારાયણ નારાયણ ત્યારે તેમને લડકાનું સુખ તો થશે.
શૃંગીજી—ઓહોહોહોહો કોણ નારદજી, પધારો પધારો.
નારદ—વારૂ છો તો ખુશીમાંને?
શૃંગીજી—હાજી હાજી, હમણા તો ઘણીજ કુશળતા છે, વારૂ આપ પણ ખુશીમા છોને! મારી ભાભી વગેરે કુશળ છેના?
નારદ—તમારી ભાભી વળી કઈ મુઇ છે?
શૃંગીજી—હાહા એતો મારી ભુલ થઇ તમે તો બ્રહ્મચારી છો
નારદ—ત્યારે શુ જખ મારવા પૂછોછો વારૂ શૃંગીજી મુની ...
શૃંગીજી—હાહાં મહારાજ હવે તમે મને મુની મુની શા માટે કહો છો હવે તો આપણે મોટા સરદાર બન્યા છીએ.
નારદ—(સ્વ) મુરખના (પ્ર) વાહવાહ સરદાર શૃંગીજી હવે તો તમે ગૃહસ્થાશ્રમી થયા
શૃંગીજી—હા હા હા.
નારદ—ત્યારે સરદાર એ અનુભવ લેવાય શી રીતે? મને પણ તમારી વાત સાંભળી ઇચ્છા થઇ ગઇ.
શૃંગીજી—હુ કહુ તેમ કરો
નારદ—કહો ત્યારે,

શૃંગીજી—જુઓ, પ્રથમ તો આ તમારો ભડકણો વેશ દૂર કરો, આ ધમ ધમ કરતા ઘુઘરા ગગાજીમા પધરાવો આ તુનતુંન કરતી તુતુંની વીણાબાને ઉંડા કુવામા ઝપલાવો, અને આ લાંબી ચોટી જેની મોટી પોટી દેખાય ખોટી છે તેના પર કાતર ફેરવાવો પછી આ સસારનો શૃગાર મોતીચૂર મોટે મોટે કોળીએ ઉડાવો.
નારદ—ચાલો ત્યારે મે પણ નિશ્ચય કર્યો કે લગ્ન તો કરવુ, કરવુ ને કરવુજ, પરંતુ સરદાર તમે હમણા ચિન્તા કરતા હતા તે શુ?

**શૃંગીજી**—હા મહારાજ તમે ઠીક સ્મરણ કરાવ્યુ, મને દોઢ ચિન્તા થઇછે.

**નારદ**—અજબ ચિન્તા વારૂ એ કઇ કઇ ?

**શૃંગીજી**—જુવો જાણે એક ચિન્તા તો એજ કે આવુ રૂપાળું શ્રગાર સુખ છોડીને મરવુ પડશે એ ચિન્તા થયા કરે છે.

**નારદ**—ત્યારે અમરપટો લઈને આવવુ હતું ના

**શૃંગીજી**—મને આ શ્રંગારની ખબર નહિ તો હવે તમે કાંઈ ઉપાય બતાવો.

**નારદ**—હા ઉપાય બતાવું, પણ પાછી તમારી અરધી ચિન્તાનો તો ખુલાસો કરો એટલે બે ઔષધિઓ સાથેજ આપી દઉં.

**શૃંગીજી**—હાજી હા એ પણ સાભળો. બીજી ચિન્તા તો લડકા લડકીની થઇ છે મહારાજ

**નારદ**—એહહહંહ બોલતાજ મોઢું ભરાઇ જાય છે ને શું ?

**શૃંગીજી**—છોકરાની ગમ્મતએ દુનિયાની ઓર મજા આવે છે વળી આપણે કોઇ રાજકાજના વિચારમા બેઠા હોઇએ, છોકરો જમવાને બોલાવતો હોય, છાતી ઉપર ચઢીને મૂછો તાણતો હોય, આપણે એને બાપા બાપા કહેતા હોઇએ છોકરો આપણુને બેટા બેટા કરતો હોય

**નારદ**—હા હા હા બોલવાનુ તો ભાન રાખો, છોકરો બાપુ કહેશે કે બેટા કહેશે ?

**શૃંજીગી**—મહારાજ એતો હર્ષમા જીભ આમની, મહારાજ હવે મશ્કરી મુકો, અને લડકાનો ઉપાય ઝટ બતાવો

**નારદ**—જુવો ત્યારે કાન દઇ સાભળો પુત્રને માટે તમારે મહાદેવના જપ કરાવવા પડશે

**શૃંગીજી**—જપ તો હુ પોતેજ કરી શકુ તેમ છુ.

**નારદ**—એતો બ્રહ્મચારી હતા ત્યારે હવે તો તમારાથી ન બને

**શૃંગીજી**—ત્યારે કોની પાસે જપ કરાવુ ? કયા પરોપકારી પુરૂષને યાચવુ ?

**નારદ**—અરે ભાઈ તમારા સુખને સારૂ હુ મત્રજાપ કરીશ

**શૃંગીજી**—ત્યારે તો હુ આપનો ઉપકાર માનીશ.

**નારદ**—ઉપકાર માનજો. (સ્વ૦) કે પછી ગાળો વરસાવજો ( પ્ર ) પરતુ તમારે ત્યાં સુધી એક વ્રત ધારણ કરવુ પડશે

**શૃંગીજી**—અરે એક શુ ઇકોતેર કહો મહારાજ.

**નારદ**—જ્યાં સુધી મંત્ર જપાઇ રહે ત્યાં સુધી તમારે મુનિવ્રત લેવું પડશે

**શૃંગીજી**—ખુશીની સાથે કહો તો અત્યારથીજ.

**નારદ**—થયુ ત્યારે તમે અહિંથીજ મુનિવ્રત ધારણ કરો અને કીડીની ચાલથી મકાન તરફ સીધારો. હું પણ ગંગા કિનારે જાઉ છું અને જાપનુ કામ શરૂ કરૂ છુ (અસુરનો પ્રવેશ)

**અસુર**—ઓ પરણેલાને ખાઉ

**શૃંગીજી**—ઓ બાપરે અરે અસુર ભાઇ પરણેલા કરતા આ કુવારાનેજ ખાઈ જાને, હાય આતો પુત્ર મેળવતા મોત મેળવ્યું.

**નારદ**—જો ભાઇ મારૂં શરીર તો રખડી રખડીને સુકાઇ ગયુ છે અને આ શૃંગી સરદાર તો હમણાજ ઘી સાકર ખાઇ ખાઈને ફુલી ગયા છે. માટે એને ખાઈ જા

**શૃંગીજી**—ના ના ના મારા શરીરમાંતો કાઇ માલ નથી આતો પવનથી ફુલી ગયુ છે માટે એ નારદજીનેજ ખાઇ જા.

**નારદ**—એમ કે પેલા જપ કોની જોડે કરાવશો ?

**શૃંગીજી**—અરે બળ્યા તારા જપ, અહિ જીવ જવા બેઠો છે ને ભાઇને જાપ કરાવવા છે.

**અસુર**—બોલો તમારામાથી બ્રાહ્મણ કોણ છે ? બ્રાહ્મણનો હુ કાળ છુ.

**શૃંગીજી**—ત્યારે હુ તો બ્રહ્મક્ષત્રો છુ અને આ નારદ બ્રાહ્મણ છે

**અસુર**—જા તને જીવતો મુકુ છુ.

**શૃંગીજી**—હાશ હાશ હવે સતાઇન જોવા દે

**નારદ**—લે ભાઇ હવે મને ઝટ ખાઇ જા બસ ખાઇ જા અહાહાહા (હસવુ.)

**અસુર**—અરે મુઢ હસે છે શા માટે ? મોતથી નથી ડરતો ! બોલ સાચું તુ શુ હસે છે ‘ નહિ તો ગદા મારી માથુ ફોડી નાખીશ

**વાનરદેવ**—સબુર ક્રુર અસુર પુર પાપી ગુરૂશ્રાપી કુળ સતાપીનીચ નરાતક.

**અસુર**—ઓ દુષ્ટ દધિબળ

**નારદ**—માર માર માર ગદા મારી માથુ પેટમા ખોશી દે ( વાનરદેવ ગદા મારે છે, માથુ પેટમા ખોશી દે છે )

**શૃંગીજી**—હાશ હાશ ઠીક કમબખ્તને માર્યો હવે એના પગ પકડી ચક્કર ફેરવો અને પછી પેલી ઉંડી ખાઇમા નાખી દો. (ચક્કર ફેરવે છે એક તરફ ધસડી જાય છે )

**નારદ**—શૃંગીજી હવે તમે પણ પધારો જોજો હવેથી બોલતા.

**શૃંગીજી**—અરે અત્યારથી બોલવું બંધ અને આ કીડીની ચાલ ( મોટી મોટી ફાળે ચાલે છે. )

**નારદ**—અરે આતો ઉટની ચાલ ચાલ્યા, એમ નહિ આમ (જવું) બસ પ્રયોગ બરાબર ગોઠવાયો. હવે હું પણ શૃંગીજીની સ્ત્રી શાન્તા પાસે પહોંચી જાઉં, રચનામા રચના ગોઠવી દઉં.

ગાયન.

**નારદ**— ( ૧૮ )

હવે ઘેર ઝટ પહોંચો ખુશ હા,
ત્વરાથી નીમ કરો તતકાળ;
ચાલી પ્રભુ કીડીના જેવી ચાલ,
સિદ્ધિ સાધી થાઉ હું તો ઝટ ન્યાલ;
નાસીકાપર રાખીને, દ્રષ્ટિ કરો સંપુટ સરદાર.
ફળ આરોગી, મૌન્યને ધારી,
રહો વિભાંન્ડક લાલ. હવે૦

( નારદ જાય છે. )

---

## પ્રવેશ ૪ થો.

---

સ્થળઃ—લંકા—

**હનુમાન**—રામ રામ રામ સીતા રામ રામ.

રામ કૃપાથી હું હનુમાન દુસ્તર સમુદ્ર ઉલંઘન કરી લંકાના દ્વાર સુધી આવ્યો, અધુના માતા જાનકી કયા હશે ? આ અસંખ્ય રાક્ષસોથી સુરક્ષીત લંકામા મને તે કેવી રીતે મળશે? દુષ્ટ રાવણના ત્રાસથી કદાચ તે જીવતી હશે કે કેમ ? અરે પણ હું હનુમાન આ રીતે વૃથા ચિંતા શા માટે? મન ધીરજ ધર, ભગવાન રામચંદ્રનું એકાગ્ર ચીત્તે ધ્યાન કર ! અવશ્ય પ્રભુ સન્માર્ગ દર્શાવશે, પ્રભુ કૃપાથી સમસ્ત લંકાનો તે દુષ્ટ રાક્ષસ સહીત હું એકલોજ

વિનાશ કરૂ તેવું બળ આપશે, ફરવાનો ઉઘે છે, મહારાજશ્રી રામચંદ્રના કાર્ય માટે, સતી સીતાની શોધ માટે આ હુ હનુમાન લંકામા પ્રવેશ કરૂ છુ, મને કોણુ રોકી શકે એમ છે? રામ-રામ રામ-સીતા-રામ-રામ-રામ.

**રાક્ષસી**—કોણુ એક કપી વાનર લગુરાં આ અસુર પતિ મહારાજ લંકેશથી સુરક્ષીત આ સુવર્ણુમયી લંકામા પ્રવેશ કરવાને હીમત ધરે છે? જેમા દેવ યક્ષ કીન્નર તો શુ પરંતુ સુક્ષ્મમા સુક્ષ્મ પવન પણુ સંચાર કરી શકે નહિ તેમા કયો મુર્ખ પ્રવેશ કરી હાથે કરી કાલના મોમા પડે છે?

**હનુ૦**—રે વિકાળ વેશધારી રાક્ષસી તું કોણુ છે? ચલ દુર થા, શા માટે માર્ગમા અંતરાય કરી ઉભી છે?

**રાક્ષસી**—હુ લંકાની રક્ષપાલીકા રાક્ષસી છું, મહારાજ લંકેશ્વરના હુકમથી હું આ લંકાની સર્વ પ્રકારે રક્ષા કરૂં છું.

**હનુ૦**—અહો પ્રબળ પરાક્રમી રાવણુની રાજધાની લંકાનું રક્ષણુ એક નીર્બળ સ્ત્રીથી થાય છે? આ ઉપરથી લંકેશ્વરનું બળ ઐશ્વર્ય તથા બુદ્ધિ-ચાતુર્ય કેટલુ છે તે સ્પષ્ટ સમજાય છે.

**રાક્ષસી**—હા સ્ત્રી છુ પણુ સાધારણુ નહિ, સમજ વાનર પશુ! હું લંકાની રક્ષા કરનાર દેવી છુ, જેણે સમસ્ત દીગ્મંડલને પોતાના પ્રચંડ ભુજદંડથી વશ કર્યા તેવા રાક્ષસરાજ રાવણુથી હું સુરક્ષીત છું.

**હનુમાન**—તો સાભળ હવે મારૂ પણુ પરાક્રમ સાભળ.

જન્મતા જે વીર ઉડી આકાશમાં
ગગન ભેદી ગ્રહ્યો સૂર્યને બાથમા
ઇંદ્રનું બળ જેને નથી હીસાબમા
તેને તું રોકશે શુ ઉભી માર્ગમા?

**રાક્ષસી**— રાય લંકેશને ઓળખ્યા તેં નથી
તેથી લંગુર તુ બોલતો ગર્વથી
સ્વર્ગને જીતીને ઇંદ્ર શોભા હરી
તે દશાનનની આ પ્રીય લંકાપુરી.

**હનુમાન**— જન્મથી બ્રહ્મચારી હનુમાન હું
સ્ત્રી પરે હાથ કરતાં ડરૂ મન હું

તુચ્છ નિર્માલ્ય સ્ત્રી જાતની કોણુ તુ
રોકશે તુ'મને નક્કી આજે હણું.

**રાક્ષસી**—અરે કપીશ, તું એવી તુચ્છ ઇચ્છા મનમાં કરીશ નહિ, હું પિતા મહ બ્રહ્મદેવના વરદાનથી આ લંકાપુરીની રક્ષા કરૂં છુ. તું તો શું પણ ત્રણ લોકમા મને કોઇ જીતી શકે એમ નથી, માટે દુરાગ્રહ તજી જેમ આવ્યો તેમ વિદાય થા. અગર તો આવ્ય મારી સાથે યુદ્ધ કરી મોતને શરણુ થા.

**હનુમાન**—એમ તું સ્ત્રીજાત મારી શકીશ, આ હનુમાન વજ્ર કાયને?
**રાક્ષસી**—એમ તો શું તું જીતી શકીશ આ રાક્ષસી દીર્ઘકાયને?

**હનુમાન**—હા જીતીશ પળભરમાં એક નીમીષના અવસરમાં, તને એકને નહિ પણુ સમસ્ત લંકાને, તારા તે નીશાચર પતિ રાવણુને, શ્રી રામ કૃપાથી હું ચાહે તે કરવાને સમર્થ છુ.

તોડુ લકા ન છોડુ અસુર સકળને જીવતા સિંધુ બોળું,
ઝાલી હસ્તે ઝબોળું સ્વજન સુત સુદ્ધાં રાવણો નામ બોળું
જેણે સતી સીતા શ્રીહરી છળ કપટે રામની પ્રીયરાણી
તેવા પાપીષ્ટ નીચને નરપતિ પદથી પાડું હું હસ્તતાણી

**રાક્ષસી**— જાણ્યું કપી બહુ કરે મુખથી લવારો
જો એમ તો કર પરાજય એક મારો
જા તું પછી બહુ બળી દશ કંઠ સાથે
યુદ્ધાર્થ જે ભમી રહ્યુ તુજ મ્હોત માથે

**હનુ૦**— શ્રી રામ સાહય થકી લકા બધી ઉજાડુ
ને રાવણો થપડ એકથી પૃથ્વી પાડુ
સીતા સતી શીરધરી જાઉ રામ પાસે
જોઇ કપીબળ તું લંકીની હાથ ધાસે.

**રાક્ષસી**— તો હું તણા પ્રથમ આકરનો શ્વાસ હે
**હનુ૦**— લાગી શરીર રજતે પણુ ઉડી જાશે
**રાક્ષસી**— જો આ વળી
**હનુ૦**— વળી ગણું કુસુમાવલી હુ
**રાક્ષસી**— આવાર !
**હનુ૦**— હુ સમજુ પુષ્પ પ્રહાર તે શુ

આ વજ્ર દેહ તુજ હસ્તજ પુષ્પ જેવા
લાગે મને વરસતી જળ ધાર તેવા
જો હું હવે કર ધરૂં તુજ લંકીનીનો
બોલાવ તું મદદમાં પતિ લંકીનીનો
છુટે કદી વજ્રના દ્રઢ પીંજરાથી
છુટે કદી કપિતણા નવ હાથમાંથી

**રાક્ષસી**—ઓ કપીશ, વનકીશ, દયા કર! દયા કર! આજે તેં તારા અપાર બળથી મને જીતી છે, મને ભવિષ્યનુ વરદાન હતું કે કોઇ વાનર પોતાના અપૂર્વ પરાક્રમથી જ્યારે તને જીતશે ત્યારેજ આ લંકા ઉપર તથા લંકાના રાક્ષસ રાજા રાવણ ઉપર મહા ભય આવી પડશે એમ જાણવું, તો અવશ્ય સીતાહરણના મહા પાપથી સમસ્ત રાક્ષસોનો તથા રાક્ષસ રાજ રાવણનો વિનાશ નજદીક આવ્યો છે એમ હું માનું છુ. હું તારાથી પરાજય પામુ છું, માટે સુખેથી તું નગરમાં પ્રવેશ કરી ઇચ્છીત કાર્ય કર અને એક અબળાને જીવિત દાન દેવાની કૃપા કર

**હનુમાન**—વારૂ તો ચાલ આગલ, લંકીની તું જાતેજ મને લંકાની માર્ગ દર્શક થા. રામ-રામ-રામ-સીતા-રામ-રામ-રામ.

---

## પ્રવેશ ૪ થો.

**સ્થળ:—અશોકવન.**

**પાત્રો:—સીતા, રાક્ષસી—રાવણ ( પાછળથી ) હનુમાન.**

**ગાયન.**

**સીતાજી**— (૧૯)

હે રઘુવર સ્વામી અતર ઘટયામી
આવી મળો હે પ્રભુ નિષ્કામી
ચિતવન પ્રીયતમ કરતી રડતી જતી
ભાન સાન ગતિ મતિ વીણ અતિ દુખ પામી
હૃદય વસી કયમ દરશન દયા પ્રભુ
સાહો સાહો કર સુંદર પ્રભુ પ્રણયામી—હે

કર તૃષ્ણુ ધરતી ધરતી સુતાની
વારે ધાઓ હે રઘુવીર રામ નમામી—હે

હે અપૂર્વ અશોકવન તુ શોક વન મુજ કારણે
છુ કલંક સમાન પણ હું શોકથી તું બારણે,
સીંચન કરી તારૂ અરે મુજ નેત્ર સ્થિતિ અ ધ થઇ,
પહોચાડ નિજ સદેશ સ્વામી રામને સુગધ લઇ.
હા પ્રીયત્તમ આપ કયા ને હું અભાગી કયા વળી,
અંતર ન માળાનો સખો અતર પડયા સીધુ ગીરિ,
ધન્ય રાક્ષસ રાજ રાવણુ ધન્ય તારી વીરતા
છળ કરી વનથી હરી તે રામની વ્હાલી સીતા
હે નાથ આ દીન દાસીની કદી શોધ પણ લેશો ન શુ,
ઘનશ્યામ સુદર મૂર્તિના દશન કદી દેશો ન શુ
જાણી સતીના હાલ સ્વામીજી વીકળ થાશો નહિ,
ભોગવું છુ દુ:ખ જે કર્મ લખ્યા ભોગવ્યા નહિ,
આ તમારી પ્રીય સતી કરૂણા શુ મનથી રહી જતી,
મુજ સાથ રાક્ષસ રાવણે તે પણ હરી શુ હ્રદયથી
હા કાળ કેશ બધથી પ્રભુ મુક્ત શુ કરશો નહિ,
ને આ નિશાચર દુષ્ટના શુ પ્રાણુ પણ હરશો નહિ,
હાય સંભાળુ અહિ શુ દુખ મારા કર્કશા,
હોશે પ્રભુ મુજ રામની વિરહથી કેવી દશા ?
હે દેવ હે રવી ચદ્ર અગ્નિ દીનની ધરજો સ્તુતિ,
હો દુખ મુજપર લાખ પણ કરજો પ્રભુ મારા સુખી,
હે રામ હે સ્વામી પ્રભુ જગદીશ કર બે જોડતી,
અવધી વિરહના દિવસની ગણુતી સતી તૃણુ તોડતી.

**હનુમાન**—રામ કૃપાથી સમસ્ત લકા ફરી વળ્યો રાવણુના પ્રત્યેક રાજ મહાલયો અત પુર ઉદ્યાન વિગેરે જોઇ વળ્યો છેવટે દેવીની શોધ આ અશોકવનમા લાગી, અહા આજ તે પૂર્ણુ સતી દેવી સીતા, દેવી પ્રણામ, અહો દીન દુખી અને પતિવિરહથી કૃશ થવા છતા પોતાના પતિવૃતનું તેજ મુખ ઉપર ચંદ્રકળા જેવુ શોભી રહ્યુ છે, હા દુષ્ટાત્મા રાવણે આ નવ મલ્લીકા વલ્લીકાને આમ્રવનમાથી ઉખાડી બાવળના કટાળ વનમા ફેંકી છે. પ્રભુ રામચંદ્રના હૃદય

પર પંચવટીના દિવ્ય મંદિરમાં બીરાજતી રકત પુષ્પમાળાને મા-
સાહારી શ્વાન રાક્ષસે માસનો ટુકડો ધારી સ્મશાનમા ફેકી છે,
લાવ અહિં સ્વસ્થ રહી ચિકિત્સા જોઉં, અલ્પકાળ આ વૃક્ષ ઉ-
પર છુપાઇ રહું.

**રાવણ**—(પ્રવેશી) સીતા! સીતા! આ હાથમા દર્ભતૃણ લેઇ શું વીચાર
કરે છે? શુ હવે તારી દીવ્ય કાન્તીથી મારા અતપુરને અલ-
કૃત કરવાને માત્ર ત્રણજ દીવસ બાકી છે? તારા આ ઉજ્જવલ
અગથી મારા અકને ભાગ્યશાળી કરવાને હવે માત્ર ત્રણ ઘટીકાજ
બાકી છે? મુકતાલતાથી ઝુલતા મારા કનક પર્યકપર જરીના
અસ્તરણમા આ લકેશ્વરના અગ સાથે તુ ચિતામણી રત્નાવળીને
આલીગવાને હવે માત્ર ત્રણ પ્રહરજ બાકી છે એમ સુચવે છે!

**સીતા**—નહિ લકેશ આ તૃણ મારી દ્રષ્ટિ આગળ ધરી હુ યોગદ્રષ્ટિથી
મારા પ્રાણેશ સ્વામી રામચદ્રનુ એકે ચીત્તે ધ્યાન ધરૂં છુ, તેઓને
લકા ઉપર ચઢી આવવાને હવે માત્ર ત્રણજ માસ બાકી છે
એમ ગણત્રી કરૂ છુ અથવા લકેશ તુ વેદ વેદાગ અને શાસ્ત્ર
સપન્ન હોઇ તારી આમારા પ્રત્યે પશુબુદ્ધી થવાથી તું તૃણ
ચરનાર પશુ છે એમ સમજુ છુ અથવા તો મોમા તૃણ લઇ
તુ સ્વામી રામચદ્રના ચર્ણમા પડી તેમની ક્ષમા માગ નહી
તો તૃણ પવનને ઉરાડતા અગ્નીને બાળતા જેટલો સમય લાગે
તેટલોજ સમય મહારાજ રામચદ્રને તારો ધાત કરતા લાગશે એ
વિચારી અથવા એક તૃણને તુટતા જેટલી વાર લાગે તેટલીજ
સ્વામી રામચદ્રના કાળાસ્ત્ર બાણથી તારૂ જીવન તુટતા લાગશે
એવા અર્થ ગાભીર્યથી મે આ તૃણ તારા અતરમા ધર્યુ છે

**રાવણ**—હે હસ્તીની સુઢ સમાન કોમળ જઘાવાળી માત્ર તને જોવાથીજ
પવનથી કંપીત થતી કદળીનો માફક તુ આ તારી સુદર તનુ
લતાને કંપાવ ના, હુ જો કે રાક્ષસેશ્વર છુ પણ તારાથી એટલો ક્રૂર
નથી, મદોદરી આદિ સવ પટરાણીઓ કરતા હુ તનેજ ચાહુ છું
અને સર્વથી શ્રેષ્ટ માનુ છુ ચાલ ચાલ, તુ મારા અંતપુરમા
ચાલ, અને આજેજ તુ ચક્રવૃત્તિ લકેશની અર્ધાગ્ના મહારાણી
રાજ મહિષી થા. તારા માતાપિતા અને બધુઓ સાથે ઐશ્વર્ય
સપન્ન અને સુખી થા.

**સીતા**—મોહાન્ધ રાવણ, સમજ,

તારી પ્રીયા અવરના ઘરમાં વળે જો,
લંકા પતિ તુજ હૃદય કેમ ના બળે તો;
દ્રષ્ટાત અંતર વિષે જરી લે ઉતારી,
પોતાની જેવી પરને પ્રીય લે વિચારી.

રે ધર્માચાર સ્થાપક સમસ્ત સૃષ્ટિ સસ્થાપક પરંપાવન પિતામહ તારા પિતા બ્રહ્મા, તારા પિતા તારા કુળગુરૂ સ્વામી હોઇ તું તેમનાજ પવિત્ર બ્રહ્મવંશમા ઉત્પન્ન થયેલો હોઈ આ અધર્મ અનાચાર પરસ્ત્રીપર બળાત્કાર કરી, શા માટે તું તારા પૂર્વજ વંશજોને લજ્જિત કરે છે ?

**રાવણ**—હે સીતા ! હે સુકેશી ! હે સુદરાગી વામ લોચના ! જેમ જેમ હુ નમ્ર થાઉં છુ, તેમ તેમ તુ મારા પ્રત્યે અતિ ક્રુર અને નિર્દય થાય છે કેમ ? તારા જેવી કોમળ વલ્લીકા ઉપર મારા વજ્રશસ્ત્રનો પ્રહાર હુ કરી શકતો નથી કારણ કે તું મને અતિ-ષય પ્રિય છે

**સીતા**—હું પ્રીય છું, માતા બેન અને પુત્રી સમાન, જો તેમ હોય તો જા, જગત પૂજ્ય જામાત્ર મહારાજનો આશિર્વાદ લે, જનક તનયા સીતાને પોતાની પુત્રી ગણી, માહારાજ રામચંદ્રને અર્પણ કરી તેમનાથી અભય આશિષ લે, નહિતો નિશ્ચય માન કે કમળના ગધ વિષયમા લોભાઈ જેમ ભ્રમર નાશ પામે છે તેમ તું કે જે દુનિયાના સમસ્ત વિષયમાં ફસેલો છે તે અવશ્ય નાશ પામશે.

**રાવણ**—જગતમા મારો નાશ કરવાને કોણ શક્તિમાન છે ! ?

**સીતા**—તો જગતમા કાળને જીતી શકે એવો કોણ પહેલવાન છે ?

**રાવણ**—કાળ ! કાળ તો મારી એક જુતી ઉપાડનાર ખાસદાર છે. આ ઐ-શ્વર્ય સપન્ન લકાનો તે કોટવાળ છે. સીતા ! સીતા ! કદાચ કાળના વજ્ર પીંજરમાથી તુ છુટશે, પરતુ આ વીર દશ કઠના ભુજ પીજરમાથી તુ કદાપી નહિ છુટશે

**સીતા**—તો આ નીર્જીવ દેહ આ હાડપીજર તે તુ માસાહારી વન પશુને સ્વાધીન થશે અને આ પ્રાણ તો અવશ્ય સ્વતત્ર હોઈ પ્રાણાત્મા રામની સેવામા હાજર થશે !

**રાવણ**—અરે તે પહેલા તો તારા પ્રાણને હું નીષ્પ્રાણ કરીશ તારા તે રામને મારી ગદાનુ નીશાન કરીશ.

**સીતા**—પાપીષ્ટ રાવણ તે પહેલા તો અવશ્ય તું પોતેજ રઘુવીરના બાણને શરણ થઇશ, અરે જેની દ્રષ્ટિ માત્રમાજ સસાર સર્વ .મરી રહ્યો છે! જેની કૃપા દ્રષ્ટિમાજ પ્રાણી માત્રનું જીવન છે એવા રામને હણવાનો પાપી આ તારો વ્યર્થ બકવાટ છે તો રઘુવીર કોઇ નહિ પણ પોતે સ્વયભૂ પરમાત્મા સાક્ષાત્ છે અરે જેની કૃપા માત્રથી મનુષ્ય સસારભવ બધથી છુટે, તેની અર્ધાગ ધર્મ પત્ની તે શુ તું પાપીના બધથી નહિ છુટે ?

**રાવણ**—નહિ કલ્પાંતે પણ નહિ.

મુજથી હશે શુ વીશેષ બળ શુ રામબાણમાં
જેણે ગીરી ધર્યો તો આ કરની કમાનમા
જો રામનું મૃત્યુ આ મારા તીક્ષ્ણ બાણમાં
પહોચાડુ પૃથ્વીપરથી તેને સ્વર્ગ ધામમા

**સીતા**— નાશ તે પામે છે ફુલે છે મદ અહંકારમા
નાશ તે પામે છે જે ડુબે છે ભ્રષ્ટાચારમા
રામથી જે જે લડયા તે નાશ પામ્યા છે નકી
રામ વિણુ મુક્તી મનુષ્યની કોઇ પણ કાળે નથી

**રાવણ**—સીતા તે વનચર ભીખારીઓની ગુણની ગીતા ગાવી હવે તું બસ કર, રાજપાટથી ભ્રષ્ટ તે અસહાય નીર્બળ કાપુરૂષની હવે તું આશા રાખીશ નહિ અલ્પકાળમા તે મારા બાણથી ઠાર થશે અને તારે આ મહારાજ લકેશનો વીજયી હાથ સ્વીકારવોજ પડશે. જાનકી, જાનકી! માની જા નહિ તો અવશ્ય તુ જાનથી જઇશ.

**સીતા**—અરે ચંડાળ કાળ, કહે કહે એથી વીશેષ તું શુ કરી શકીશ ? લકેશ ચહાય તારા અપરીમીત બાહુ બળથી એક રજ્જુ દોરીની માફક મારા હજારો ટુકડા કર, પરતુ મહારાજ રઘુવીર રામચંદ્રથી મારા તે પરમપ્રભુ પ્રાણાત્માથી આ આત્માને તુ કાળાતરે પણ ભીન્ન કરી શકીશ નહિ. વનરાજ સીહની પ્રિયા તું શ્વાન વીષયલોલુપ કુતરો કદી પણ સ્પશ કરી શકીશ નહિ. મને મારીને મારા પ્રત્યેક રોમાચમા પણ તુ પ્રભુ રામચદ્રની પવિત્ર મુર્તિને જોઈશ.

**રાવણ**—કહે કહે દુષ્ટા! ક્યા છે તારો રામ, નાદાન, અજ્ઞાન, હેવાન?

**સીતા**—પાપી ન દેખે! જેના હૃદયમા પૂર્ણ છે અધકાર અજ્ઞાન જેનો આત્મા છે રાક્ષસી તમ પ્રધાન

**રાવણ**—અહા તે મારો કટ્ટો શત્રુ રામ ભર સભામા ધનુષ્ય ભંગ કરી મારૂ અપમાન કરી બળાત્કારથી તેને વર્યો, તો હુ લંકપતિએ તેનાજ ગૃહમાથી પચવટી આશ્રમમાથી તારો શીકાર કર્યો

**સીતા**—શીકાર કર્યો છળભદથી, દગાથી, વીશ્વાસઘાતથી, સાધુ વેશ ધરી આવી ભોળી બાળાને ફસાવી એજ તારૂં પરાક્રમ? નાદાન એજ તારૂં બળ ગુમાન? અરે પાપી નરમાશ આહારી રાક્ષસ જો તેં શીકાર કર્યો હોય તો લે લે તે શીકાર અવસ્ય કાપી ખા, યા અગ્નીમા શેકી ખા. મહારાજ રામચદ્ર વિના જીવન વૃથા સમજાય છે, મારા પ્રાણ હા અતીશય કલ્પાય છે

**રાવણ**—તે તારા પ્રાણાત્માના પ્રાણ તો આ મારી મુઠીમાં છે હમણાંજ મારા વીર રાક્ષસોને મોકલી તેમને જ્યા હોય ત્યાથી શોધી પર-લોકમા મોકલાવુ છુ અને પછી તું હઠીલી દુષ્ટાને મારા પ્રાત:-કાળના આહાર માટે તારા પ્રત્યેક અવયવોને કાપી ચીરી તેનો પાક કરવા મારા પાક સેવકોને હુકમ કરૂ છુ

અરે રાક્ષસી?

**રાક્ષસી**—આજ્ઞા મહારાજ

**રાવણ**—અગર જો બે માસમા કોઇ પણ ઉપાયે આ દુષ્ટા મારે સ્વાધીન થવા કબુલ ન થાય તો એક અજના માફક તનો ઘાત કરી તેના કોમળ અગને સીજાવી મારા આહાર માટે મોકલી આપજે.

( રાવણ જાય છે )

**સીતા**—હા પ્રભુ રામચંદ્ર! જ્યારે નીર્દય રાવણે હું સાથે તમારા હૃદયમાં રહેલી દયા દેવીનું પણ હરણ કર્યું તો હવે પૃથ્વી ઉપર મારૂં જીવવુ નકામુ છે. હા જ્યા રામ છે ત્યા પતિ પ્રાણ છે, ત્યાંજ આ સીતાના પ્રાણ છે

**હનુમાન**—રામ-રામ-રામ-સીતા-રામ-રામ-રામ

**સીતા**—આ કટક વનમા કમળનો પરાગ! આ રાક્ષસ ભુવનમા રામનામ પ્રત્યે અનુરાગ! ( હનુમાન વીટી ફેંકે છે )

**સીતા**—અરે આ મુદ્રિકા ! રામનામથી અંકીત રત્નજડીત્ર મુદ્રિકા ! નિશ્ચય તેજ પ્રભુ રામની છે, અગર હા પ્રભુ રામ વિના તે શુ કામની છે.

[ હનુમાનનું બોલવું ]

અરે આ વૃક્ષ ઉપર વાદર દર્શન ! હા માન શુકન, નિશ્ચય મારાં સૌભાગ્ય ! હા મારા પ્રાણુ આધારનું અનિષ્ટ સમજાય છે. શું આ રાવણુ નરપશુ ફરીથી આવ્યો, વાનર વેશધારી ફરીથી આવ્યો, અગર શુ પોતાનું કહેલુ વચન સિદ્ધ કરી આવ્યો, પ્રાણેશ્વર શ્રી રામચદ્રનો ઘાત કરી તેમની નિશાની રૂપ આ મુદ્રીકા સાથે લાવ્યો ! હા કઇ સમજાતું નથી.

**હનુમાન**—(પ્રત્યક્ષ થઇ) માતા શપથ તજો, હુ સુગ્રીવ-સૈનિક રામદાસ.

**સીતા**—કોણુ સુગ્રીવ ?

**હનુમાન**—કીષ્કંધાપતિ વાનરરાજ જેના મીત્ર બન્યા છે રામચદ્ર મહારાજ!

**સીતા**—અરે વાનર પતિ તુ અહીં કયાંથી ?

**હનુમાન**—પ્રભુ પ્રેરણાથી સમુદ્ર ઓલંઘી અહીં આવ્યો, દુષ્ટ રાક્ષસનાં તિક્ષણુ વચન વજ્રથી ભેદાયેલા દેવીના કોમળ હૃદયના ઘા રૂઝાવવાને શ્રીરામનામનાં કીર્તન રૂપ મધુર ઓષધી લાવ્યો.

**સીતા**—અહો ધન્ય હનુમાન વીર ! વીવાહથી અધીક મંગળ આજનો દીન, હનુમાન પ્રભુરામ કુશળ છે?

**હનુમાન**—માતા રાત્રી થતા ચક્રવાક પક્ષીની જેવી ગતિ છે. તમારા વિયોગે પણુ રામની તેવીજ સ્થિતિ છે, તમારા હરણુ સાથે તેમની ચિત્ત વૃત્તિ પણુ હરાઇ ગઇ છે, પરંતુ સર્વ રીતે કુશળ છે, તેમણે કુશળ કહાવ્યા છે, સાથે સુમીત્રા-કુમાર લક્ષ્મણુજીએ આપ દેવીને સાષ્ટાંગ પ્રણામ કહેવરાવ્યા છે.

**સીતા**—હા તે પરમ શુદ્ધ સત્યમુર્તિ દેવર લક્ષ્મણનુ માન ભંગ કરી તેમને મીથ્યા શબ્દ કહ્યાનું જ આ ફળ છે.

**હનુમાન**—માતા પ્રભુ કૃપાથી સર્વ મગલ થશે.

**સીતા**—અહાહા આ સુવર્ણ મુદ્રિકા પ્રભુ રામચંદ્ર સુવર્ણના અક્ષરથી

અંકીત આ સુવર્ણ મુદ્રિકાથી મને પુનઃ જીવન પ્રાપ્ત થયુ છે. મહા ભાગ્ય હનુમાન મહારા સર્વ હાલ પ્રભુને વીદીત કરશો અને કહેજો કે સર્વ પ્રકારે જેનું મરણ નજદીકમાં છે, તેવો દુષ્ટાત્મા રાક્ષસ રાજા રાવણુ કોઇ પણુ ઉપાયે પોતાનો દુરાગ્રહ છોડનાર નથી. માટે અવશ્ય સમુદ્ર તરી અહીં આવો. રાક્ષસને પ્રાણુદન્ડ દઇ વિરહાતુર દુખી બાળાને કાળ–પાસથી છોડાવો.

**હનુમાન**—માતર્ ! ધર્મદેવી આજ્ઞા કરો, હમણાંજ આપને મારા મસ્તક પર ધરી અણુ માત્રમાં સમુદ્ર ઉલંઘન કરી મહારાજ રામચંદ્રના ચર્ણકમળ સમીપ હુ હાજર થાઉ.

**સીતા**—અંજનીય:કુમાર ! તમો કે જે પોતાના ચર્ણબળથી આ મહા સમુદ્રનુ ઉલંઘન કરી મહારી શોધ માટે અત્રે આવ્યા, તેનાથી કયુ કાર્ય ન બની શકે તેમ છે?

**હનુમાન**—હા પરંતુ મહારાજ રામચદ્રની આજ્ઞા તેમ નથી.

**સીતા**—અવશ્ય અંજનેય ! હું મારા પતિવ્રત પ્રભાવથી સમગ્ર રાક્ષસ વંશને બાળી શકું એમ છું, પરતુ મહારાજ રામચંદ્રના ક્ષુદ્ધાતુર બાણુને દુષ્ટ રાવણુની છાતીનું આમીષ ભોજન તેના હૃદય રૂધીરનું પાન અવશ્ય મળવુજ જોઇએ.

**હનુમાન**—દેવી ! માયાવી મૃગરૂપ ધરી તે રાક્ષસે આપનું હરણુ કર્યુ તો હું શાખા મૃગ વાનર હોઈ તમને તે દુષ્ટનાં બંધનથી છોડાવી શકું છું પરંતુ રાવણુના નાશની મહાન કીર્તી મહારાજ રામચંદ્રના ધનુષ્યને મળે એજ હું ઇચ્છુ છું, માતા વિશેષ કહેવાથી શુ? તમોએ રાવણુ સાથના સવાદમાં તમારૂં શુદ્ધ ક્ષત્રીય તેજ બતાવ્યું છે, પતિવ્રત રક્ષણુમાં કુળવાન સ્ત્રીને મહારાજ રામચંદ્રના ધર્મપત્નીને ઘટીત કાર્ય તમે બજાવ્યુ છે, હુ આપના તરફના શુભ સમાચાર મહારાજાને નીવેદન કરીશ અને તેઓ શીઘ્ર સમુદ્ર તરી લંકામાં આવે એવો યત્ન કરીશ

**સીતા**—બસ તો હનુમાન એથી વિશેષ હું તમને શું કહી શકીશ; વીરા વીજય કરો. જલદી છેવટનો એક સંદેશો અને આ પાપી રાક્ષ-

સના ત્રાસથી મારા હૃદય ક્રોધાગ્નીના પીંડ જેવો આરક્ત ચુડા-
મણી નિશાની અર્થે લેતા જાવ.

ગાયન.

સીતાજી—                (૨૦)

વનચર વીરા જાઓ ધીરા ધીરા પ્રવાસી પંથી રામ
કેશો સ્વામીજીને વિરહીણી સ્રીના પ્રીતીથીરે પ્રણામ
નીશા ચરી સગ નીશા દિન વીતે
નીશાપતિ જેવા પતિને સ્મરીને
કૃપા સીંધુ કૃપા ત્યાગી શું હૃદયથી
કયારે મળે સેવા સ્વામીના શરણુની
અવધ પુરીએ અવધ પુરી સ્વામી
નહી ચડો વારે હે હૃદય ગામી
તુચ્છ દેહ તજી આવીશું શરણુમાં
અબળાની સ્થીતિ લેજોરે સ્મરણુમાં

**હનુમાન**—માતા ક્ષુધીત છુ ઉદ્યાનમાંથી કોઇ ફળ ફુલ મેળવવાની આજ્ઞા.
**સીતા**—પવન કુમાર ! મારી પાસે હાલ તો શુ છે ? હુંતો આ રાક્ષસી
સિંહણો વચ્ચે ઘેરાયેલી હરીણી છુ, અહી તો રાક્ષસોની ચોકી
છે માટે જાવ આ પાસેની વાડીમાંથી પડેલાં ફળ ફુલ વીણીખાવ.

**હનુમાન**—અસ્તુ માતા આશીષ.
**સીતા**—વીર વિજય થાવ તમારો.

**હનુમાન**— ઉજાડું અશોકને ઉપાડું વૃક્ષ મુળ સાથે.
પાડુ ધાડ પાડુ રાવણો ઉપાડુ લક આ
ડુબાડુ સમુદ્ર માહી ધાડું રાક્ષસોનું ધાડુ
પાપનું ગાડુ તે કેમ ચાલે સીધુ અકમા
નસાડુ ભગાડુ વણુસાડુ આડુબાડુ જોતી
રોતી અરી નારીઓ પનોતી બાલ અંકમા
ત્રાડુ વીર ગર્જનાથી પાડુ ધનરાજ ગર્ભ
ઝટાડુ વનરાજ ગર્વ મારૂ વજ્ર અંગ આ

જંબુમાલી—રે વાનર પશુ ! શુ તને ખબર નથી કે સકળ ભુવન ઉપર જેનુ સામ્રાજ્ય છે તેવા રાક્ષસેશ્વર લંકપતિના અશોક બાગનો આ અનુપમ ક્રીડાવનનો તે વિના કારણુ નાશ કર્યો ? તેના ખર-વાળ માળી રાક્ષસોનો તેં વીનાશ કર્યો? એવો ઉન્મત્ત તું કોણુ છે કે જે પ્રમત્ત લંકેશના બળનો ઉપમર્દ કરે છે?

હનુમાન— હુ રામ દુત હનુંમાન પરાક્રમી હું
શ્રી રામનો વીજય અંતરથી ચહું છુ
મહારાજ સુગ્રીવ તણો દીન દાસ હું છું
આ રાક્ષસો સહતને હમણા હણું છું

જંબુમાલી— હું જંબુમાલી સુત રાક્ષસ રાજ કેરો
કાળે તને સમજજે નકી આજ ઘેર્યો
જો આ અશોક કપિ તેં બળથી વીખેર્યો
તો જાણુ એક પળમા તુજને વધેર્યો

હનુમાન— હુ બ્રહ્મચર્ય બળથી ગઢ લકતોડું
હુ બ્રહ્મચર્ય થકી દુશ્મનના શીરતોડુ
બ્રહ્માડને પણુ ધરૂ ભુજ બાથ માહી
તું બાળ નિર્બળ તણુ વદ ત્યાં ગજુ શુ ?

જંબુમાલી— તો સાવધાન થઇ જો કપિ હાથ મારો
સહેશે શી રીતે મુજ શસ્ત્ર તણા પ્રહારો
જો આ અમોઘ શરનો ચલવુ છુ મારો
પહોચાડું સ્વર્ગ પળમાં કપિ પ્રાણુ તારો

ઇંદ્રજીત— હા હા આ અસુર કેવો કપિવર બલીવા અક્ષવા દેવ આ છે
કીંવા આ સુર સેના બલી બલી ધરતા યજ્ઞના દેવતા છે
યા કોઇ આસુરારી શચિપતિ વતીથી આવીયો યુદ્ધ માટે
જે હો તે હો ભલે હો નીજ ધનુશરથી મોકલું સ્વર્ગ વાટે

અય વાનર પશુ વનચર કપીશ! બોલ તું કોણુ અને કયાંનો રહીશ? અહોં આવી અશોક બાગ ઉજાડયો જેની તરફ ત્રીભુવનમાં કોઇ ઉચી આખ કરવાને પણુ શક્તિવાન નથી. તેં રાક્ષસેશ્વરનો સેના સમુહ સંહાર્યો, હા હા જંબુમાલીને મારી પીતાશ્રી લંકેશની અને

મારી વજ્ર છાતીને તેં પ્રજાળી, હવે તું કેમ જીવી શકશે?

**હનુમાન**—તો આ વજ્ર કાય કપિ અબધુત રામદુતને અલ્યા તું રાક્ષસ સુત કુપમંડુક રાક્ષસ કપુત શું કરી શકશે?

**ઇંદ્રજીત**— હું શું કરી શકીશ અધુના તે તું બરાબર જોઇશ.

જેણે કર્યો શચીપતિ મદ ચૂર્ણ હ ।
જેણે ધર્યો ચર્ણ દુસ્મન છાતી માથે
જેણે વર્યો વર સદા શીવ બ્રહ્મનાથી
તે ઇંદ્રજીત વીર હું રણ મસ્ત હાથી

**હનુમાન**— જેણે હરી નર હરિ પ્રભુ રામ રામા
જેણે હરી શૈયનથી જગવ્યો ગુફામાં
તેવા હરિ અરિ મદોન્મત્ત જે કરીનું
ગંડસ્થ છીન્ન કરતો સુત કેશરી છું.

સંભાળ દશકંઠ કુમાર, હું પવનાત્મજ હનુમાન કેશરી કુમાર સમસ્ત રાક્ષસોનો તોડનાર ગર્વ ગુમાન.

**ઇંદ્રિ**—હનુમાન-કપીશ-સ્વર્ગ મૃત્યુ અને પાતાળમાં એવો એક પણ વીર નથી કે જે સમર સંગ્રામમા મારી સામે ઉભો રહેવાને શક્તિવાન હોય. હું કોણ લંકપતિ મહારાજ દશ કંઠનો પુત્ર મેઘનાદ ઇંદ્રિ-જીત સાક્ષાત.

**હનુમાન**—અને હું રામદુત હનુમાન, લંકાની રાક્ષસ નારીઓને અંત પુરની રાક્ષસ રમણીઓને વૈધવ્ય આપી રડાવનાર તે આજે તને રણ-સંગ્રામમાં મારી સામે ઉભેલો જોઈ ખુશી થાઉં છું, માટે સાવધાન સાવધાન, હા પાપીએ નિરૂપાય થઇ છેવટે મારી સામે બ્રહ્માસ્ત્ર છોડયુ—હાહાકાર (બધાય છે રામ રામ રામ રામ સીતા રામ રામ રામ)

## પ્રવેશ ૫ મો.

સ્થળ:—રૂષ્યશૃગનું ઘર.

પાત્રો:—શાન્તા, રૂષ્યશૃગ, નારદ,

### ગાયન.

શાંન્તા— ( ૨૧ )

શી ચમકતી દીપસી દીપતી આ અંગ ધ્યુતી
ઝાંખી કરતી ચન્દ્ર જ્યોતી મગન મગન હું અલેતી
પ્રેમની પ્રિતી. શી.
મદ ગયદ શી ચાલ ચાલતી બાંહ્ય ડોલાવતી જાતી.
કર કંકણુથી નુપુર રવથી, નયન સરોજ નચાવતી
લલીત હાવથી લલીત લાલને લલના હુ લલચાવુ
મલકાવું મન ભાવું ફુલ સાવું—શી

**નારદ**—(પ્રવેશી) નારાયણુ નારાયણુ શાન્તાબેન નારાયણ.

**શાંન્તા**—પધારો રૂષીજી ઓહોહોહો આજે તો ધનભાગ્ય કે નારદજી પધાર્યા.

**નારદ**—હાજી(સ્વ)પધાર્યા વીના સીદ્ધી ક્યાં થાય તેમ છે, શીવા શીવા શીવા!

**શાંન્તા**—મહારાજ ઉદાસીનપણે કેમ દેખાઓ છો ? કેમ કાંઇ દીલગીરીમા દેખાઓ છો ?

**નારદ**—શુ કરીએ ભાઇ નારદજી કેમ દુબળા તો કહે આખી સૃષ્ટીની ફીકરમાં.

**શાંન્તા**—મુનીજી આપને તે વળી શી ફીકર હોય?

**નારદ**—તું ભોળી બ્રહ્મા જેવી મહેલમાં રહી રહી શું જાણે? એતો અમેજ અંતરીક્ષમાં ફરનારા તે બધુંય જોઇ શકીએ.

**શાંન્તા**—મહારાજ આપે શુ જોયુ મને જણાવો તો ખરા.

**નારદ**—શું મારૂ કપાળ જણાવુ આ શૃંગીજીનો ગોટાળો.

**શાંન્તા**—હેં ગોટાળો !

**નારદ**—હા હા ગોટાળો.

**શાંન્તા**—કોની સાથે ?

નારદ—એમની પ્રથમની દોસ્તારણુ રંભાપરી સાથે.

શાંન્તા—મહારાજ સાચે સાચુ'?

નારદ—સાચું બાપ સાચું મારે જુઠુ બોલવાનું શુ પ્રયોજન છે ?

શાંન્તા—હા ભાઇ આપ ક્યાં કોઇ વખત જુઠું જ બોલ્યા છો.

નારદ—જો જે વખતે હું આકાશ તરફ જતો હતો ત્યાં એ સજોડાની વાત સાંભળી.

શાંન્તા—શી વાત ચીત કરતા હતા ?

નારદ—આ એજ કે શૃંગીજીને રંભાએ તારી સાથે ન બોલવાની પ્રતિજ્ઞા લેવરાવી છે શૃંગીજીને સ્વર્ગમા લઇ જવા માટે તો મુનીવ્રતનો પ્રયોગ કરાવ્યો છે, પ્રયોગ સધાઇ રહેશે કે તરત ચાલ્યો જશે. આ એ ફીકરમાં છુ.

શાંન્તા—હા હવે એમનુ મુનીવ્રત ક્યારે છોડાવી દઉં ! હં સામેથી એજ આવે છે.

નારદ—ત્યારે હુંતો અહીંથી જાઉં છુ. (જવા માંડે છે.)

શાંન્તા—ના ના આપ તો અહીંજ ઉભા રહો, તમારા વીના શાક્ષી કોણ?

નારદ—(સ્વ) ત્યારે તો બધુય કળાઈ જશે. (પ્ર) અરે પણ શાક્ષીની ક્યાં જરૂર પડે તેમ છે. એમનું મુનીવ્રત એજ સાચી વાતની સાબીતી?

શાંન્તા—તો પણ તમે તો અહીંજ બેસોજ.

નારદ—બેસું તો ખરો પણ તુ મારૂ નામ ના દેતો.

શાંન્તા—આપનું નામ નહિ દઉં.

નારદ—ત્યારે હું આ બાજુમાં બેસું છુ તને ગુંચવણુ પડે એટલે મને હળવે રહીને પુછજે હુ ખુલાસો બતાવી દઇશ (નારદનું બાજુએ બેસવું, શાંન્તાનું ઉભું રહેવું, શૃંગીજીનું આવી ઉભા રહેવું)

શાંન્તા—સ્વામીજી જે જે.

શૃંગીજી—(હાથ વતે બતાવે છે આનંદ કરો ઇશારતમાં)

શાંન્તા—કેમ કાંઇ બોલતા નથી, જીભને ઘરાણે મુકીને આવ્યા છો કે શુ ?

શૃંગીજી—(ઇશારતથી ના ના)

શાંન્તા—ત્યારે બોલતા શા માટે નથી?

**શૃંગીજી**—(ઇશારતથી પુત્ર માટે નારદજીએ પ્રયોગ બતાવ્યો છે તેમાં)
**શાંન્તા**—આતો પેલા રૂષીજી કહેતા હતા તેમજ છે
**નારદ**—(સ્વ) જોજે નામ દઇ દેતી!
**શાંન્તા**—(સ્વ) હોવે લાગે છે તો તેમજ નક્કી કાંઇ ગોટાળો તો ખરોજ હુ જરા ચીચરિત્ર બતાવું, ઘડીના છઠ્ઠા ભાગમાં મુનીવ્રત મુકાવુ [પ્ર] ત્યારે હવે તમે મારી સાથે બોલશો પણ નહિ હું તો કહું છું આ એમને મુનીવ્રત લેવરાવનારનું નખોદ જજો.
**નારદ**—[સ્વ] છેજ કોને કે નખોદ જશે [પ્ર] હવે જરા. ચીચરિત્ર થવા દે એટલે એની મેળે સીધા દોર જેવા થઇ જશે.
**શાંન્તા**—હવે હું તમારો ગોટાળો સમજી ગઇ છું. આ મુનીવ્રત લેવરાવનારને હુ સારી રીતે જાણી ગઇ છું.
**નારદ**—[સ્વ] ધુળ જાણી ગઇ છું. આ નારદ વિદ્યાને કોણ જાણે!
**શૃંગીજી**—[ઇશારતથી] જા જા હવે માથુ ન ફોડાવ, એ પ્રમાણે ઇશારત કરવી.
**શાંન્તા**—જાશે તે કેમ તમને જીવ આપી પછી જઇશ.
**નારદ**—[સ્વ] હાશ હાશ આંધળો બહેરૂ કુટાયું તો ખરૂં.
**શાંન્તા**—ત્યારે હવે બોલશો નહિ, તમે પણ જોઇલ્યો તમાસો આ શાન્તા પણ તમારી ઉપર ખાય છે ફાંસો [દોરી લેવા જવું]
**શૃંગીજી**—(ચમકને) આતો ભુડું થશે હવે કેમ!
**શાંન્તા**—કેમ હજીએ મુનીવ્રત મુકાય છે એ વેસ્યાને ભુલાય છે નહિંતો આ શાન્તા ફાસો ખાઇ મરે છે.
**શૃંગીજી**—[સ્વ] ભુડી થઇ મરશે તો ખોટું થશે માટે લાવ્ય બોલુજ.
**શાંન્તા**—(શાન્તા ફાંસો ગળામા ઘાલે છે ) એ એ......... .....
**શૃંગીજી**—અરે હાં હાં હા શાન્તા, શાન્તા ભુડી આ શું કરે છે!
**નારદ**—(સ્વ) ભોગ મળ્યા આપણા હવે અહીંથી ભાગો નહિતો હવે પોગળ ખુલી જશે. (જવુ)
**શૃંગીજી**—શાંન્તા આ શું સાહસ કરતી હતી?
**શાંન્તા**—ખસો ખસો ખસો ખસો મને બોલાવશો નહિ અત્યાર સુધી તમારી વારી હતી, હવે વળી મારી વારી આવી.

શૃંગીજી—પણ શા માટે મારી વાત તો સાંભળ.
શાન્તા—ઊંહું હવે તો મારે પણ મુનીવ્રત છે, બોલવાની બાધા છે.
શૃગીજી—શાંન્તા જો તું હવે બહુ છણકા કરશે તો આ બધાય વસ્ત્ર ફેંકી દઇશ, અસલની લંગોટી વાળી જંગલમા ચાલ્યો જઇશ, પછી તું પસ્તાઇશ.

ગાયન.

શાંન્તા-શ્રંગીજી— ( ૨૨ )

શાંન્તા—હાં હાં શીદ સતાવો મને
જાઓ જાઓ પ્રભુ જાઓ,
તમે લીધા અબોલા જ્યાંથી,
ઝટપટ શ્રી સ્વામીને સીધાવો........હાં હા.
શ્રંગીજી—રસિક રસિલી તમે માનો માનુની
સાચી વાત કહુ શાણી
પુત્ર સુખના લાભના અર્થે
પ્રયોગ હતો લે જાણી
શાંન્તા—પ્રભુ નાના હુ નવ માનું કર છોડો
ત્યાં ચિત્ત જોડો, કહું દુર જાઓ........હાં હાં

શાંન્તા—ત્યારે સાચી વાત બોલો તમે મુનીવ્રત કેમ લીધું હતુ ? શું રંભા વીષેની બધી ખોટી વાત?

શૃગીજી—ખોટી ખોટી ખોટી આ ભુત કોણ વળગાડી ગયું ? તને આ બધું કોણ બતાવી ગયું ? સાચું બોલ તને આ શૃંગીજીના સોગન છે, જો જરાય જુઠુ બોલે તો.

શાંન્તા—મને તો દેવર્ષી નારદજી કહી ગયા છે.
શૃંગીજી—ત્યારે મને પણ એ મુનીજ મુનીવ્રત લેવરાવી ગયા છે.
શાંન્તા—હેં હે શા માટે?

શૃગીજી—પુત્રપ્રાપ્તીની સીદ્ધી માટે તેઓ આપણે માટે જાપ જપવા ગયા છે. મને આ મુનીવ્રતનો પ્રયોગ બતાવી ગયા છે તેમાં તું

વહેમાઈને ફાંસો ખાવા તૈયાર થઈ એટલે મારૂં મુનીવ્રત ખંડન થયુ, ફળ જતું રહ્યું.

**શાંન્તા**—ત્યારે નારદજી તો મને ઉલટું સમજાવી ગયા!

**શૃંગીજી**—શું તે અહિં પણ આવ્યા હતા કે? ત્યારે તો નક્કી એમનોજ ગોટાળો! તને શુ સમજાવી ગયા?

**શાંન્તા**—મને કહે શૃંગીજી રંભા સાથે ગમ્મત કરતા હતા, રૂડી રીતે વાતો કરતા મેં જોયા અને હવે તો તને તરછોડી ચાલ્યા જવાના છે વળી એ રંભાએ તારી સાથે બોલવાની પણ પ્રતીજ્ઞા લેવરાવી છે.

**શૃંગીજી**—ત્યારે એમજ કહેને કે નારદજીએજ આ હોળી સળગાવી છે, અરે નારદ નારદ જો મે મુનીવ્રત ન મુકયું હોત તો બીચારી મારી શાંન્તા મરીજ જાતને! હા મારી ડાહી ડમરી શાંન્તા.

**નારદ**—( એકદમ આવીને ) વાહરે વાહ મુનીવ્રત મુકી દીધુ ના–

**શૃંગીજી**—અરે જાઓ જાઓ મહારાજ બળ્યુ તમારૂ મુનીવ્રત, મહારાજ અમારાજ ઘરનાં વાસણુ ખખડાવ્યા કે?

**નારદ**—કેમ! કેમ! કેમ!

**શૃંગીજી**—અજાણ્યા થઇ જાઓ છો કે? મને મુનીવ્રત લેવરાવી ગયા અને આ શાંન્તાને પાછુ ઉંધુંજ સમજાવી ગયા, લક્ષણુ તે જાય–

**નારદ**—ચાલો હવે જે થયું તે થયું પણ હુ જે સમાચાર આપને આપવાને આવ્યો હતો તેતો મારી પાસેજ રહી ગયા અને વચમાં તમે તમારી વાત લઈ બેઠા એટલે પછી હુ શું કરૂં?

**શૃંગીજી**—ત્યારે બોલોને કે આપ વળી શુ સમાચાર દેવા આવ્યા હતા?

**નારદ**—પીતાજી વીભાંડકના, શીવ! શીવ! શીવ!

**શૃંગીજી**—હા પીતાજી તો મને પણુ યાદ આવ્યા કહો કહો શા સમાચાર છે?

**નારદ**—અરેરેરે એવા સાધુ પુરૂષો હવે નહિ થાય કેવા તપેશ્વરી હતા?

**શૃંગીજી**—મહારાજ પીતાજીને માટે કાંઇ અશુભ સમાચાર છે!

**નારદ**—તેમજ છે ભાઇ તેમજ છે

**શૃંગીજી**—અરે રામ રામ રામ રામ કહો મહારાજ કહો.

**નારદ**—પીતાજીએ સમાધીમાંને સમાધીમાં આ બધી ઉપાધી ત્યાગી દીધી છે.

**શૃંગીજી**—શું પીતાજી દેવલોક પામ્યા? ઓ પીતા! પીતા.!

નારદ—તે વખતે હું અંતરીક્ષમાં જતો હતો, તમને સમાચાર આપવાની મને સુચના કરી હતી હવે, આપ પધારો તેમના મૃતક દેહની ક્રીયા કરો.

શૃગીજી—મુનીજી આપ પણ ચાલો કેમકે તમારા વીના ક્રીયા કોણ કરાવે ?

નારદ—(સ્વ) એવી ક્રીયા કરૂં કે તમે જીવતાં સુધી યાદ કરો.

મારે ત્યા આવ્યા વીના ચાલે કે? પણ પ્રથમ આપ ચાલવા લાગો હું તો અંતરીક્ષ માર્ગથી તમારી પહેલો પહોચીશ.

શૃગીજી—શાન્તા તું પણ સાથેજ ચાલજે તારા વીના મને કાંઇ નહિ સુજે.

નારદ—( સ્વ ) હા હા સાથેજ લેતા જાઓ એટલે ડોસા જોઇને તો ખુશી થાય ( બંન્નેનું જવુ )

હાશ હાશ હવે મજા તો આવશે. ચાલ હું પણ તેમની પહેલો પહોચી જાઉ, વિભાડકને બે ઘડી મડદુ બનાવી દઉં અને પછી સુખેથી લકા તરફ ચાલ્યો જાઉં-

ગાયન.

( ૨૩ )

નારદ—હા હવે ખુબ મજા પડશે
જોવાની ગમ્મત મળશે
ઝટપટ પહોંચો આપણે આ ક્ષણે
હુ વાત જમાવું ખેલ લડાવું
વિભાંન્ડકને મૃતક બનાવું—હા હવે.
શાંન્તિ થાશે. (૩) વાહ વાહ
ખુબ કુટાશે ધુતાશે જોવાશે ખેલ
બહુ આંધળાને બહેરાની થાશે લે મેલ
હા હું હવે બસ જાઉં છું
જાઉં જાઉં હા જલદીથી, હાંહાહાહાહા.

## પ્રવેશ ૬ ઠ્ઠો.

સ્થળ:—રાવણનો દરબાર.

પાત્રો:—રાવણ, ઇંદ્રજીત, હનુમાન, વિભિષણ વિગેરે.

ગાયન.

**વારાંગના—** (૨૪)

રાજ તમ અખડ મહિમા જગતીમાં સુર અસુર મહીમા
નરવરમા રાજ તમ પ્રચડ બળ હા,
અરિ દળ બળ હર અરિ પ્રીયા વીરૂપ કરતા
સુર મણી વશ કર્યા નરમણી માન હર્યા
નૃપતિ ભયથી ધરતી ધ્રુજ શીવ વરથી સાધી
યોગ નીમ નીગમના
શચી પતિ પદમાનહર, દશ શીશ લકધીશ

---

સારેગમ સાધધ મધસા નીધની મગરેસા
નીરે ધની સાગરે ગસા
સારેગમ સાધધ મધસા નીધનીરે ધની સાસા
ગમ ગરે સાની રે ધનીસા નીરે ધની મગ રેસા
નીરે ધની ગરે ગસા
નીધની મધસા મધસા મધસાની ધમ ગરેસા
સાધની પધ ગમ ગરેસા
ગમ ધની સારે ગમ ગરે સાનીધમ ગરેગસા રેગમ સાધ

**રાવણ—** બળ ભુજા એક એકમા દશ દશ હજાર હસ્તીનું છે
લકેશના વશમા ન આવે શું ગજુ એક સ્ત્રીનું છે
કોણ છે વાનર કે જેને માન નીજ મસ્તીનું છે
ભાન જેને લેશ ના લંકેશની કીર્તીનુ છે.

**ઇંદ્રજીત—**જય જય સુરારી મહારાજ લંકેશને

રાવણ—એ લંગુર કપીશ શું તેં આ લંકપતીનું બળ પરાક્રમ નથી જાણ્યું કે આ રીતે તેં અહી આવી અત્યાચાર કર્યો ! અમારા રાક્ષસ દળનો તે સંહાર કર્યો ! બોલ તું કોણુ છે ? કોની હીમતથી અને કયા કારણથી ! અને કોની પેરણાથી અત્રે આવ્યો છે?

હનુમાન—મારી અસીમ ભુજાના બળથી ! મહારાજ સુગ્રીવની પેરણાથી ! દેવી સીતાની શોધ અર્થે ! સમુદ્ર ઓલંઘી અહિં આવ્યો છુ, સાથે તમને કહેવાને અમારા મહારાજ વાનરપતી સુગ્રીવનો સદેશો લાવ્યો છું, મારૂ નામ રામ દુત હનુમાન છે.

રાવણ—રામદુત હનુમાન સીતાની શોધ માટે ? આ લકપતિ છત્રપતિ મહારાજને બોધ માટે ? કહે શુ સંદેશ છે તેનો ?

હનુમાન—સંદેશ એજ કે ગોદાવરીના પુણ્ય આશ્રમમાંથી દગાથી હરણ કરી આણેલી સીતા દેવી રામને પાછી સોંપવાનો—રામ સાથે વૈર તજી સલાહ કરવાનો.

રાવણ—સલાહ ! હુ લંકેશની એક વનકીશ સાથે સલાહ ? દીપકનો સબંધ સૂર્ય સાથે? એક નીર્જીવ સસલાનો સબંધ સિંહ સાથે? એક ગંધાતા ખાબોચીઆનો સબંધ ઉન્મત્ત મહા સમુદ્ર સાથે? અને તે શું સીતા પાછી આપવાની સરતે ?

હનુમાન—હા જો સીદ્ધી રીતે સીતા રામને સ્વાધીન નહિ કરો તો તમારા કુલ કીર્તી અને લંકાની સમસ્ત સંપત્તિના નાશ સાથે તમારે રામને સીતા પાછી સોંપવીજ પડશે, લકેશ યાદ કરો સીતાના નિશ્વાસ અગ્નીથી તથા રામના ક્રોધાગ્નીથી આ તમારી ધુંધવાઇ રહેલી લકા હોલીકા રાક્ષસીની માફક એક પળભરમા બળી જશે.

રાવણ—અને શું તુ આવા અપશબ્દ વદી મહારાજ લંકેશનું અપમાન કરી અહીથી જીવતો જશે ?

હનુમાન—હા હું રામદુત છુ ધર્માત્મા પ્રભુની કૃપાનું વજ્ર કવચ ધરી હું વજ્રકાય થયો છુ, તમારી આ સુવર્ણ લંકાને પાતાળમાં બોળી સમસ્ત રાક્ષસ વંશનો સહાર કરી હું એકલો જાતેજ સીતાને લેઇ જવા શક્તીમાન છુ, પરંતુ તે માન રાક્ષસ કુળના વીનાશનું માન મહારાજ રામચંદ્રના ધનુષ્યનેજ આપવું ઉચીત છે.

**રાવણ—અરે લંગુર સબુર-હમણાજ** હુ તારી દુર્ગતી કરૂ છુ, તારા વાક્ય વજ્રઘાતથી મારૂ ધડકતુ હૃદય શાન્ત કરૂ છુ.

**હનુમાન**—હું નહિ મારો રામ ધડકાવશે

**રાવણ**—ઓહ ! જેના બળ પ્રતાપ અને તપ પુરૂષાર્થ આગળ ઈંદ્ર અગ્ની યમ—વરૂણ. નીસ્તેજ છે અંધકારમય છે–સમસ્ત દેવો જેના હુકમને આધીન છે, સુરલોકની દેવાંગનાઓ જેના ચર્ણની સેવામાં તલ્લીન છે, મહાન કૈલાશ જેવા પર્વત અને કૈલાશપતિ શંકર જેવા જેના ભયથી કંપે છે, તે હું લંકપતી સામે અરે તુ શુ બકે છે?

**હનુમાન**—હા ! હા ! તુ લંકપતિ તારા બળ પુરૂષાર્થ અને કીર્તી મારાથી અજાણ નથી.

એજ કે રાવણ તુ જેની બેન સુર્પનખા વીરૂપા
એજ કે રાવણ તુ જે રહ્યો વાલીની કુખમાં
એજ કે તું રાવણ જે સહસ્રાર્જુન થકી હાર્યો
આવી પુલત્સે છોડાવ્યો રહ્યો તે જે દુઃખમાં

એજ કે રાવણ તુ જે પાતાળમાં બળીની સાથે
બાથમાં બધાયો ને મસાલ ધરી મુઆ
એજ કે તુ સન્યાસી તણો વેશધરી
જાનકી નિર્દોષ હરી ફુલે વક્ર તુન્ડમાં

**રાવણ**—
જેણે હર્યુ સુખ બહુ સુર સુંદરીનુ
ને માન ભંગ કીધ ઈંદ્ર પ્રિયા શચીનું
જેણે કર્યુ હરણુ રામ પ્રીયા શચીનું
તેનું મહાન બળ શું સમજે કપિ તુ

**હનુમાન**—હે રાક્ષસેંદ્ર, સમસ્ત જગત વીદીત જેનુ સત ચરિત્ર છે તેવા પ્રભુ રામચંદ્રના પ્રીય કલત્રને તેં હરી આણી, હા હા મહા અનર્થ કર્યો, પવીત્ર યજ્ઞ વેદીના અંગારને તે વસ્રમાં ધારણ કર્યો, તેને છોડી દે ! છોડી દે ! જો જો આ તારૂ પ્રચંડ અસુર અંગ બળે છે હસ્ત-હૃદય અને સીહાસન પ્રજળે છે. હજીએ સમજ નહિ તો અવસ્ય તુ તારા સમસ્ત રાક્ષસ કુટુમ્બ સાથે એક પળમાં બળી રાખ થશે.

**ઈંદ્રજીત**—ઓ પીતાનુ માન ભંગ કરનાર પાપીષ્ટ વાનર આવા અપશબ્દ

કાઢતાં પ્રથમ તુંજ આ અજીતવીર ઇંદ્રિજીતના વજ્રકાળાસ્ત્રથી વા અગ્નિથી બળી રાખ થઇશ.

**હનુમાન**—હે પુલત્સ્ય કુળચંદ્ર લાંછન. હે બ્રહ્મકુલાંગાર બ્રહ્મરાક્ષસ, જ્યાં સુધી વીર લક્ષ્મણના તીક્ષણ તીરથી તારૂ હૃદય વિંધાય નહિ, જ્યાં સુધી આ તારા અહંકારી રાક્ષસ શરીર ઉપર રાજ્ય ચીન્હ તરીકે ધરાતા શ્વેત છત્રને બદલે તારૂં નાપાક માંસ ખાવાને આતુર માંસાહારી ગીધપક્ષીઓની ઉડતી પાંખોના છત્ર ધરાય નહિ, જ્યા સુધી તારા એકનાજ દુષ્કર્મથી સમસ્ત પૈલત્સ્ય વંશનો નાશ થવાની સાથે રાક્ષસ સ્ત્રીઓની અશ્રુધારાના ઉષ્ણ જળથી તારા વીશ્રવા આદી પીતૃલોકને પીતૃતર્પણ જલાંજલી આપી પોષાય નહી, ત્યાં સુધીમા હે માની રાક્ષસ માનીજા. અને મહારાજ રામચદ્રને દેવી સીતા અર્પણ કરી તેમને શર્ણ થા.

**રાવણ**—આહ ! હનુમાન સમર સગ્રામમા જેના વીર શરીરના સાડા ત્રણ કરોડ રોમ તે શત્રુઓની છાતી ભેદવાને તીક્ષ્ણ તીર જેવાં બને છે. રાવણ એ નામ માત્ર સાંભળતાજ દુશ્મનોની પ્રચંડ ભુજા કે એક મંત્ર સીદ્ધીથી સ્તબ્ધ થયેલા સર્પની માફક સ્થીર બને છે તેવો એક મહારથી ધીરવીર તે શું નીર્માલ્ય કરે સીતા ! હા સીતા ! પુન તેને સ્વાધીન કરે.

**હનુમાન**—
અહકાર હસ્તીપર નર જે ચઢે છે
ચઢી આખરે હાલ બુરે મરે છે
દડો જેટલા જોરથી ઉછળે છે
બળે તેટલે ત્યાથી પાછો વળે છે.

**રાવણ**—અરે આ દુષ્ટ વાનરનો શીરચ્છેદ કરો, તેને જળાવો, મારી નાખો, કાપી નાંખો, અગર વીધી નાખો.

**હનુમાન**—રામનામનું કવચ જેના રક્ષણાર્થ છે તેનો ધાત કરવાને ત્રીભુવનમા કોણ સમર્થ છે ? હે પાપાત્મા રાવણ, હજી પણ તારા શ્રેય માટે નીર્ભય થઇ ફરીથી કહુ છુ કે જ્યાં સુધી મહારાજ રામચદ્રના બાહુ રૂપ, ચંદનવૃક્ષના ભાથા રૂપ, પોલાણમાંથી બાણ રૂપી કાળ સર્પ નીકળી તારા હૃદયથી નીકળતા પ્રાણવાયુનો આહાર કરે નહિ ત્યા સુધીમા સમજી પ્રભુને શરણે જા સમર સગ્રામમાં

મહારાજ રામચંદ્રના તીવ્ર તીરથી બચવાને લોખંડ પોલાદ આદી ધાતુના વ્યર્થ કવચ છોડી મહારાજ રામચંદ્રના આશ્રયનું કવચ અંગે ધારણ કરી તેમનો આશ્રીત થા.

રાવણ— કર્યું છે એક પણ મેં રામ સાથે વૈરનું
ઘાત કરવો રામ મૃગનો કામ હુ એ શેરનું

ઇંદ્ર— બળ કપિ જોયુ નથી તેં દીવ્ય આ અસુરેશનુ
ઈંદ્રને જીતી કરજ ફેડયુ પિતા લંકેશનુ

હનુમાન—અવસ્ય તો રણભુમી ઉપર તારા મોકલેલા મારીચ મૃગની વાલી રૂપ શાખા મૃગના વીનાશની મહારાજ રામચંદ્રની અદ્ભુત નાટય લીલા જોઇ તું પણ પરસ્ત્રી હરણ કરનાર વાલીની હાલતે પહોચવા તૈયાર થા, અગર તો મૃત્યુથી બચવા સાવધ થા.

રાવણ—આહ ! મારો ! બાંધો–પકડો એ ચંડાળને, વાનરરૂપે આવેલા રાક્ષસ વંશના મહાકાળને !

વીભીષણ—ખબડદાર ! રાક્ષસ રાજ ! એવું શાસ્ત્ર નીંદીત આચરણ થાય નહિ, દુતનો ઘા કદાપી કરાય નહિ.

રાવણ—પુત્ર ઇંદ્રજીત ! જલદી કરો આ દુષ્ટ વાનરને જીવતો સળગાવવાને વીર રાક્ષસોને હુકમ કરો.

વીભીષણ—શીવ ! શીવ ! શીવ !

રાવણ—મારૂં જે ચાહે તે થાય. પરંતુ સીતા હું તે દુર્ભાગ્ય રામને કદાપી સ્વાધીન કરીશ નહિ.

ઈંદ્રજીત—પીતાજી ! આપ માનીય મહીપતિ હોઇ માન ભગ થાય એવી દુષ્ટ વાતમા હું કદાપી સંમત થઇશ નહિ. આ વડીલ વીભીષણની માફક હું બધુ દ્રોહનું વાહ કુટુંબ દ્રોહનું કલંક કદાપી માથે લઇશ નહિ, હું આજ્ઞાંકીત પુત્ર ઈંદ્રજીત જીવત છતા આપણા ભુજબંધમાં સપડાએલી સીતા તેના સ્વામીને પાછી સોંપવાની ઇચ્છા મનથી પણ હુ આપને કરવા દઇશ નહિ.

વીભીષણ—અહાહા. બધુ બ્રહ્મદેવના વરદાનથી સંપત્તિ પામી ઉન્મત્ત થયેલ લંકેશ પીતામહ બ્રહ્મા જ્યારે પોતાના નીષ્કલંક પુલત્સ્ય વંશમાં આવા કુળ કલંક કુલાગાર ઉત્પન્ન થયેલા જાણશે, વીશુદ્ધ બ્રાહ્મણ વંશમાં મહારાજ રામચદ્રની સ્ત્રી સીતાનું હરણ કરનાર

ઉત્પન્ન થયા એમ સાંભળશે, ત્યારે તેઓ અતીષય શોકની સાથે પોતાના નેત્રો મીચશે, અરે એ કલંકીત વાકય સાંભળતાં પોતાના હાથથી પોતાના આઠે કાન બંધ કરી મહા શોક કરશે.

**રાવણ**—અને તુ પણ મારા અંતપુરમા મારાજ પર્યંકાસને, મારાજ ઉત્સંગમા બેઠેલી તે નર પશુ રામની સ્ત્રી સીતાને જોઇ મહા શોક કરશે.

રે મારા અસીમ બળ પૌરૂષેયને નહી સમજનાર, રાજદ્રોહી, કુળદ્રોહી કુલાગાર રણભીરૂ તુ તે પામર નર પશુ રામનો પક્ષ કરે છે? મારા કુંભનીકુંભ—કર્ણકુંભ—વીર રાક્ષસ એવા તો બલીષ્ટ છે કે જેના આગળ વનકીશ અરે નરપશુ તે શુ ચીજ છે?

**વીભીષણ**—એ વજ્રને મહા કાય તે અન્તે ના આવે કામમાં
લાગશે જ્યાં બાણુ તીક્ષણુ વજ્ર જેવા રામના
માટે કહુ છુ માન માની રામજીને શર્ણુ જા
પાયે પડી સીતા સતી શ્રી સોપ પાછી જનકજા.

**રાવણ**— સોપું કદી આ પ્રાણુ સાથે સંપત્તિ ગઢ લંકની
સોપું સમરમા દેહ પણુ સોપું ના પાછી જાનકી

**વીભીષણ**— નીશ્ચે મને સમજાય છે વીનાશ કુળનો આજથી

**ઇંદ્રજીત**— તુજ સમા કુળ દ્રોહી રાક્ષસ લંકમાં બીજા નથી

**વીભીષણ**—રે સાહસી છટેલ છોકરા! પીતાને ઉશ્કેરી અનાચારને રસ્તે દોરે છે! વ્યભીચારનો પક્ષ કરી પોતાના પૂર્વ પવિત્ર વંશજોની કીર્તી રસાતાળમા બોળી અવસ્ય તારો ઉચ્છેદ કરવો ઉચીત છે.

**ઇંદ્રજીત**—સંભાળ! આ પણુ મહા વીજયી ઇંદ્રજીત છે.

**વીભીષણ**—હે અભીમાની તુ અને તારો પીતા રામના તીક્ષ્ણુ તીરનું નીશાન છો એ ખચીત છે

**રાવણ**—ઓહ! કુળ દુશણુ કટુભાષી વીભીષણુ શુ કરૂ!
મુખે મીઠું બોલનારા માનવી હજાર હશે,
ફુકીને ફોલનારા માનવી હજાર હશે,
કટુ પણુ ફળ મીઠુ કહેનાર એવો એકે નથી,
કટુ હીતકારી તેવું મીઠુ હીતકારી નથી.

**ઇંદ્રજીત**—પીતાજી આ તે તમારો નાનો ભાઇ કે કોઇ પૂર્વ જનમનો દુશ્મન વેરવાઇ! આ કુટુમ્બઘાતી મહા પાપી પીશાચ આપણા વીર કુળમાં

જન્મેલો હોઇ આવા કલંકીત નીષ્ઠુર વાકયો કેમ બોલે છે ?
પીતા ! અવશ્ય તે કુળદ્રોહી-પાપીનો ઘાત કરો-ઘાત કરો.

**વીભીષણ**—રાવણ ! વીચાર જો તને બ્રહ્મદેવનો વર હોય તો યાદ કર કે નર વા વાનર સીવાય તું અવધ્ય છે, અગર જોતને નંદીનો શ્રાપ હોય તો યાદ કર કે વાનરથીજ તારૂ મૃત્યુ છે, અગર જો તું સમજતો હો તો વીચાર કર કે અપૂર્વ બળયુક્ત કાર્તવીર્ય જેવા ઉન્મત ક્ષત્રીયનો નાશ કરનાર ભગવાન પરશુરામના સત્યનો ભગ કરનાર પીનાક ધનુષ સાથે ખર દુષણ ત્રીશીરા આદી રાક્ષસોનો ગર્વ ખંડનાર ભગવાન રામચંદ્ર કોઇ સાધારણ મનુષ્ય નથી એમ ધારી જાનકી તેમને સ્વાધીન કર, પોતાના દુષ્ટાગ્રહથી હઠી પાછો ફર.

રાવણ—
પ્રાણમા છે પ્રાણ તો સોપુ ન પાછી જાનકી
ચંડાળ ચાહે રામને તો રામ પાસે જા નકી.

( લાત મારે છે. )

**વીભીષણ**—અસ્તુ બંધુ તો એમજ હો.

ઉંધુ થતા સૌમતિ થાય ઉંધી, વીનાશ કાળે વીપરીત બુદ્ધી.

વડીલ બંધુની આજ્ઞા સ્વીકારૂછુ, તારૂ ફરમાન છે તો હવે હું પણ પ્રભુ રામ શરણ જવામાંજ મારૂ હીત ધારૂં છું.

ભુખ્યો થઇ ભટકી મરૂં કદી વીકટ જંગલમાં રહુ
ઇંદ્રનો વૈભવ છતાં પાપીની સંગત ના ચહુ
છોડીને સંગત નીચની, લંકા તણી સુખ સાહેબી,
જાઉં છું હું સત્ય સહાયક શરણમાં શ્રી રામની

(લંકા દહન)

જો જો મદાંધ રાવણ જોઇ લે મારૂં વાકય સીદ્ધ કરી લે.

પરદારા પર પ્યારથી થશે લંકગઢ નાશ
થશે દુષ્ટ વ્યભીચારથી રાક્ષસવંશ વીનાશ.

( ટેબ્લો. )

# અંક ત્રીજો.

## પ્રવેશ ૧ લો.

**સ્થળ—સમુદ્ર કીનારે રામ.**

**પાત્રો—રામ, લક્ષ્મણ અને સેના.**

**ગાયન.**

**સુગ્રીવ—** ( ૨૫ )

દિલમાં નહિ તર્ક યા વિતર્ક કરો સ્વામી
રઘુપતિ રામ સીત સ્વામ જગ આરામ સ્વામી
હોશે સપ્ત સીંધુપર વા ભુમી તલએ ભુમી બાળા
શોધ લાવીશ હું વૈદેહી એ દેવી સીતાની
પ્રાણુમાં પ્રાણ છે છેવટના માશ આ તનમાં
મીત્રતા આપની નિભાવવા હુ ભરૂં છું હામી

**રામ—**હા બંધુ, સીતાના કંઇ સમાચાર ?

**લક્ષ્મણ—**મહારાજ શાન્ત થાવ ! પવનકુમાર હનુમાન તેમની શોધ અર્થે ગયા છે તેઓ હમણા આવશે, દેવી સીતાની શોધ તેઓ અવશ્ય લાવશે. બધુ સાંભળો આ અતી આનંદદાયક મહાવીરનોજ અવાજ છે. દેવીની શોધ લેઇ આવતા તેઓ વાનરરાજ છે, બધુ આવો આપણે તે મહાવીરને સન્માન સહિત અત્રે લેઇ આવીએ.

**હનુમાન—**( પ્રવેશી ) પ્રભુ પ્રણામ.

**રામ—**વીર કલ્યાણુ ! વીર હનુમાન આવ ! અને પૂર્ણ ઉત્સાહથી મને ભેટ, કેમ વીર, દેવીના કંઇ સમાચાર?

**હનુમાન—**મહારાજ જ્યાં સુધી તે દુષ્ટ રાવણુની લંકા નગરીને મારી ગદાના પ્રહારથી ચુરે ચુરા કરી નથી, જ્યા સુધી તે રાક્ષસપતિ દશ કંઠનાં દશે શીર કાપી આપની ચર્ણરજ નીચે રગદોળ્યાં નથી, જ્યાં સુધી દેવીને તે પાપીના પાસથી મુક્ત કરી આપણા આશ્રય

નીચે લાઝ્યો નથી ! ત્યાં સુધી આ દીન સેવક પ્રભુના પવિત્ર શરીરને ભેટવાને યોગ્ય નથી.

**રામ**—વીર હનુમાન, કહો દેવીના શુ સમાચાર ?

**હનુમાન**—મહારાજ દેવીના વિયોગે કલ્પાતથી અથવા તો હૃદય ક્રોધથી રકત થયેલા શ્રીમાન પ્રભુ રામના નેત્ર જેવો અથવા તો વડીલ બંધુ સ્વામી રામના રક્ષણાર્થે વનવાસમા નિંદ્રાનો જેને ત્યાગ કર્યો છે એવા મહાવીર લક્ષ્મણના રકત નેત્ર જેવો. દેવી સીતાનો સૌભાગ્ય ચંદ્રક રૂપ તેમનો મસ્તકમણી મહારાજના પ્રાણની ગતિને રોકનાર ચક્રાન્ત મણી જેવો, આ ચુડામણી આપ પ્રત્યક્ષ કરો

**રામ**—હા આ તેજ ચુડામણી, અવશ્ય દેવીની શોધ મળી, વીર હનુમાન મારા વિયોગે ત્યા તેમની શું દશા છે ?

**હનુમાન**—મહારાજ ! લંકાપુરીમાંના અશોક બાગમા ભયંકર રાક્ષસીઓથી કેદ થયેલા સીતા દેવીને મે જોયા, આપના વિયોગે તેઓ પોતાના કેશપાસથી આત્મઘાત કરવાની તૈયારીમા હતા, તેટલામા નવીન જીવન આપનાર શ્રી રામ નામાંકિત મુદ્રિકા તેમને મળી, તે માત્ર સંસારમા એક પ્રભુ રામના દર્શનની આશાથીજ જીવે છે, ત્રણ માસમાં આપ તેમને જો નહિ મળો તો મહા અનિષ્ટ થશે

**લક્ષ્મણ**—બંધુ સાવધાન ! સેનાસહિત સમુદ્ર તરી લંકા તરફ પ્રયાણ કરો. વિજયનુ નીશાન હાથ ધરો

**હનુમાન**—"જયતુ જયતુ મહારાજ"

**સુગ્રીવ**—અહો આશ્ચર્ય ! આકાશ તરફ જોતા નિશ્ચય જણાય છે કે દુશ્મન તરફથી કોઇ રાક્ષસ દુત અથવા ગુપ્ત જાસુસ અત્રે આવે છે, માટે કપિવર સાવધાન તેને પકડી એકદમ કેદ કરો

**હનુમાન**—વાનરેશ્વર જરા ધીર ધરો, અંતરીક્ષથી આવતો રાક્ષસ કોઇ નહિ પરંતુ શ્રી રામભકત વિભીષણ છે, રાવણનો કનીષ્ટ બંધુ હોવા છતાં પ્રભુનો તે પૂર્ણ મદદગાર છે, સત્ય નીતિ અને સ્વધર્મનો તે સાચો પક્ષકાર છે

**સુગ્રીવ**—દુશ્મન તરફથી આવતા જાસુસનો વિશ્વાસ કરવો એ શંકા ભરેલું છે, છતા તે વિષે પ્રભુનો શું મત છે ?

**રામ**—શરણાગતને અભયદાન આપવું એવો રઘુવંશનો પરા પૂર્વથીજ કુ-

ળાચાર છે, પછી તે ચહાય દુશ્મન તરફનો જાસુસ હો યા પુત્ર હો તેનો શું વિચાર છે ?

**સુગ્રીવ**—અસ્તુ પ્રભુની જેવી આજ્ઞા !

**વીભીષણ**—મહારાજ ! જેષ્ટ બંધુ રાવણના ત્રાસથી તેના અધર્મ અને અનાચારથી પીડીત હું તેનો કનીષ્ટ બંધુ વીભીષણ આપ પ્રભુ સાક્ષાત્ ધર્માવતાર વિશ્વપતિ આપને શરણે છું, પાહીમામ્ ! પાહીમામ્ ! પાહીમામ્.

**રામ**—શરણાગત નિર્ભય રહો, જે લક્ષ્મી જે સંપત્તિ જે ઐશ્વર્ય તારા વડીલ બંધુ રાવણને મહાદેવના અપૂર્વ તપથી અને મસ્તક કાપી ચઢાવાથી મળ્યાં તે હું તને સહજ આપું છું તારી અપૂર્વ ભક્તીથી પ્રસન્ન થઇ આજથી તારા ભાઇની જગ્યાએ તને આ લંકાનો સાર્વભૌમ્ય મહારાજ કરી સ્થાપું છું.

**હનુમાન**—હા જેમ વાલીનો વધ કરી વાનરરાજ સુગ્રીવને કીસ્કંધાનું ચક્રવર્તી સામ્રાજ્ય સ્વાધીન કર્યું, તેમ પ્રભુ રામચંદ્રનું વચન તમોએ સીદ્ધ કરી માનવું.

**સુગ્રીવ**—અહાહાહા પતિત પાવન શ્રી રામચંદ્રની ચર્ણરજનો કેવો મહીમા છે કે જે ઐશ્વર્ય રાવણને શંકર પાસે વારંવાર મસ્તક કાપતા મળ્યું તે ઐશ્વર્ય વીભીષણને માત્ર મહારાજના ચર્ણસ્પર્શથી સહજમાં પ્રાપ્ત થયું ધન્ય પ્રભુ ! ધન્ય પ્રભુ !

**રામ**—સુગ્રીવરાજ ! તમારી માફક તેમને પણ લંકાના ચક્રવર્તી રાજ્યનો અભીષેક કરો.

**સુગ્રીવ**—પ્રભુની જેવી આજ્ઞા. (અભીષેક કરે છે)

**બધા**—લંકાપતિ મહારાજ વીભીષણનો જય.

**રામ**—વીર હનુમાન ! સુગ્રીવ, નલ નીલ, જાંબુવાન હવે આપણે અવશ્ય લંકા તરફ પ્રયાણ કરો. તે પહેલાં હજુ પણ તે મંદમતિ લંકેશને યુદ્ધ નહી કરતાં સન્નાહ થાય તે માટે જાણ કરો, અંગદ !

**અંગદ**—આજ્ઞા પ્રભુ !

**રામ**—જાઓ, અમો સર્વ સેના સાથે સમુદ્ર ઉલ્લંઘન કરી લંકાને ચોતરફથી ઘેરી વાળીએ નહિ તે પહેલા તમે લંકામા જાઓ અને તે નીશાચર રાવણને અમારી ચોરેલી લક્ષ્મી પાછી સોપવા સમજાવો.

લક્ષ્મણ—અગર તે સમજાવતાં નહિ માને તો આ મારાં ધનુષ્યબાણ અવસ્ય તેને મનાવશે.

અંગદ—અસ્તુ ! પ્રભુની આજ્ઞા મસ્તક ધરી જાઉં છું. જો માને તો સમજાવું છું, નહી તો પછી તેને યુદ્ધનું આમંત્રણ કરી જલ્દી આવી મળું છું.

રામ—બંધુ જાઓ આશીષ.

ગાયન.

રામચંદ્ર ( ૨૬ )

ત્વરીત સીધાવોરે
નીચ નકૂટ શઠ
પાપી અતિ અસુર રાજ
જાઓ સમજાઓ નીતિ ન્યાય દાવો
દેવી અમ લાવો લાવો ત્વરીત
પ્રબલ દૂત બલ દાખી
વિદિત વચને, દુર મુખ એ, દુર મદ એ
દુર જન એ, માની મનાવોરે ત્વરીત...

## પ્રવેશ ૨ જો.

સ્થળ-રાવણનો દરબાર.

પાત્રો:—રાવણ, ઇંદ્રિજીત, પ્રધાન પાછળથી અંગદ.

રાવણ—વીર પ્રધાન પ્રહસ્ત ! આ મારા રણમસ્ત વીજયી હસ્તનો પ્રતાપ નહી જાણતાં એક નાદાન નર પશુ વનચર રામ સમુદ્રપર શેતુ બાધી યમપુર જવાના માર્ગની સીડી પર ચઢી લંકામા આવ્યો એ શુ સત્ય છે?

પ્રધાન—હા પરતુ આપનો પુત્ર ઇંદ્રજીત —
કે જેના બેઉ બાહુ સુરપતિ કરને બાધવા શક્તી શાળી
ને આ બ્રહ્માડ આખું છીન્ન ભીન્ન કરવા આ અસિ શક્તી કાળી
એવા આસુર સામે રણજય ચહીને શું કપિ આવીયા છે

શેતુ બાંધી સ્વહસ્તે યમપુર ચઢવા બાંધી શું સીડીવા છે સાંભળવા પ્રમાણે આપથી અપમાન પામી કુલ દ્રોહી—કુલ ઘાતી બંધુ વીભીષણ રામને મળ્યો. રામે તેને લંકા રાજ્યનો અભીષેક કર્યો, વાનર સૈન્ય સાથે લંકામાં આવવા માટે સમુદ્રપર પાળ બાંધી, હાલ તેઓ સુવેળાચળ પર્વત ઉપર પડાવ નાંખી રહ્યા છે.

રાવણ—પુત્ર ઇંદ્રજીત ! તારા જેવો વીર યુવરાજ લંકા દુર્ગનું સર્વ પ્રકારે રક્ષણ કરનાર હોવા છતા આ રીતે નીર્લજ મર્કટો લંકામાં આવવાની હીમત કરે ! મહેલ-પ્રાસાદ-બાગ કુવા અને વન પ્રદેશનો આ રીતે નાશ કરે એ શું સહન કરવા યોગ્ય છે?

ઇંદ્રજીત—અહા પિતાજી ! ઘરભેદ્ય રાજદ્રોહી કાકા વીભીષણનાજ આ સર્વ કારસ્તાન છે. પાપી રાક્ષસ પીશાચ આપણો સબળ પક્ષ છોડી શત્રુ પક્ષમાં મળી ગયો, વનના વૃક્ષનો પરસ્પર ઘસાવાથી ઉત્પન્ન થયેલો અગ્નિ પોતાનાજ વંશવૃક્ષને બાળવા તૈયાર થયો તો ચીંતા નહી. રામ સહીત તે દુષ્ટને એક નિર્જીવ ચાંચડ તુલ્ય ચોળવાને શત્રુ રૂધીરથી ખરડાયેલા રણક્ષેત્રના રૂધીરયુક્ત કાદવમાં તેને રગદોળવા આ વીર ઇંદ્રજીત તૈયાર છે, માત્ર પિતાજી તરફથી આજ્ઞા મળે એટલીજ વાર છે.

અનુચર—જય જય છત્રપતિ મહારાજ શ્રી લંકેશનો, દેવ ! કોઇ શાખા મૃગ વાનર રામદુત થઇ અત્રે આવ્યો છે શત્રુ તરફથી કંઇક સંદેશો લાવ્યો છે.

રાવણ—હા સાવધાન ! વીર રાક્ષસો સાવધાન !

ઇંદ્રજીત—અનુચર જા તેને એકદમ અંદર લેઇ આવ, તે મર્કટ કપિ વાનરને મહારાજ લકેશના ચરણે નમાવ.

ચોપદાર—જેવો હુકમ.

અંગદ—રે રાક્ષસો ! કહો તે રાવણ કે જે ક્ષત્રીયવીર સહસ્રાર્જુન તથા દાનવીર બળીના હાથે બંધાઇ કેદ થનાર, સૂર્યવંશ કુળ પાવન મહારાજ પ્રભુ રામચંદ્રના સ્ત્રીરત્નનું અને ચંદ્રવંશ પુન્ય પવીત્ર મહારાજ જનકની પવીત્ર કન્યારત્નનું હરણ કરનાર, તે રાક્ષસ નામ ધારી રાવણ ક્યાં છે ? કયે સ્થળે જઇ છુપાયો છે ?

ઇંદ્રજીત—રે દુષ્ટ વાનર, બેધડક નીડર થઇ અત્રે આવી આવા કઠોર ઉચ્ચાર કરેછે? મહારાજ લંકેશનો ભર સભા વચ્ચે તીરસ્કાર કરે છે?

**રાવણ**—અય ઉન્મત લંગુર, તુ કોણ છે ? કોનો પુત્ર છે ?
કોની પ્રેરણાથી, કયા કારણસર અત્રે આવ્યો છે? જલદી વીદીત કર

**અંગદ**—(હસીને) પુલત્સ્યનંદન ! યાદ કર અગાઉ એકવાર તારા નિશ્વાસ વાયુના સુગંધથી જેનુ દીર્ઘ પુચ્છ સુગંધીત થયું હતુ, તુ મદાંધ રાક્ષસનુ પ્રચંડ અંગ જેની બગલમા દબાઇ રહ્યુ હતુ, તેવા વાનર છત્રપતિ શ્રીમાન્ કીસ્કંધાપતિ મહારાજ વાલીનો હું સપૂત છું, ખર. દુષણ અને ત્રીશીરા આદી રાક્ષસોના કાળ જેના હાથથી સુર્પનખા થઇ હાલ બેહાલ એવા રઘુપતિ મહારાજ રામચંદ્રનો હુ રાજદુત છુ.

**ઇંદ્રજીત**—અહા પાપીષ્ટ, તુ તેજ લંગુર કે જે અશોક વનનો નાશ કરતા માગ અનંત વીજયી હાથથી પીતામહ બ્રહ્માએ દીધેલા દીગંત વીજયી બ્રહ્માસ્ત્રથી બંધાયો હતો, જેના પુચ્છ ઉપર મહાવીર રાક્ષસોએ અગ્ની સળગાવ્યો હતો?

**અંગદ**—હા જેણે તારા કુમાર બંધુ અક્ષ કુમારને મારી તારા પિતાની ધડકતી છાતીને વિશેષ ધડકાવી હતી, જેણે સમસ્ત સુવર્ણમયી લંકામાં આગ સળગાવી હતી, તે રામદુત હનુમાન હુ નહિ પરંતુ તે અમારા મહારાજ સુગ્રીવનો એક સાધારણ સેવક હતો, તારાથી તે બંધાયો તેથી તે અમો સર્વ વાનર સરદારોથી તીરસ્કાર પામી લાજથી શરમિંદો થઇ એકાન્ત જંગલમા જઇ છુપાયો, તેમાંનો તું મને કદાપિ સમજીશ નહિ, હુ તો મહા સમર્થ રામદુત અંગદ છુ ! તારા પિતાને કાખમા દબાવી એક દિવસમા સાતે સમુદ્રને ફરી વળનાર મહાબળી વાલીનો હુ અંગજ છુ.

**રાવણ**—રે નાદાન છોકરા ! તારા પિતાનો ઘાત કરનાર રામ ઉદાસી વનવાસીનાકામ શત્રુ તેનો તુ પક્ષકાર ? અહા વ્હારે વાનર સપુત ! વાહરે અંગદ રામદુત !

**અંગદ**—હુ તો સપૂત કે કપૂત જે છું તે છું, સર્વ સંસાર જાણે છે પરન્તુ કામાન્ધ અજ્ઞાન જન્માન્ધની પેઠે તુ તારા દુષ્કાર્યને જાણે છે કે મહા સતી જગદમ્બા રામની પ્રીયતમાને હરી લાવ્યો! કપટ વેશ ધારી સંન્યાસી થઈ નિર્દોષ મહા સતી અબળા ઉપર તેં તારો પુરૂષાર્થ બતાવ્યો, પવિત્ર પુલત્સ્ય મુનિના બ્રાહ્મણ વંશને તેં કલંકનો કાળો ડાઘ લગાવ્યો, કહે સપૂત તુ કે હુ?

રાવણ—હા, હું હું કે જેણે પૂજા પ્રસંગે પ્રસન્ન કરવા ત્રીપુરારી શંકરને વિના વિલંબે દશ દશ શીર ઉતારી આપ્યાં છે, આ ચંદ્રહાસ ખડ્ગથી મારા આ વિજયી હસ્તથી અનેકવાર મારા મસ્તક મેં નીડર થઈ કાપ્યાં છે.

અંગદ—હા ! હા ! તે તારાં દશે શીર જે શંકરના પ્રસાદથી અવશેષ રહ્યાં છે, તેને શ્રી રામ પ્રભુ પોતાના દિવ્યાસ્ત્રથી કાપશે, તારાં તે દશે શીર ભગવાન રામચંદ્ર રણુ ચડીને યુદ્ધની અધિષ્ટાતા દેવી કાળીને બળીદાનમાં આપશે.

ઈંદ્રજીત—હા ! હા ! પરંતુ તે પહેલા તો તારો તે નીર્માલ્ય રામ સર્વ વાનર સેના સહીત આ વીર ઈંદ્રજીતના મહાવીર મેઘનાદના રણુ· યજ્ઞમાં હોમાઇ જશે, રૂધીરા રક્ત રણુચંડીના બળીદાનમાં તે કામ આવશે.

રાવણુ—પાપીષ્ટ ! જો જે જાનકી માટે તારો અને તારા રામનો આ વ્યર્થ બકવાટ છે. તે જાનકી તો જો પોતાની ખુશીથી મારા ઉપર પ્રસન્ન થઇ આ સમસ્ત રાજ્ય સભા વચ્ચે મારા આ અર્ધાંગ પર આ વામ ઉત્સંગ ઉપર મારી સાથે બીરાજેલી જો અને હૃદયનો સંશય ખો. પુત્ર ઈંદ્રજીત !

ઇંદ્રજીત—આજ્ઞા પિતાજી !

રાવણુ—આ પાપીષ્ટ વાનરની બળતી છાતી વધારે બાળવા માટે, સ્ત્રી વિયોગી તે નીર્જીવ રામના સળગતા અતઃકરણને વધારે સળગાવવા માટે, જલ્દી તે રાક્ષસાગ્ના જાનકીને અંતઃપુરમાંથી એકદમ મારા કદમ નજીક લાવ, શંકા, ભય અને લાજ તજી આ રાક્ષસ સભા સમક્ષ તેને મારા અર્ધ સીંહાસન ઉપર બેસવા હુકમ ફરમાવ.

અંગદ—હા પ્રભુ રામચંદ્ર આ શુ વજ્ર આઘાત!

ઇંદ્રજીત—જાનકી જાનકી નીઃશંક થઇ સભા મધ્યે ઉભી રહે અને તારા મનનો જે નીશ્ચય છે તે આ મીથ્યાવાદી લંગુર વનપશુને સત્વર કહે.

મા૦ સીતા—જય જય મહારાજ આર્ય-પુત્ર સ્વામી લંકેશનો.

રાવણુ—કેમ લંગુર સમજ્યો હવે ? સીતા સંબંધમાં વ્યર્થ પુરૂષાર્થ છે

તારો અને તારા સ્વામી અવધેશનો. બોલ સીતા હવે તું તે ભીખારી વનવાસી રામને ચાહે છે કે આ સુવર્ણમયી લંકાની મહારાણી બની આ મહાન વૈભવી લંકેશના ઉત્સગે બેસવા લલચાય છે?

**મા૦ સીતા**—એ રામમાં શું રામ છે જે ભીખારીને ના કામ છે,
લંકેશ મારા સ્વામ છે મુજને તો અહી આરામ છે.
રહેવા ખુશી છું લંકમા લંકેશના ઉત્સંગમા,:
લંકેશના રસ રંગમા આનંદ છે મુજ અંગમાં

**અંગદ**—હા પ્રભુ ! આ તે સતી જાનકીના શબ્દ ઉચ્ચાર કે પ્રલયકાળના ઘનઘોર વાદળથી પડતો વીજળીનો વજ્ર પ્રહાર ! ? જાનકી ! જાનકી તમે કોણ ? !

**મા૦ સીતા**—હું મૈથીલી જનક તનયા સીતા.

**અંગદ**—હા રામ અફસોસ ! અહી સત્ ધર્મની સીમા આવી રહી અહી પ્રભુરામના અને મહારાજ સુગ્રીવના સર્વ પુરૂપાર્થની સીમા પુરી થઈ દેવી વીદેહનંદીની જનક તનયા જાનકી તમે જાણો છો કે હું રામને મોકલેલો અનુચર વાનર છું, પ્રભુનો શુભચીંતક નોકર છુ.

**મા૦ સીતા**—વત્સ અંગદ ! મારા તરફથી મહારાજ રામને આ સંદેશ તુ કહેજે કે દૈવયોગે જે બન્યુ તે બન્યુ, હવે લંકેશ સાથે વીરોધ કરવો તજી દો, મે મારા આત્માને સાક્ષી રાખી મારૂ અંગ આ લંકાપતિ રાવણુ રાજની સેવામા સ્વાધીન કર્યુ છે, હું મહારાજ રાવણુના ઉત્સંગ પંકજની વીલાસી હંસી થઇ રહીછુ, તેનાથી હુ સતીત્વહીન પતીત થઇછુ.

**અંગદ**—હા ગંગા સમાન પવીત્ર અને શીયળવતી જાનકીના આ શબ્દ ? હા હુ શુ કરૂ ? !

**રાવણુ**—ચુપ લંગુર જા અને સદ્ય તારા રામને કહે કે હવે તારા સર્વ પ્રયત્નો નીષ્ફળ છે—જાનકી રાવણુના ઉત્સગમા રહી ચુકી તારા જેવા પુરૂષાર્થહીન વનચર પશુની આશ તેણે હમેશના માટે મુકી.

**ઇંદ્રજીત**—જા જલદી જઇને આ શુભ સમાચાર તારા રામને કહે કે જેથી આ શબ્દ સાંભળી તે પ્રસન્ન રહે.

રાક્ષસી—જય જય મહારાજ લંકાધીરાજ પ્રભુ અશોક વનમાં સતી સીતા મહારાજ રામચંદ્રનું અનીષ્ટ સાભળી આપઘાત કરે છે, પોતાના પ્રાણના અંત સાથે સર્વ દુખનો તે અન લાવવા કહે છે.

રાવણ—ચુપ દુષ્ટા, જાનકી ! જાનકી ! આ રહી મારા ઉત્સંગમાં જો પૂર્ણ આનંદમાં છે.

અંગદ—( આશ્ચર્ય ચકિત ) અહો આ કોઇ માયાવી રાક્ષસોની કપટ માયા છે. જાનકી આ નહિ પરંતુ તે અશોક વનમા છે, રે દુષ્ટ રાક્ષસી માયા, તાપસી માયા, જો તુ સીતા સિવાય કોઇ અન્ય રૂપે હો તો હું તને શ્રાપ દઉ છું કે જો દેવી સીતા તન મન અને વચનથી પોતાના પતિવૃત્તથી ચુકી ના હોય, પ્રભુ રામ પોતાના સત્ય વચનથી ચુકયા ના હો, તો તુ એકદમ દુષ્ટ રાક્ષસના ખોળાથી દૂર થા, મારા શ્રાપથી બળી ભષ્મ થા

( માયાવી સીતા સળગી જાય છે )

મા૦ સીતા—ઓહ રામ ! રામ!

રાવણ—આહ ! ગ્રહયતામ ( ૨ ) અયં પાપીષ્ટ વાનરાન્

અંગદ—
શ્રી રામનો આશ્રીત વીર અંગદ સમો બળવાન હુ
કદી ગરૂડ કો કાળે થયો સર્પોનો બંધીવાન શુ
લંકેશ જો તુજ સભાથી નીડર ચાલ્યો જાઉંછુ
મસ્તક પ્રભુ ઉડાવશે તુજ મુકુટ હું ઉડાવુ છું.

### ગાયન.

અંગદ— ( ૨૭ )

જવ ચહુડી રઘુવીર સાથ લક્ષ્મણ સુધીર
ઘેરશે લંક ગઢ ધનુષ ધારી રામ—જવ
અષ્ટ દશ પદમદલ, વાનર બલીની
કીલકારીએથી હુક હુકુકુકુ ( ૩ )—જવ

( ટેબલો. )

# પ્રવેશ ૩ જો.

સ્થળઃ—જંગલ.

પાત્રાઃ—વીભાંડક, શ્રંગીજી, શાન્તા અને નારદ.

વીભાંડક—જય સચ્ચીદાનંદ, જય સચ્ચીદાનંદ, જય સચ્ચીદાનંદ. શ્રંગી અને શાન્તા ગૃહસ્થાશ્રમને ઘણા વર્ષ ગયા, ઇશ્વર કૃપાએ જો હવે જોવાનો લાભ મળે તો કાંઇક આનંદ મળે ખરો, એતો જે બન્યું તે બન્યું ભવીષ્યને કોણ ભેદી શકે છે? કોઈની સાથે સંદેશો મોકલી અહીઆ તેડાવુ ત્યારે સદેશો કોની સાથે મોકલવો?

નારદ—નારાયણ ! નારાયણ ! ગુરૂજી જય સચ્ચીદાનદ ? !

વિભાંડક—જય સચ્ચીદાનદ રૂષીવર્ય, જય સચ્ચીદાનંદ ઓહોહોહોહો આપ ભલે પધાર્યા. પ્રભુ આજે મને શ્રગી યાદ આવ્યો.

નારદ—આવે પ્રભુ પોતાનો પુત્ર કયા મુર્ખ માબાપોને યાદ ન આવે?

વીભાંડક—આજે શ્રગીજીને જોવાની ઇચ્છા થઇ.

નારદ —એ ઇચ્છા આપને બહુ ભુંડી થઇ

વીભાંડક—કેમ મહારાજ?

નારદ—કેમ શું એમ, હું આપના પરાક્રમી પુત્રની પાસેજ હતો અને ત્યાંથીજ અહીં આવ્યો.

વીભાંડક—પરાક્રમ કેમ ? !

નારદ—પુત્રને માટે બાપને મારે એમ.

વીભાંડક—હેં મહર્ષી આ શુ બોલો છો?

નારદ—શું બોલુંછુ શું સાચે સાચું બોલુ છું, જુઠું બોલવું એ ઝખમારવી એ બરોબર છે. મહારાજ તમારા શ્રગીજીને પુત્રની ઇચ્છા થઇ છે.

વીભાંડક—તે એની ઇચ્છા આપણે પુર્ણ કરીશુ.

નારદ--પણ પ્રથમ જીરો તો ખરા અરે એમ નથી અરે એમ નથી. શ્રંગીજીના વીચારો પણ કેવા બદલાય છે. અહાહાહાહાહા શ્રંગી શુ હતા અને શુ થઇ ગયા, શીવ ! શીવ ! શીવ !

વીભાંડક—હે !

નારદ—હેં શુ હા, શ્રૃગીજીને કોઇ દાંભીકે બતાવ્યું છે કે તમારા પ્રારબ્ધમાં તો પુત્ર નથી પરંતુ જો તમારા પિતા વીભાડક તેમનું અત્યાર પછીનું આયુષ્ય તમારા પુત્રને આપે તો તમારે પુત્ર થાય એમ છે, જેથી એ તમારા સપુત હમણાંજ અહીં આવશે ને તમારૂં આયુષ્ય માંગશે.

વીભાંડક—શ્રંગીના આવા વિચાર હોય, ભાઇ અન્ન તેવા ઓડકાર.

નારદ—અરે શ્રંગી તો હવે રંગી બની ગયા છે, સ્નાન સંધ્યા તમામ મુકી દીધું છે? તદન ભ્રષ્ટ બની ગયા છે.

વીભાંડક—ઠીક છે ઠીક એને મારી પાસે આવવા દે, પછી એ નાહાનની વાત છે.

નારદ—શું કરશો ?

વીભાંડક—ઝાડના થડ સાથે બાંધી સજા કરીશ.

નારદ—પણ તમને ખબર છે કે એ તો હવે રાજા કહેવાય. સૈન્ય સાથે આવશે, તમને પકડશે, ને બળાત્કારે આયુષ્ય લેશે, માટે મારૂં જો માનો તો યુક્તિથી કામ કરો.

વીભાંડક—ત્યારે કહો મહારાજ.

નારદ—જુવો તમે હરતા ફરતા હશો તો તો જરૂર પકડશે પણ જો તમે સમાધી લગાવી બેસી જાઓ તો યુકિતથી કામ લેવાય.

વીભાંડક—ત્યારે તો એમને સમાધીમાં ને સમાધીમાંજ ઉપાડી જાય.

નારદ—હું તમારી પાસેજ ઉભો રહીશ અને તેમને કહીશ કે સમાધીમાંથી એમને ન લઈ જવાય એમ કહી તરત અટકાવીશ પછી તમે પણ તરતજ જાગજો ને બધો બોધ બતાવજો. જુવો જુવો જુવો એ ઘોડેસ્વાર આવે હવે તમે ઝટ બેસી જાઓ, જોજો હો હાલતા ચાલતા કે બોલતા.

વીભાંડક—પણ તમે અહીંજ ઉભા રહેજો, નહિતો મારો ઘાટ ઘડી નાંખશે.

નારદ—આ તમારી પાસેજ [સ્વ.] પાછો વરઘોડો કેમ જોવાય?

શ્રગીજી—હા હા પીતાજીની આ દશા!

નારદ—(સ્વ) એ નારદજીની લીલા.

શ્રંગીજી—પ્રીયા રૂષીજી કહેતા હતા તેમજ બન્યું છે

નારદ—જો નામ દેશો તો બોગજ મળશે.

**શાન્તા**—પ્રભુ એતો હરી ઇચ્છાની વાત છે

**શ્રંગીજી**—હાજતો એમાં આપણું શું ચાલે તેમ છે? ત્યારે હવે એમને ઉ-
પાડીએ આપણા હાથેજ ઉઠાવી ગંગાજીમાં પધરાવીએ.

**વીભાંડક**—નારદજી સાચી વાત છે આતો જીવ લેવાનેજ આવ્યા છે ને શું!

**શાન્તા**—પણ નારદજી કેમ ન આવ્યા ક્રીયા કોણ કરાવશે?

**નારદ**—( ચમકીને ) ઊંહુંહુહુહુહુહમણા કળાઇ જાત

**શ્રંગીજી**—એ તો ગગાજીપર પધારશે, આપણે અહીંથી ઉપાડોને એટલે
( બન્ને જણ ઉપાડે છે )

**વીભાંડક**—તત્સત્ નીરંજન નીરાકાર

**શ્રંગીજી**—આ કેવો ચમત્કાર જીવ આવ્યો કે શુ?

**વીભાંડક**—શ્રંગી?

**શ્રંગીજી**—જોજે તું બોલતી એતો હવે બલા બોલે છે

**વીભાંડક**—બલા બોલે છે કે આતે બાપા બોલે છે?

**વીભાડક**—અરે દુષ્ટ શૃગીજી રાજ્ય અન્નથી તારી આવી પ્રકૃતિઓ
ધીક્કાર ધીક્કાર પુત્રને માટે મને મારવાનો વીચાર.

**શૃગીજી**—અરે પણ કોણ કહે છે ઉઘોછો કે જાગોછો કે ભુત થયા છો.

**વીભાંડક**—તું પોતેજ હમણા ગંગાજીમા નાખવા લઇ જતો હતો હું
બધું સાંભળતો હતો.

**શૃગીજી**—બાપા આતે તમે મરેલા બોલો છો કે જીવતા બોલો છો?

**વીભાંડક**—હુ તો જીવતોજ છુ, પણ તારૂ કાળુ કરી મને મારવાને આ-
વ્યો છેના, કહેનારા મને પણ કહી ગય છે

**શૃગીજી**—ત્યારે એમજ કહોને કે એ કહેનારાજ આ સત્યાનાશ વાળી ગયા છે.

**વાભાંડક**—ત્યારે મને શા માટે ઉઠાવી ગંગાજીમાં નાખતો હતો?

**શૃંગીજી**—તમને મરેલા સમજીને.

**વીભાંડક**—હેં?

**શૃગીજી**—હે શુ હા નારદજીએ આવીને કહ્યુ કે તમારા પીતા દેવલોક પામ્યા
છે, માટે તેમની ક્રીયા કરવા ચાલો અમે આવ્યા, ઉઠાડયા ત્યાતો
તમે ટપ ઝાંકાર ચલાવ્યા એટલે અમે સમજ્યા કે તમે ભુત
થઇને આવ્યા.

**વીભાંડક**—નારદજીએજ આ ગોટાળા વાળ્યા કે?

શૃંગીજી—પાકે પાએ એતો હમણાં આ મારી શાંન્તાને પણ મારી નાંખતા હતા ને એમણે તમને શું કહ્યુ ?

વીભાંડક—મને કહ્યું કે શૃંગી, પુત્રમાટે તમારૂં આયુષ્ય લેવા આવે છે તે તમે ના પાડશો તો બળાત્કારે પણ જીવ લઇ જશે માટે જો બચવું હોય તો હમણાં તમે સમાધી લગાવી બેસી જાઓ. હું તેને સમજાવીશ.

શૃંગીજી—અને મને કહ્યુ કે એતો સમાધીમાને સમાધીમાંજ ઠેકાણે થઇ ગયા છે આવીને જોયુ તો એવુંજ દેખાયુ એટલે આપને ગંગાજીમા પધરાવાનું મન કર્યુ

વીભાંડક—ઠીક છે એ નારદજીએજ કર્યુ છે તેની શાક્ષી હુ બરાબર આપું છુ વાહ આવુ જ કરો છો કે'

નારદ—ત્યારે ખોટુ પણ શુ કરીએ છીએ'

વીભાંડક—ઘેર ઘેર આવી તકરારજ કરાવતા ફરો છો કે?

નારદ—મહારાજ જો સાચું બોલાવો તો આ ઘણા દીવસના વિયોગવાળા બાપ બેટાના ભેટા કરાવવાને આ કામ કર્યુ હતું. કહો આમાં મે શુ ખોટું કર્યુ છે ?

વીભાંડક—બહુ સારૂ કર્યું, તમે જેટલા ઉપર છો તેટલા બીજા પૃથ્વીમાં છો તમને તો નવ ગજના નમસ્કાર છે.

## ગાયન.

## ( ૨૮ )

વિભાંડક-શ્રંગીજી-શાંન્તા-નારદ-

ત્રણે જણા—નવ ગજના તમોને નમસ્કાર વા રૂષીજી
ચલાવ્યો ખુબ ગોટો તદન ખોટો જડે ના જોટો

શ્રંગીજી— શાંન્તા સમજાવી, તમે લીધુંતું રંભાનું નામ
કર્યાં ઉંધાં કામ

શાં—શ્રં— જાઓ જાઓ પ્રભુજી લાગીએ પાય

નારદ— કહ્યુ ખોટું શું કહો રૂષી રાય
ઓ નમોનમ' કામ દેવાય કામા ક્ષાય

શ્રં— હાં રૂષીરાય

ત્રણે— વા વા પ્રભુ બસ જાઓજી જાઓ.

## પ્રવેશ ૪ થો.

સ્થળ:-મહેલ.

પાત્ર:-સુલોચના ને ઇંદ્રજીત.

સુલોચના:—પ્રાણાધાર પધારો રણના પરીશ્રમને આ રણવાસમાં નીવારો.

ઈંદ્રજીત:—પ્રીયે! તારા સૌંદર્ય સુધાકરને જોતાંજ મારો શ્રમ શાન્ત થયો છે, તારા અમૃતથી મધુર વચનામૃત્ત પીતાંજ આત્મા અમર થયો છે. આવ આવ પ્રીયે સમાવ સંતાપ, ઉત્સાહથી સ્નેહાલીંગન આપ.

સુલોચના:—હા. હા. ના. ના.

ઈંદ્રિજીત:—હા. હા. ના. ના એટલે શું પ્રણુયમાન કે વલ્લભા હોય સ્વભાવથીજ રતીવામ.

સુલોચના:—એતે રતીના સ્વભાવથી કંઇ ભગવાન ન હોય અણુજાણુ.

ઇંદ્રજીત:—પ્રીયે! એકાએક આમ વ્યાકુળ થવાનું કારણુ શું?

સુલોચના:—નાથ! વાનર સેના સહીત રામ લક્ષ્મણુ યુદ્ધ માટે આવ્યા એ સાંભળી મારૂં મન અતીષય વ્યાકુળ છે.

ઈંદ્રિજીત—પ્રીયે એમાં વ્યાકુળ થવાનું કારણુ શું?

આ મારા વજ્રશસ્ત્રે કપિદળ પર્વતો ચુર્ણુ થાશે.
વર્ષાની વૃષ્ટિ જેવાં અગણીત શરથી સૈન્ય અગ્ની બુઝાશે,
ઝંઝાવાતે બીચારા સમરવીમુખ થઇ તણુખલા ઉડી જાશે
ને મારા અગ્ની જેવા પ્રખર શરવીષે એ પતંગો બુઝાશે.

સુલોચના—હા પણુ સ્વામીન્

શ્રીરામ સ્વામી જગદેક વીર છે
તે જાણી મારૂં મન આ અધીર છે.
જીતો રણે ના જય લક્ષ્મી કાન્તને.
તે જાણી મન આ અતીષય અશાત છે.

ઈંદ્રિજીત—પ્રીયે! શંકા છોડ, પ્રાત:કાળ થતાં સૂર્યની પ્રભા જેમ અંધકારનો નાશ કરે છે, તેમ હું તે દુરમત વાનર સેનાનો રામલક્ષ્મણુ સહીત અલ્પકાળમાં નાશ કરીશ, હાલ જઇ દેવી નીકુંભલા ને યજ્ઞ બલીદાનથી પ્રસન્ન કરીશ તેનાથી અક્ષય વરદાન લેઇશ.

**સુલોચના**—તથાપી સ્વામીન્! અવિનાશી પ્રભુ નાશશે થશે?
**ઇંદ્રજીત:**—અવિનાશી જગમાં શી વસ્તુ છે?
**સુલોચના:**—તદપિ પ્રભુ રામ વીષ્ણુ છે.
**ઇંદ્રજીત:**—પ્રભુ તારો મહા વાષ્ણુ જીષ્ણુ છે
**સુલોચના:**—રણવાસ ત્યાગી રણવાસમા જશો?
**ઇંદ્રિજીત:**—રણુવાસને છે રણુવાસ એક શો?
પ્રીયે સુલોચના! આ વીર ઇંદ્રિજીત' આ રણુવાસને ને તે રણુ-વાસને એક સરખા સમજે છે.
**સુલોચના:**—હા આ રંગના આનંદમા રંગના પ્રસગમાં ભંગ ક્યાંથી પડયો?
**ઇંદ્રિજીત:**—પ્રેયસી' મને રતિ રગમા જેટલો આનંદ થાય છે તેટલો જ આનંદ મને રણુ રંગમા થાય છે. હું તે રણુભુમીને અંતપુર જ સમજુ છું.
**સુલોચના:**—અસ્તુ તો સ્વામી મંગળ શુકન લેઈ વીદાય થાઓ, રણુવાસમાં સેના સુદરીથી રમી રણુવાસમાં રમણીસહ રમવા જલદી આવો.
**ઇંદ્રિજીત**—હા શું એ આનિઃશંક લ કપતિ યુવરાજને શકુનની આવસ્યકતા! મારા ધનુષની પ્રત્યચાનો ટંકાર સાભળતાંજ તે રામલક્ષ્મણુ ગત પ્રાણુ થશે મારા અસીમ બાહુપર ધારણુ થયેલી શકતી ચંડી વિદ્યુત્ સમી તલવાર વાનરોના કઠદેશ પર ઉતરશે, તો પ્રીયે મને શકુનની આવશ્યકતા નથી, માત્ર તારી આજ્ઞાનીજ આવસ્યકતા છે.
**સુલોચના**—અસ્તુ પ્રભુ આપનું મંગળ થાઓ, વિજય થાઓ

**ગાયન.**

**સુલોચના**— ( ૨૯ )

જાઓ જાઓ પીયુ જાઓ જાઓ ખુશીથી રણુમાં
મુજ ચીન્તા ન ધરો રતિ મનમાં જાઓ.
પિતામહ ગુરૂ ઇષ્ટ અંબીકા આવી રહે નીજ તનમાં
શેષ શ્વસુર સહશ્રીપતિ સાથ વસો તમ હ્રદય ભવનમાં
જીત કરી જવ આવી મળશો રાખીશ રગ ભવનમાં
અગર જો સ્વામી સ્વર્ગ સીધારશે, સતી થઇ રહીશ ચરણુમાં—જા.

# પ્રવેશ ૫ મો.

સ્થળ:—નીકુંભલા દેવીનું મંદીર અને ઇંદ્રિજીતનો યજ્ઞ.

પાત્રો:-ઇંદ્રિજીત, વીભીષણ, લક્ષ્મણ, હનુમાન, રાવણ, રામ વિગેરે.

**ઇંદ્રિજીત**—દેવી મહાશક્તી મહાકાળી, તારા કૃપાપ્રસાદથી આ વીર ઇંદ્રજીતે ત્રણે લોક જીત્યા, એટલુજ નહિ પણ રામ લક્ષ્મણ સાથેના મહા યુદ્ધમા પણ તે મને વીજયશાળી કર્યો દેવીમાતા પ્રણામ (એમ કહી યજ્ઞ કરવા બેસે છે) ૐ અગનયે સ્વાહા, ૐ સોમાય સ્વાહા.

**વીભીષણ**—(પ્રવેશી) સાવધાના ઠીક થયુ કે આપણે મદીરના ગુપ્ત દ્વારથી યજ્ઞ પહેલા આવી પહોચ્યા. જો યજ્ઞ સમાપ્ત થશે તો યુદ્ધમાં તેને જીતવો મુશ્કેલ પડશે, માટે જાવ તેનું કવચ ટોપ વિનાના શરીર પરથી મસ્તક ઉડાવ

**લક્ષ્મણ**—ઇદ્રજીત સાવધાન!

**ઇંદ્રિજીત**—છોકરા તુ કોણ?

**લક્ષ્મણ**—તારો કાળ લક્ષ્મણ.

**ઇંદ્રજીત**—મને નિઃશસ્ત્ર ધારી અહી આવ્યો?

**લક્ષ્મણ**—હા તારા કાળેજ મને અહી મોકલાવ્યો.

**ઇંદ્રિજીત**—તુ ચડાળ મહારો કાળ?

**લક્ષ્મણ**—હા, પાપાત્મા હવે નકી સમજજે કે અલ્પ કાળ માટેજ આ તારી જીવનદોરી ટકી રહી છે, ચાલ સાવધાન!

**ઇંદ્રિજીત**—રે લક્ષ્મણ! પ્રથતના યુદ્ધમા તેં મારા હાથ અને પ્રતાપ જોયા છે, છતા મૃત્યુની અપેક્ષાએ તુ અત્રે ચાલી આવ્યો, તો આવ ભલે આવ, આ મારી પ્રચડ રણચંડીના બલીદાન માટે મને એક તારા જેવા યુદ્ધવીર કુમારની જરૂર હતી, હું તેની ચીંતામાંજ હતો, તો હવે ચાલ સામે થા.

**લક્ષ્મણ**—રે ગર્વાધ ઇદ્રજીત! એક વાર તું યુદ્ધમાં ફાવી ગયો, તેથી તું ફુલાઇશ નહિ જો તારામા પુરૂષાર્થ હોય તો પ્રત્યક્ષ કરી બતાવ.

**ઇંદ્રિજીત**—છોકરા! હનુમાન, અંગદ તથા સુગ્રીવના ફેંકેલા પર્વતો જેની વજ્ર છાતીમા અથડાઇ ચુર્ણ થાય છે નળ, નીલ અને જંબુવાનનાં ફેંકેલા વૃક્ષો જેની ભુજાની ચકીમા પીશાઇ ચુર્ણ થાય છે, તેને તારા પુષ્પવત્ શસ્ત્રનો શુ હીસાબ છે? એક વાર આ કાળ રાહુના ઙ

સ્તથી બંધાયેલા તું અને તારા રામચંદ્રનો ફરીથી ઉદય થવાની આશા રાખીશ નહિ. અહી સીતાની શોધ લાવનાર વાનર હનુમાનનું પરાક્રમ કામ આવશે નહિ. અહી લંકાને બાળવાનો પુરૂષાર્થ કરનાર તારા ભાઈ રામનો યત્ન સીદ્ધ થશે નહિ તારા મૃત્યુના શોકનો સમુદ્ર ઓલંગવાને તારો ભાઇ રામ કોઇ પણ રીતે શક્તિવાન થશે નહિ રે લક્ષ્મણ આજે હું તારા પ્રાણ લેઈશ રણસંગ્રામમાં પડેલા તારા શેષ દેહને શીયાળ ગીધ અને બાજ પક્ષીઓ તોડી પાડશે અને આ રીતે તને સમર શૈય્યામા સુતેલો જોઇ તારો ભાઇ રામ અત્યંત કલ્પાત કરશે.

**લક્ષ્મણ**—ઇંદ્રજીત! સંભાળ જો આ કાળાત અગ્નીના જેવુ પ્રકાશમાન દીવ્ય બાણ તારા ઉપર પડશે અને તેથી આ તારૂ પ્રમત્ત મસ્તક રણભૂમી ઉપર કપાઇ પડશે અને તે પડતાંજ સુરાંગના દેવી સ્ત્રીઓના હાથથી થતી પુષ્પ વૃષ્ટિ આકાશમાથી નીચે પડશે અને તે સાથેજ તારા અંતપુરની રાક્ષસ સ્ત્રીઓની આખમાંથી નીકળતાં ચોધાર આંસુઓની ધારા પણ પૃથ્વી ઉપર પડશે માટે સાવધાન.

( લડાઇ ) ( રાવણના હાથે ઇંદ્રજીતનો વધ )

**રાવણ**—હા! હા! સર્વસ્વ નાશ! બંધુ વીનાશ! પુત્રવીનાશ! હા રામ ક્યા તે રામ! મારો દુશ્મન રામ

**વીભીષણ**—પ્રભુ! આ રાવણ કુટુમ્બ ઘાતથી ઉન્માદ દશાને પામેલો રણઘેલો આપની સાથે યુદ્ધ કરવા ધસી આવે છે.

**રાવણ**—હા ચંડાળ, દેશદ્રોહી, કુળદ્રોહી, બંધુદ્રોહી વિભિષણ! તુ ગર્ભેઘ પાપીના પાપેજ આ સુવર્ણમયી લંકા આજે સ્મશાન થઇ છે સમસ્ત દેશ રાજ્ય જાતિ અને કુટુમ્બની હાલત આજે નાશવાન થઇ છે. હા પાપી સર્વ વંશનુ નિકંદન કરાવી હવે કેટલો કાળ જીવંત રહેશે.

ચંડાળ તુ આવી રહી દુશ્મનના શરણમા,
ગર્ભેઘ થઇ ઘરની ઇજ્જત લુટાવી અરણ્યમા;
પુત્ર ઇંદ્રજીતને રઝળાવી રણમાં
મા'લીશ શુ સુખે તુ હવે આ લંક ભુવનમા.

**વિભીષણ**—સાવધાન! ( લડીને નાસી જાય છે

રાવણ—હા, રામ, ક્યાં તે રામ મારો શત્રુ રામ !

લક્ષ્મણ— જે જ્ઞાન ચક્ષુ અંધ છે અજ્ઞાન પડલથી,
સુઝે ન તે અજ્ઞાનને મુર્તિ રઘુવીરની;
જો ઓળખી લે ઇંદ્રિજીતનો કાળ હું લક્ષ્મણ,
મુજથી કરી વિજય જા પછી રામને તું શરણ.
અગરતો પ્રભુ ચર્ણકમળ ભૃગ બની જા.
અગર તો પ્રભુ કોપાગ્નિમા પતગ બની જા.

રાવણ—અહા લક્ષ્મણ ! ઇંદ્રજીત કાળ ! હું બંને ચંદ્રનો ગ્રાસ કરનાર આતુર રૂપ ચંદ્રહાસ ખડ્ગ અવસ્ય તારા પ્રાણ લેશે.'

લક્ષ્મણ—સાવધાના! (લક્ષ્મણનું પડવુ.)

રામ—હા બધુ વિનાશ થયો !

રાવણ—હે રઘુવશમા જન્મેલા રામ ! તુ મારા પૌલત્સ્ય વંશને પાયમાલ કરી હવે ક્યાં જઈશ. વાદરા, માકડા અને રીછડાંની મદદ માંગી નિર્દોષ વાલીનો નાશ કરનારા રામ ઉભો રહે, આ મારી ભયંકર ગદાથી દશે દિશાઓને ગજાવી ધરાને ધુજાવું છું, અને મારા બાહુબળમાથી છુટેલાં પ્રચડ બાણોવડે તારા શરીરને વિંધી નાખું છુ.

રામ—રે નિષ્ઠુર રાવણ ! બહુ બોલીશ નહિ, બોલી-બોલીને તેં બધું કુળ ખોઈયું છે. આકાશ-પાતાળ અને પૃથ્વી ઉપર પડેલો તારા પુણ્યનો પ્રભાવ આજે એક નિર્દોષ સતીના નિશ્વાસ અગ્નિમા અસ્ત થાય છે. જો જો હમણાજ તારા મુગટ સહિત દશે મસ્તકો ધુળમાં રોળાય છે.

રાવણ—હુ અમર છું, મારો ચૌદ લોકમા વાકો વાળ કરનાર કોણ છે ? તું મનુષ્ય છું, હમણા ને હમણા તને મોરનાં પીંછાની માફક પીંખી નાખું છુ

રામ—રે મૂઢ રાવણ ! અધમ રાક્ષસ, વેદના ખંડ કર્યા પણ વેદ પ્રસન્ન ન કર્યા, તેથીજ તને પરસ્ત્રી હરણ કરવાની પાપબુદ્ધિ સુઝી, તારૂં તે પાપ તને ખાય છે, માટે સાવધાના!

( લડાઇ રાવણનું પડવું. )

રામ—લકેશ રાવણ તારી સદ્ગતિ હો, જે સ્થાન યુદ્ધમા વીરપુરૂષોને પ્રાપ્ત થાય છે, તે અનંત ધામમા તુ સુખી રહો.

વિભીષણ—રાવણનો શોક મારા હૃદયને બાળે છે.

રામ—વિભીષણુ શાન્ત રહો. ભાઇની અતીષ્ટ ક્રીયા કરો, લંકાને રાજ્યાસન ધારણુ કરો, સુખી રહો.

વિભીષણુ—પ્રભુની જેવી આજ્ઞા.

રામ—વીર લક્ષ્મણુ ! જાઓ તેમને લંકાનો રાજ્યાભિષેક કરો, વીર હનુમાન, તમે દેવી સીતાને અત્રે લેઇ આવો.

હનુમાન—પ્રભુની જેવી આજ્ઞા.

## પ્રવેશ ૬ ઠો.

સ્થળ:—સુલોચનાનો મહેલ.

પાત્ર–સુલોચના પાછળથી મંદોદરી.

ગાયન.

સુલોચના–સખીઓ– (૩૦)

સખી—શાને અલી કરમાવે ચંદ્ર વદન આ
રાજ યુવરાણી હે શાણી ગુણુવાન

સુલોચના–ક્યારે પીયુ દર્શનથી ઠારૂં નયન આ

સખી—રાજે એ પ્રતાપી પુન્યશાળી શ્રીમાન

સુલોચના—પ્રાણુજીવન વીના સુની આ જીંદગાની છે

સખી—ચદ્ર વીના નીસ્તેજ રજની રાણી છે

સુલોચના—નાંખ્યું તન મન ધન જીવન ઓવારી આ

સખીઓ—વેલી વય બાળમાં ખીલી પુર બહારમાં
દીસે ગુલજાર આ વાહ વાહ વાહ
ભ્રમર વીણુ ખાલી આ વેલી બાલી

સુલોચના—આમ તમે મને નાહક ના છેડો જા....ઓ

સુલોચના– સખી ચીંતા મન થાય રાજ રણે સીધાવીઆ
સંશય એ મનમાહી કદી આવ્યા કે ન આવશે.

સખી— જીત્યા દશ દીગપાળ જીત્યા ઇંદ્ર સમાઅરિ
ઇંદ્રજીત મહીપાલ તે માટે શંષય તજો

સુલોચના—આ વાનર વીકાળ વેર પૂર્વનું વાળવા.
ને બે ક્ષત્રીબાળ કાળસ્વરૂપે અવતર્યા.
સખી— પ્રલયકાળનો મેઘ એવી જેની ગર્જના
વીજ સરીખા વેગ છે જેની તલવારમાં
સુલોચના—શુન્ય દીસે આ વાસ શયન ભુવન પણ વન સમું
શુન્યકાર ચોપાસ જડવત્ કાયા આ બની
નાથ નાથ હે નાથ અગ્નિ સાગર ઉછળ્યો
ધરો ધરો આ હાથ બળતી બાળા લ્યો ધરી.
( હાથનું પડવું )
હાથ હાથ આ હાથ નક્કી હશે યુવરાજનો
કંકણ વીંટી સાથે આજ અહીં આવી પડયો.
આ તેજ હાથ કે જેણે મહા બળી હાથ કર્યાતા
આ તેજ હાથ કે જે યમરાજની સાથ લડયા'તા
આ તેજ હાથ કે જે મારા હૃદયહાર થયા'તા
આ તેજ હાથ કે જે મારા સુખઆધાર થયા'તા.
હા નાથ ! હા સ્વામિન્ !
દાસી—દેવી શાન્ત થાઓ ! ધીર ધરો સામેથી રાજમાતા આવે છે હા
પ્રારબ્ધ પળભરમાં શુ વિચિત્ર લીલા બતાવે છો
મંદોદરી—[પ્રવેશી] બેટા વહુ સુલોચના!
સુલોચના—સુલોચના કહો નફુટી લોચના કહો
હે માત કહો કહો ક્યાં ગયો કુમાર આપનો
પુત્રી તમારીનુ કર્યું જીવન સહુ વૃથા
હા ક્યા ઉચ્ચારૂ વાત કહુ ક્યા જન્મની કથા.
મંદોદરી— હા સાંભળી બેટા સપુત મારાના બુરા હાલ
તોડું આ તનની ખાલકે તોડું આ શીર વાળ
જેનાથી હું યુવરાજની માતા ગણાતીતી
નિહાળી જેને સ્નેહથી છાતી ભરાતીની
તે છાતી હા ચીરાય છે સંભારતાં સુત વ્હાલ
રે હા વિધાતા દુષ્ટે કીધો કુવરનો કાળ
સુલોચના—હા પ્રાણેશ ! હા હૃદયેશ ! આવું છુ, નાથ આવુ છું, આપના
સ્વર્ગ સુખની સમભાગી થવા આવું છું.

**મંદોદરી**—બેટા સુલોચના પુત્ર ગયો, તું પણ શું જવા ચાહય છે!

**સુલોચના**—માતા માતા પતિના શુભ સમાગમમાં મને વિલંબ થાય છે,
હા પ્રાણનાથ! આપના આ હાલ કોણે કર્યા? આપ અજીત વીર
છતાં કોનાથી પરાજીત થઇ રહ્યા?

**દાસી**--જરૂર આ સંદેહ કેમ ટળે, દેવોથી અનેક વરદાન મેળવ્યા છતાં તે
મહાવીર એકાએક શાથી મરે?

**સુલોચના**—સખી! જો સદેહ ટાળવો હોય તો પત્ર કલમ લાવ, મનનો સંશય
મટાવ, હે સ્વામીન!

જો મન વાણી કર્મથી, તજ્યો ન પતિવૃત ધર્મ,
તો હે નાથ લખો તમે, કોણે કર્યું અકર્મ.

( હાથનુ લખવું, દાસી પત્ર લેઇને વાંચે છે. )

**દાસી**-- લખ્યા વીધિના અંકને ફરી લખે શું હાથ,
યજ્ઞ ધ્યાનમાં લક્ષ્મણે કર્યો વીરનો ઘાત

**સુલોચના**--હા લક્ષ્મણ રામચંદ્રનો ભાઇ, તેના હાથેજ આપની આ
દશા થઇ?

[ અંતરીક્ષમાં ]

જનમ્યું જે આ જગતમાં, કોણ અમર રહેનાર;
નાશવત તન કારણે વ્યર્થ શોક નવ ધાર.

**સુલોચના**--માતા પુત્રવધુને આજ્ઞા કરો, હવે વિલંબ થાય છે, નક્કી
હવે હું જઇશ.

**મંદોદરી**—હે, કયા જઇશ?

**સુલોચના**—જ્યા મૃત્યુનો ભય નથી જ્યાં દુઃખ કે કલેશ નથી, ત્યાં પતિના
ચર્ણધામમાં, પ્રભુના અનંત ધામમા, પ્રાણેશ ઉભા રહો, ઉભા રહો,
હાલ આવુ છુ. જય અંબે.

**સખી**—દેવી, સતીને સત ચઢયુ છે. હવે યત્ન નીષ્ફળ છે, સતીને કુમ કુમ
અક્ષતથી વધાવો, લાવો પુજા સાહિત્ય લાવો

**મંદોદરી**—હા, દેવી સુલોચના આ શી દશા! બસ આજથી પલટાઇ રા-
ક્ષસવંશની ભાગ્ય દશા.

## પ્રવેશ ૭ મો.

---

સ્થળ:—રણભુમિ.

પાત્રો-રામ, લક્ષ્મણ, વીભીષણ, પાછળથી સુલોચના,

લક્ષ્મણ— જે વીર ઇંદ્રજીતના નાદે ધરા ધ્રુજે
ને તીર જેના કાળના ભમરા સમા ગુંજે
કીર્તી ધ્વજા જેની દસે દીશા ફરકતી હતી
ને શત્રુની છાતી જેના દમથી ધડકતીતી
વૈરી વખાણે ઘાવ જેના યુદ્ધ આંગણે
શીર તેનુ પડયું ધુળમા રોળાતું હારણે
પડે તે નકી જે ચઢે મદ આસમાનપર
ધીકાર આ સંસારની ઉલટી ગાત ઉપર

ગાયન.

સુલોચના—(પ્રવેશી) ૩૧

નીશ્ચે નમ્યો મધ્યાનથી હા અસુરનો રવી
હા હા પડયા શું રણુમાં ઇંદ્રજીત રાજવી
હા કાળના ચક્કરમાં પ્રાણી સૌ પીસાય છે
જયાં છોટા મોટા સર્વનો સમાન ન્યાય છે
જે સુર ને આસુરના શીરોમણી પતિ
દીગંત્તમાં કીર્તિ ધ્વજા જેની ફરકતીતી
યમરાજ જેના ત્રાસથી ડરતા હતા સદા
બ્રહ્માંડને ઉઠાવતા જે એક હાથમાં
અહો સ્વામી અહો સ્વામી ગયા કયાં છુપાયા કયાં
અહો રણવીર વરનામી ગયા હા. કયાં છુપાયા કયાં.

સુલોચના—શીરતાજનું શીર યાચવા આવી છુ સ્વામી શરણુમાં
તજી લાજ હે મહારાજ જાણી હાલ સ્વામી મરણુના
સીંધુ દયાના સ્વામી છો લાવો દયા દીન બાળપર
વીનવે સુતા આ આપની કહો કયાં સુતા શ્રી રાજવર

**વીભીષણ**—મહારાજ! આ રાવણની પુત્રવધૂ, ઇંદ્રજીતની વહુ, પુત્રી સુખી રહો

**સુલોચના**—બસ પીતાજી, બસ કરો, હૃદય ઉપર આઘાત કર્યો છે, ઇંદ્રજીત જેવા મહાવીર સપુતનો આપે આપનાજ હાથે ઘાત કર્યો છે. આપ હવે જીંદગીભર પુલત્સ્ય વંશના વિધ્વંશ સાથે દેશદ્રોહી કુટુમ્બદ્રોહી કુળદ્રોહીના કલંક સાથે આ સુવર્ણમયી લંકનગરીનો રાજમુગટ શીરે ધરો સુખી રહો.

**વીભીષણ**—હા દેવ, કેવી દુર્દશા મારી! આ સતીના અસહ્ય શબ્દો મારા હૃદયને ચીરે છે.

**રામ**—વત્સા, ચીરંજીવ રહો

**સુલોચના**—બસ પ્રભુ! હવે એ આશીષ મને શ્રાપ સમાન છે જ્યાં મારા પ્રાણાધાર છે, ત્યાજ હવે મારા પ્રાણ છે, પ્રભો આશીષ દયો, સાથે આ મારા મસ્તકમણીનુ મસ્તક મને દયો.

**રામ**—મહાવીર શીર લેઇ આવી સતીને સ્વાધીન કરો.

**સુલોચના**—હે રામ આપ સાક્ષાત ધર્મમૂર્તિ છતાં શુ આમ કરવુ આપને ઘટીત લાગ્યુ! જે રાજ્યના સાચા હકદાર મોટા ભાઇ વાલીનો ઘાત કરી નાના ભાઇ સુગ્રીવને રાજ્ય આપ્યુ હા અહી રાવણના સમસ્ત વંશનો નાશ કરી વીભીષણને રાજ્ય આપ્યું હા અંગદને યુવરાજ કર્યો તો મારા આ સ્વામી શીરતાજ ઇદ્રજીત યુવરાજના આપે પ્રાણ હર્યા એટલી કૃપા મારા ઉપર વીશેષ કરી પ્રભુ!

**રામ**—પુત્રી તારા શબ્દો મારા હૃદયમર્મને ભેદે છે પૂર્વજન્મના કૃત સંસ્કાર પ્રમાણે બન્યા જાય છે, તેમા મનુષ્ય તો એક નીમીત્ત સમજાય છે માટે હુ અગર લક્ષ્મણ કે વીભીષણનો તેમા કાઇ દોષ નથી

**રામ**—દેવી! વીલાપ છોડો, કંઇ દીલને કઠણ કરો, કલ્પાતને છોડી હવે કંઇ શુદ્ધ મન કરો

કહો તો સતી અરપુ પતિને જીંદગી નવી,
કહો તો બનાવું લંકનો [illegible] રાજવી.

**સુલોચના**—પ્રભુ ! નશ્વર જગતના ભોગની લાલચ નથી મને
ચાહું છું સ્વામીનાથના ચરણે ગતી મને
જન્મ્યું જગતમાં એક દિન નક્કી જનાર છે.
તો શે જીવન ચાહું ફરી મરવાને કારણે

**રામ**— તારા પતિવ્રત ધર્મે તમો મોક્ષગામી હો
અનત પદમા તું અને તારો સ્વામી રહો

**હનુમાન**—સતી સુલોચના તમારા પતિવ્રત ચરિત્રનો કઇ મહીમા બતાવો
અમ પામર વાનરોને કૃતાર્થ બનાવો

**સુલોચના**—હા નાથ ! પ્રથમ જેમ મારી સાથે હસતા હતા, તેમ એકવાર હસોને મારા પતીવ્રત ઉપર સદેહ લાવનાર આ વાનરોનો સંદેહ દૂર કરો

હુ તનથી મનથી વચનથી જો ન ચુકી નીજ ધર્મ
તુચ્છ પ્રાણ કરતા કદી માન્યુ પતિવ્રત પર્મ
તો હે નાથ નમી નમી કરગરી કહુ આ વાર
હસો હસો હે હ્રદયમણી હ્રદય જીવન આધાર

**સુગ્રીવ**—એ તે કદી બનશે, કપાઇ ગયેલુ મસ્તક તે કદી હસશે ?

**સુલોચના**—હા નાથ શુ નહીજ હશો?
સ્વામી મને શુ જગતમાં જુઠી બનાવશો.
આ નામ ઉપર મહારા દુનીઆને હસાવશો

હા જો હુ પ્રથમથીજ જાણુતી હોત કે આપ મહા બલીની અતે આ દશા થશે એક મહાવીર ઇદ્રિજીત સામાન્ય વાનરોથી મૃત્યુ પામશે, તો અવશ્ય આપની સહાય માટે પાતાળમાથી મારા પિતા શેષનાગને લાવત કે જેથી આપ આ હાલને કદી ના પહોચત હા દૈવ !

( મસ્તકનુ ત્રણુવાર હસવુ !)

**સર્વ**—ધન્ય સતી ધન્ય છો!

**હનુમાન**—પ્રભુ ! આ કેવો આશ્ચર્ય બનાવ !

**રામ**—એ મહા સતીના પતિવ્રતનો પ્રભાવ.

હનુમાન—પ્રભુ! મસ્તક હસ્યું. કારણ શું ?

રામ—હનુમાન તેનો ભેદ અગમ્ય છે, જો સાભળ.

માયાના આવરણમાં જીવ બની અજ્ઞાન
ઘાટ ઘડે ઘટમાં નવા દૈવગતિ બળવાન

જેની સહાય સતી ચહે તેજ હણે નીજ કંથ
સુતા કરી વિધવા કરે શ્વસુર જમાઇ અંત

સુલોચનાના તાત જે શેષનાગ અવતાર
લક્ષ્મણરૂપે અવતર્યા દશરથને દરબાર.

સુલોચના—હા તાત! હા પિતા! શુ લક્ષ્મણ પોતેજ મારા શીરછત્ર પિતા! હા પિતા આ શુ ઉત્પાત! શુ પિતાના હાથેજ પુત્રીના સૌભાગ્ય કંકણ ઉપર આઘાત!

લક્ષ્મણ—હા દેવ! હુ પાપીથી આ શુ અનર્થ થયો. બંધુ રામ, હું ભમીત ચીત થયો, સર્વ હીમત હારી ગયો, હે આર્ય રામ આપ સર્વજ્ઞ છતા આ નીકટ સંબધ મને કેમ વીદીત ના કર્યો!

સુલોચના—પિતા લક્ષ્મણ! અંત સમય આપના પવિત્ર દર્શન લેઈ હુ મારા સ્વામી સાથે પહોચીશ. અનતધામ પ્રભુ આપસુખી રહો.

લક્ષ્મણ—હા પ્રભુ! આ દેખાવ હું જોઈ શકતો નથી. પુત્રીને વૈધવ્ય! હા મારાજ હાથે! સુલોચના, વત્સ સુલોચના, અવશ્ય મેં તારા સુખ સૌભાગ્ય પર આઘાત કર્યો, તારા શરીર શૃગાર ઈંદ્રજીત જેવા મહા બલી વીરનાયકનો મેં ઘાત કર્યો, વત્સા, તો પણ તુ દયાળુ થઇશ હું પાપાત્માને તારા દગ્ધ અંતરથી શ્રાપ ના દઇશ.

રામ—બંધુ ગઇ વાતનો શોક કરવો એ અજ્ઞાન છે. ઇશ્વરની અગમ્ય ગતિને પહોંચવા જીવાત્મા નાદાન છે નિર્વીકાર જીવાત્મા મોક્ષ દશામાંથી છુટી જ્યારે માયાની જાળમાં ફસીને ભુલે છે, ત્યારે તે અવિદ્યાના વ્યાપારમાં કુદે છે ત્યારે તે અનિત્ય સંસારના જુઠા કારભારમા ગુંચાય છે. પિતા પુત્ર,—ભાઇ—બેન સ્નેહી સબંધી આદી કુટુમ્બ પરીવારના જુઠા સંબધમાં જોડાય છે, યથાર્થમાં તો "કોના છોરૂ કોના બાપ, જીવ એકલો આપો આપ."

**લક્ષ્મણ**—પ્રભુ આપનો યથાર્થ વિચાર છે, વેદાન્ત શાસ્ત્રનો પણ એજ સાર છે.

**સુલોચના**—પિતાજી, આશીષ!

**રામ**—જાઓ સતી ધર્મપરાયણા સાધ્વી તમારી અચળ ગતિ હો. સ્વામી સહીત સંસાર બંધનથી મુક્ત હો.

( લોકોનું જય અંબે જય અંબે બોલવુ અને સતીનું અગ્ની પ્રગટી બળી મરવુ. છેવટે વિભીષણને રાજ્યાભિષેક ) અને આનંદ.

સંપૂર્ણ.